# ઉમંગની ફોરમ



ઉમંગ વિનાનું જીવન,
જીવન છે ખરું ?
-ઉમંગ

સંકલન : ઉમંગ ધીરજલાલ દેસાઈ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



પૂજ્ય પિતાશ્રી હરખચંદ હરજીવનદાસ દેસાઈ

જન્મતારીખ : ૩૦-૭-૧૯૧૪ અરિહંત શરણ : ૧-૩-૧૯૯૨

જીવનનું મહાન કર્મ છે, હોવું - કરવું - ચલાવી લેવું
અને ચાલતા થવું.

આપનું જીવન જગતના માટે દ્રષ્ટાંતરૂપ બન્યુ એવું
આપ જીવી ગયા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# જૈન દર્શન - જિનવાણી

ક્રોડો જનમના સંચિત કર્મોને **સમતા** એક ક્ષણમાં ખપાવી દે છે
સૂર્ય પ્રકાશ જેમ અંધકારને.

**અધ્યાત્મસાર, સમતાધિકાર શ્લોક ૨૨**

પ્રારબ્ધ કર્મ પ્રમાણે પ્રાપ્ત સુખ-દુ:ખ, સંપત્તિ-વિપત્તિ, માન-અપમાન, લાભ-અલાભ, જય-પરાજય ને નિર્દ્વન્દ્ર ભાવે વેદી લેવા - તેના દૃષ્ટા રહી રાગ કે દ્વેષનો વિકલ્પ કર્યા વિના તેમાંથી માત્ર પસાર થઈ જવું. **એ જિનેશ્વરદેવે સ્વયં આચરેલું તપ છે; એમના અનુયાયી થનાર માટે એ જ પ્રમુખ સાધના છે.**

**આત્મજ્ઞાન અને સાધનાપથ, પૃષ્ઠ ૧૯૨**

પ્રારબ્ધ પ્રાપ્ત પ્રસંગ, પરિસ્થિતિ, વ્યક્તિ સામે ફરિયાદ નહિં પણ તેનો શાંત સ્વીકાર. બધું જ સ્વ-અર્જિત છે, કર્મના ગણિત મુજબ જ પ્રાપ્ત થયું છે. એ શ્રદ્ધા-સમજ સાથે અભાવ (દ્વેષ) કે આસક્તિ વિના, બાહ્ય તેમજ અંતરંગ ઘટના પ્રવાહને કશા ભય કે વળગણ વિના નિરખી લઈ જ્ઞાતા-દ્રષ્ટા ભાવમાં રહી - પસાર થઈ જવું **એ શ્રેષ્ઠ તપ છે.** વિકારોથી વિમુક્તિનો ઉત્તમ ઉપાય છે.

**ઉપાધ્યાય યશોવિજયજી, અમૃતવેલની સજ્ઝાય**
**ગાથા ૨૫-૨૮**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સમતાથી દર્દ સહું

(રાગ દેવાધિદેવ)

સમતાથી દર્દ સહુ, પ્રભુ એવું બળ દેજો,
મારી ભક્તિ સાચી હોય તો, પ્રભુ આટલું બળ દેજો, સમતાથી

કોઈ ભવમાં બાંધેલા, મારા કર્મો જાગ્યા છે.
કાયાના દર્દ રૂપે, મને પીડવા લાગ્યા છે, સમતાથી
આ જ્ઞાન રહે તાજું, એવું સિંચન જળ દેજો.

દર્દોની આ પીડા, રોવાથી મટશે નહિ,
કલ્પાંત કરું તો એ, આ દુઃખ તો ઘટશે નહિ, સમતાથી
દુર્ધ્યાન નથી કરવું, એવું નિશ્ચય બળ દેજો.

નથી થાતી ધર્મ ક્રિયા, એનો રંજ ઘણો મનમાં, સમતાથી
મનડું તો દોડે છે, પણ શક્તિ નથી તનમાં,
મારા ભાવ પૂરા થાયે, એવો શુભ અવસર દેજો.

સમતાથી

**ઉમંગ ! આ રચનાનું વારંવાર રટણ કરતાં કરતાં તેં કર્મના ગણિતનો શાંત-સમતાભાવે સ્વીકાર કર્યો હતો, જેથી તું સમાધિમરણ પ્રાપ્ત કરી સદ્ગતિ પામ્યો.**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પરમ સ્નેહી શ્રી. વિનોદરાય ખીમચંદ શાહ -
દાદાવાળા -

# ઉમંગની ફોરમ



ઉમંગ વિનાનું જીવન,
જીવન છે ખરું ?
-ઉમંગ

સંકલન : ઉમંગ ધીરજલાલ દેસાઈ

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# Umang ni Foram

# ઉમંગની ફોરમ

સંકલનકર્તા : શ્રી ઉમંગ ધીરજલાલ દેસાઈ

પ્રથમ આવૃત્તિ

જૂન - ૨૦૦૫

પ્રકાશક :

**હરખચંદ હરજીવનદાસ દેસાઈ પરિવાર**

**C/o. ધીરજલાલ હરખચંદ દેસાઈ**

૩૦૬, પૂજા અભિષેક, પ્રિતમનગરનો ૧લો ઢાળ,

એલીસબ્રીજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬.

ફોન : ૨૬૫૭૭૯૦૫

**આનંદ હાર્ડવેર એજન્સી**

મીરઝાપુર - સરખેજ અમદાવાદ.

ફોન : ૨૬૮૯૦૮૩૩, ૫૫૨૪૮૬૩૩

(સર્વ હક્ક પ્રકાશકને સ્વાધિન)

ટાઈપ સેટીંગ - ડીઝાઈન

**યાત્રા ગ્રાફિક્સ**

ફોન : ૨૫૫૦ ૬૧૪૯

મુદ્રક :

**પોઈન્ટ માર્ક**

૧૭, બીજે માળ, ગ્રાન્ડ હોટલ બીલ્ડીંગ, અમદાવાદ મોટર્સની પાછળ,

દીનબાઈ ટાવર સામે, લાલ દરવાજા, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.

ફોન : ૨૫૫૦ ૭૯૧૩, ૨૫૫૦ ૦૨૬૦



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# સ્મરણની આરસીમાં ભાવાંજલિ

વ્હાલા ઉમંગ,

તેં જીવનની છેલ્લી પળોમાં પણ નિત્યનિયમ મુજબ પ્રભુભક્તિ કરી. ઘેરથી નિકળી તેં બે દહેરાસર જઈ દર્શન ભક્તિ કર્યા જે તારો નિયમ હતો. નિત્યક્રમ મુજબ તું તારી કર્મભૂમિ ઉપર ગયો. જ્યાં દુકાને કામ કરતા બહેન સાથે તારા સ્વભાવ પ્રમાણે આનંદપૂર્વક લાગણીથી તારા હૃદયના ભાવોને વ્યક્ત કર્યા અને તેમની તેં ક્ષમા માંગી. કારણ કે તેમની સાથેના કામના-સંબંધનો આજે છેલ્લો દિવસ હતો અને આ દુકાનનો પણ છેલ્લો દિવસ હતો. જે ક્ષમા એ તારા જીવનના અંતિમ શબ્દો બન્યા. ત્યારબાદ દુકાને નિત્યનિયમ મુજબ પરમાત્માની ભક્તિ કરવાની પૂર્વ તૈયારી રૂપે તું દિપક પ્રગટાવવાની તૈયારીમાં હતો અને આવા સર્વોત્તમ ભાવ સાથે આંખના પલકારામાં તું આ ફાની દુનિયા અને નશ્વર દેહ છોડી અનંતની મહાયાત્રાએ ચાલ્યો ગયો. તું દિપક તો ન પ્રગટાવી શક્યો પણ તારા જીવનની જ્યોતિ અનંતની જ્યોતિમાં ભળી ગઈ.

**સમતાથી દર્દ સહુ, પ્રભુ એવું બળ આપો**
**રહે ભાવ સમાધિ સાચી, એવી અંતિમ પળ દેજો.**

જે રચનાનું તું વારંવાર રટણ કરતો હતો તે રચનાના તમામ પદોને તેં તારા જીવનમાં, તારા સ્વભાવમાં, તારા વિચારોમાં અને તારા હૃદયમાં ઓતપ્રોત કરી લીધા હતા. આ રચનાના દરેક પદો પ્રમાણે તેં અપાર સમતા કેળવી. કર્મની સમજણ કેળવી, દર્દોની પીડા કલ્પાંત કર્યા વગર સહીને દુર્ધ્યાન ન કર્યું. અને દરેક કષ્ટોને સમતાભાવે સહી લેવાના જ્ઞાનને



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સહજતાથી સ્વીકાર્યું. વળી છેલ્લા શ્વાસે પણ ધર્મમય અને ક્ષમાભાવમાં રહ્યો. કોઈની પણ માયા ન રહે માટે ઘર-કુટુંબને છોડીને દૂર થઈ ગયો. અને આ રચનાના અંતિમ પદ પ્રમાણે ખરેખર સમાધિમરણ પ્રાપ્ત કરી તું સદ્‌ગતિ પામ્યો. ધન્ય છે તારા પરમ પવિત્ર આત્માને.

તારાં જીવનમાં ઘણાં સંઘર્ષો આવ્યા પણ દરેક સમયે તેં ગજબનો સમતાભાવ રાખ્યો અને મુખના કે હૃદયના શુભભાવોને વિચલિત થવા ન દીધા જે સમતાનું તારૂં જ્ઞાન-સમજણ ચરમકક્ષાએ ગણી શકાય. જીવનમાં ક્યારેય પણ કોઈના પ્રત્યે અસંતોષ વ્યક્ત કર્યો નથી કે કોઈને દુઃખ પહોંચે તેવું વર્તન કર્યું નથી. છતાં એવું બન્યું ત્યાં ક્ષમા માંગી લીધી. દરેક સંજોગોમાં સદાય હસતો રહ્યો અને સૌને હસાવતો રહ્યો. સૌને પ્રેમલાગણી આપતો રહ્યો અને સૌની પ્રેમલાગણી પામતો રહ્યો. દરેક કાર્ય નામ પ્રમાણે ઉરના ઉમંગથી જ કરતો હતો. અને દરેક કામમાં ચીવટ અને ચોકસાઈ પણ પૂરેપૂરી જાળવતો હતો. ક્યારેય પણ નાનામોટાનો કે ગરીબ તવંગરનો ભેદ તેં રાખ્યો નથી. દુકાને અને ઘરે કામ કરતી વ્યક્તિઓ સાથે પણ આત્મીયતા અને મિત્રતા રાખી છે. કદીપણ શેઠ-નોકર જેવો વહેવાર કર્યો નથી. મહેમાનોની આગતા-સ્વાગતા કરવી તે તારી આગવી હોંશ અને આનંદ હતા. તારા આવા ઉમદા સદ્‌ગુણોને બિરદાવવા માટે અમારી પાસે શબ્દોની પણ મર્યાદા છે. અને જે શબ્દો દ્વારા વ્યક્ત થઈ શકે તેમ પણ નથી.

તારાં જીવનના છેલ્લા પંદર વર્ષો દરમ્યાન તેં જે જે વાંચન-ચિંતન-મનન કર્યું તેમાંથી જગતના જ્ઞાનીઓ-મહાપુરૂષો-સંતો-મહંતો દ્વારા અને ધર્મગ્રંથોમાં લખાયેલા શ્રેષ્ઠ વિચારો અને જ્ઞાનસભર સુવાક્યો અને બોધામૃતનું તેં સંકલન કર્યું છે. જેને તેં તારા હૃદયના અનેરા ઉમંગથી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુંદર અક્ષરે અંકિત કર્યું છે. જે વાંચતા આજે અમારું મસ્તક તારા આત્માને નમન કર્યા વગર રહી શકતું નથી. આ તમામ તેં કેવળ નોંધ્યું જ નથી પણ જીવનમાં ઉતાર્યું પણ છે. વાંચવું-લખવું અને પછી જીવનમાં ઉતારવું એ ઉત્તમ આત્માના જીવનમાં જ શક્ય બને છે. તારા આ શ્રેષ્ઠ-ઉમદા સંકલનને પુસ્તક સ્વરૂપે પ્રગટ કરી તારા અમારા પ્રત્યેના ઋણને અદા કરવાનો નમ્ર પ્રયાસ કર્યો છે. જે દ્વારા તારી સ્મૃતિ સદાય તાજી રહે અને આ પુસ્તક દ્વારા તું સ્વદેહે ભલે અમારાથી દૂર હોય પણ શબ્દદેહે-સૂક્ષ્મદેહે તું હરપળે અમારી સાથે જ છે. આ પુસ્તકના દરેક પાનામાં તારા દિવ્ય દર્શન થાય છે. આ પુસ્તક દ્વારા અમને તારું સાનિધ્ય હરપળે સાંપડ્યા જ કરશે.

આશા છે કે તારા આ સર્વોત્તમ સંકલનના પુસ્તક દ્વારા સૌ કોઈને ઉત્તમ માર્ગદર્શન પ્રાપ્ત થશે. જીવનને ઉન્નત બનાવવામાં ઉપયોગી થશે. જીવનને સાચો પથ અને પ્રકાશ પમાડશે. અને સાચા માનવધર્મની પ્રાપ્તિ થશે. ખરેખર તારું આ પુસ્તક સમસ્ત માનવજાતની ઉન્નતિ માટે દિવાદાંડી સમાન પૂરવાર થશે.

## તારા દિવ્ય આત્માને

હૃદયના ભાવપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પણ કરતાં અમો
તારા કુટુંબીજનો - આત્મીય આપ્તજનો,
સ્નેહી સ્વજનો - મિત્રો તથા
તારા જીવનકાળ દરમ્યાન
તારા સંપર્કમાં આવેલ સૌ હિતેચ્છુઓ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ધર્મલાભ - શુભાશિષ

વહી જતાં સમયને રોકવો આપણાં હાથમાં નથી

પરંતુ

વેડફાઈ જતાં સમયને રોકવો આપણાં હાથમાં છે.

ભાઈ ઉમંગે

ઉપરના સત્યને આત્મસાત્ કરી ફુરસદના સમયે

મનનીય અને માનનીય

સાત્ત્વિક અને તાત્ત્વિક

હાર્દિક અને માર્મિક

વચનોનો સંગ્રહ કર્યો હતો. અને એના દ્વારા સત્સંગથી સદ્‌ગતિ સુધીની યાત્રા પૂર્ણ કરી.

- સારા પુસ્તકોનું વાંચન એ શ્રેષ્ઠ પ્રકારનો 'સત્સંગ' છે.
- તેનાથી આપણને 'સદ્‌બુદ્ધિ' મળે.
- સદ્‌બુદ્ધિ આપણી પાસે 'સત્કાર્યો' જ કરાવે.
- જેના જીવનમાં સત્કાર્યોની હારમાળા હોય,
  તેના 'જીવનમાં સમાધિ' હોય જ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

- જેના જીવનમાં સદાકાળ સમાધિ હોય તેને મૃત્યુ સમયે પણ 'સમાધિ' મળે જ.
- જેને મૃત્યુ સમયે સમાધિ મળે તેને પરલોકમાં અવશ્ય 'સદ્‌ગતિ' મળે જ.
- આ સદ્‌ગતિની પરંપરા વડે અવશ્ય, 'શિવગતી' (મુક્તિ) મળે જ.

**ચાલો આપણે સૌ પણ ઉમંગના**
**વિચારોરૂપી ઉદધિમાંથી ઉછળતા,**
**વચનો રૂપી તરંગોને ઝીલવાનો અને માણવાનો**
**પ્રયત્ન કરીએ.**

કીર્તિભૂષણ વિ., મનોભૂષણ વિ., કલ્પભૂષણ વિ. ના
ધર્મલાભ - શુભાશિષ
સંવત ૨૦૬૧, વૈશાખ સુદ ૩ (અક્ષય તૃતિયા)
તપોવન, જી. ગાંધીનગર, ગુજરાત.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ઉમંગનો ઉમંગ

દરેક માણસ જન્મે છે, મોટો થાય છે, જીવે છે અને મૃત્યુ પામે છે. આ સાધારણ પ્રક્રિયા છે પણ કેટલાક એવા જન્મે છે કે નશ્વર દેહ છોડ્યા પછી વધુ જીવંત અને સ્મરણીય બને છે. આ સ્મરણમાં છુપાયેલો હોય છે તેનો મધુર, મિલનસાર, પરોપકારી, પ્રેમાળ અને સર્વપ્રિય મૈત્રીપૂર્ણ વ્યવહાર. આપણે સહુ જાણીએ છીએ અને વાંચીએ છીએ કે મૃત્યુ પછી બધું જ અહીંયા રહી જાય છે, સાથે કશું જ જતું નથી. વાત સાચી, દેહ સાથે કશું જ જતું નથી. શેષ રહે છે માણસના કાર્યો, અને આવા કાર્યોમાં તેના સ્વભાવ, વાણી, વર્તન સહુને પ્રેરિત કરનાર, પોતીકા બનાવનાર હોય તો તે વધુ નજીક અનુભવાય છે. આવો જ એક અદૃશ્ય સ્પર્શ કે અનુભવ થાય છે ઉમંગના અહેસાસનો.

ઉમંગ એટલે ગયા જન્મનો કોઈ સન્યાસી કે સ્વર્ગથી ચ્યુત એવો આત્મા કે જે સંસારમાં આવ્યો હતો પ્રેમ પ્રસાદી વહેંચવા. દેખાવે રૂપાળો પણ સ્વભાવે વધુ રૂપાળો. વાણીમાં સરસ્વતીનો વાસ અને અંતરમાં કરૂણા-પ્રેમ-મૈત્રીના ઝરતા ઝરણાં. બાલ્યાવસ્થાથી જ સ્વભાવે શાંત-સહન કરી લેવાની વૃત્તિ, સહુને મિત્ર બનાવવાની ખેવના, ચહેરા પર હંમેશા નૃત્યુ કરતું મધુર સ્મિત. પરિવારના સ્વજનો-આપ્તજનો માટે લાગણીનો છલકાતો સાગર. આવો લાડીલો હતો ઉમંગ.

ઉંમરની સાથે આ બધી ભાવનાઓ પણ જવાન થતી ગઈ. દાદા-દાદી, મા-બાપ, કાકા-કાકી, ભાઈ-ભાભી, ફોઈ-ફુઆ, મામા-મામી, માસા-માસી, બહેનો-ભત્રીજા બધાનો તે હતો લાડીલો અને આત્મીય સ્વજન. લૌકિક શિક્ષણ વધારે ન મેળવી શક્યો પણ અંતરના ઓજસ તો પથરાતા ગયા અને સ્વભાવ વધુ પ્રેમાળ બનતો ગયો. તેનો વિસ્તાર પરિવાર, સગા-સંબંધીથી વિસ્તૃત થઈ મિત્રો, સાથી, વેપારી અને સહકર્મચારીઓ સુધી લહેરાવા લાગ્યો અને તેની ફળશ્રુતિ હતી કે તે



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સહુનો બન્યો અને સહુ તેના બન્યા. જીવનમાં માત્ર ૩૮ વસંત જોનાર ઉમંગ આમ તો નાની ઉંમરે વિદાય થયો પણ આ નાની ઉંમરમાં હજારો વર્ષ જીવ્યો અને લોકોને પ્રેરણા આપતો ગયો.

તેના વ્યક્તિત્વની વિશેષતા તો એ હતી કે તેની ઉંમરની સાથે ભોગ-વાસનાની વૃદ્ધિના સ્થાને ધર્મપ્રિયતા-ક્ષમા-કરૂણા જેવા ભાવ વધારે પુષ્પિત થયા. તેણે જૈન દર્શનનું વાંચન કરીને ઈતિશ્રી માની નહિં પણ તેને જીવનમાં ઉતારીને જીવવાની કળા વિકસાવી અને તેને કારણે જ તે ગમે તેવી વિપરીત પરિસ્થિતિમાં પ્રતિકૂળ સંજોગોમાં વાતાવરણમાં પણ સમતા જાળવી શક્યો અને ચહેરો હસતો રાખી શક્યો અને આ બધા સમતા ભાવમાં છુપાયેલ હતી તેની ભગવાન પ્રત્યેની ભક્તિ અને મા-બાપ અને વડીલો પ્રત્યેની આદર ભાવના. તેને માટે જેટલા ભગવાનના ઉપદેશો ગ્રાહ્ય હતા તેટલા જ પરિવારના વડીલોનાં આદેશ કે નિર્ણય માન્ય હતા.

નાની ઉંમરમાં આંતરડાની ભયંકર બીમારી લાગુ પડી. વર્ષો સુધી શારીરિક પીડા થઈ પણ આવા સમયે પણ 'અશુભ કર્મો છે ભોગવ્યા વગર છુટકો નથી' માની પોતાની દૃઢતા-ધર્મ-શ્રદ્ધા છોડી નહિં અને તેવા જ સ્મિત ભાવે તેનો સામનો કર્યો. એક યોદ્ધાની જેમ તે બીમારીને હંફાવી શક્યો. લગભગ ૨ વર્ષ પૂર્વે મોટામાં મોટું ઓપરેશન થયું. જે લાઈવ ટેલીકાસ્ટ કરવામાં આવ્યું. ૩૦૦ નિષ્ણાંત ડૉક્ટરો વી.એસ. હોસ્પિટલના પ્રાંગણમાં આ ઓપરેશનના સાક્ષી બન્યા અને તે સમયે ઓપરેશન થીયેટરમાં જતા પૂર્વે ભયની લાગણી નહીં - ઉલટું બધાને પ્રસન્ન કરતાં કરતાં બોલ્યો - 'ચાલો, ફિર મિલેંગે બ્રેક કે બાદ' અને પ્રસન્ન ચિત્તે ઓપરેશનના થીયેટરમાં ગયો. મનની દૃઢતા, ધર્મની શ્રદ્ધા અને પુણ્યના પ્રતાપે એકદમ સાજો થયો. જીવનમાં પુનઃ પુષ્પો ખીલ્યા. વધુ સારું-દુકાને ધંધે પૂર્વવત - સૌની સાથે સ્નેહલ વ્યવહાર.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

છેલ્લા દિવસે જાણે અનંતની યાત્રાએ જવાનો પૂર્વાભાસ થયો હોય તેમ સવારથી તૈયાર થઈ દેરાસરોમાં ભગવાનની ભક્તિ કરી દુકાને આવ્યો. કામવાળી બેનની સાથે વાતો કરી અને ભગવાનનો દીવો પ્રકટાવતા પૂર્વે જ જીવનદીપ બુઝાઈ ગયો. જાણે ધરતીનો દીપક સ્વર્ગમાં પેટાવા યાત્રાએ નીકળી પડ્યો.

તેણે વધારે લૌકિક શિક્ષણ મેળવ્યું ન હતું પણ તેનો વાંચન પ્રેમ, સત્‌સાહિત્ય પ્રત્યે અનન્ય સાન્નિધ્ય તેને અનાયાસે એક ઉત્તમ સંગ્રાહક લેખક બનાવી ગયો. તેણે વિશ્વનાં વિવિધ ક્ષેત્રનાં મહાન પુરુષોના લગભગ ૧૬૦૦થી વધુ ઉત્તમ વાક્યોનો સંગ્રહ કર્યો. ખુબીની વાત તો એ છે કે તે વાક્યોનો તેણે માત્ર કાગળ પર સંગ્રહ કર્યો નહીં પણ અંતર પટલ પર અંકિત કર્યા છે. કારણ કે તે પ્રમાણે તે જીવ્યો અને મૃત્યુને પણ ધન્ય બનાવી શક્યો. આ ગુણ તે મન-વચન-કર્મની એકાગ્રતા સૂચવે છે. કૃત-કારિત અનુમોદનાને સમર્થન આપે છે. તે જેવો બાહ્ય સુંદર હતો તેવો જ અંતરથી પણ સુંદર બન્યો. આ મહાનુભાવોના સાહિત્ય સંપર્કથી.

ઉમંગની જીંદગીનો ઉમંગ જ મહાપુરુષો દ્વારા પ્રાપ્ત પ્રેરણા છે. તે પ્રથમ વાક્ય જ નોંધે છે.

**'ઉમંગ વિનાનું જીવન, જીવન છે ખરું ?'**

આ વાક્ય જ તેને યથા નામ તથા ગુણ પ્રમાણ જીવવાનું શીખવતો રહ્યો. તેના ચહેરાનો ઉમંગ જ તેના મનનાં ઉમંગનું પ્રતિબિંબ હતું. તે તો 'ક્ષમા' નું ઉચ્ચારણ કરી હસતો ગયો પણ મોહવશ સહુને અશ્રુ આપતો ગયો. જો કે આ અશ્રુનો અર્ધ્ય તેના માટે જ હતો.

તેણે બીજી જ કવિતામાં જૈન દર્શનની બાર અનુપ્રેક્ષા જ ઉતારી છે. જેમાં અનંતની વિદાઈની સાચી સ્થિતિ વર્ણવી છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તે ફાધર વાલેસની સૂક્તિ પ્રમાણે જીવ્યો - 'સરળતાથી જીવવામાં, સરળતાથી બોલવામાં, સરળતાથી વિચારવામાં ધર્મ-વિદ્યા અને ચારિત્ર્યનો વિનય છે.' આ ત્રણે ઉમંગ સાધી શક્યો. એમ કહું કે સમ્યગ્ દર્શન-જ્ઞાન અને ચારિત્ર્ય પામી શક્યો. તેની પ્રમાણિકતાનો આધાર હતો.

મોત અને માંદગીની સમતા તેણે પ્રાપ્ત કરી હતી. 'મોત અને માંદગી વખતે તમારા ચિત્તને પ્રસન્નતા આપી શકે તેવા તત્ત્વોને પકડી શકશો તો મળેલ આ કીંમતી જીવન અચૂક સફળ બની જશે.' અને તેણે આ રીતે જીવન અને મૃત્યુને સફળ બનાવ્યા.

આ ૧૬૦૦ થી વધુ સુવાક્યો જીવનનાં એક એક પ્રસંગ, સ્વભાવ, મનની ભાવના, કર્તવ્ય, શાંતિ, ક્ષમા, પરોપકાર, ચિત્તની સ્વસ્થતા, મૈત્રી, કરૂણા, દયા વગેરે ભાવોને પ્રતિબિંબિત કરે છે. અહીં દરેક વાક્યની વ્યાખ્યા શક્ય નથી પણ એક જ વાક્ય સુઝે છે કે 'હે ઉમંગ! તે આ મહાપુરૂષોના આદર્શ વાક્યોને જીવનમાં ઉતારીને જીવન ધન્ય બનાવ્યું છે અને આ સંગ્રહ અનેક લોકોને જીવનની ધન્યતા પામવા માર્ગદર્શક કેડી બનશે.'

તેં જે ઉમંગથી આ ચારિત્ર્યનો દીપ પ્રકટાવ્યો છે તે યુગો સુધી અન્ય લોકોને પ્રકાશ ચીંધશે. માનવને માનવતા તરફ જવા દિશા નિર્દેશ કરશે.

તું લેખક ન હતો પણ લેખકોનો પ્રેમી હતો અને પ્રેમી જીવ તે સુવાસ ને સર્વત્ર નિઃસ્વાર્થભાવે પ્રસરાવે છે તેમ તે પ્રસરાવી છે.

તારી આ ભાવનાની કદર કરી તને ઉંમરમાં નાનો હોવા છતાં પ્રણામ કરવાની ભાવના થઈ છે. આ ભાવના જ મારી ભાવાંજલિ છે.


**ડૉ. શેખરચંદ્ર જૈન**

પ્રધાન સંપાદક - 'તીર્થંકર વાણી'

રાષ્ટ્રીય અધ્યક્ષ - ભગવાન ઋષભદેવ જૈન વિધ્વત મહાસંઘ

અમદાવાદ




Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

## આશીર્વચન

॥ ૐ નમઃ ॥

'બહુ પુણ્ય કેરા પુંજથી શુભ દેહ માનવનો મળ્યો.'

- શ્રીમદ્ રાજચંદ્રજી

મનુષ્ય ભવની પ્રાપ્તિ ઘણાં પુણ્યથી થાય છે. તેમાં પણ સંસ્કારી માતા-પિતા, ઉચ્ચ કૂળ, સત્દેવ-ગુરૂ-ધર્મનો સુયોગ પ્રાપ્ત થવો અતિ દુર્લભ છે. આવો સુયોગ પ્રાપ્ત થયા પછી પણ અંતરથી 'ધર્મ' કરવાની રૂચિ ઉત્પન્ન થવી અને તે રૂચિ અનુસાર પુરૂષાર્થ થવો અતિ અતિ દુર્લભ છે. વિરલા જીવો આયુષ્યની પૂર્ણતા પહેલા 'આત્મસિદ્ધિ' રૂપી મહાન કાર્ય સિદ્ધ કરી શકે છે.

આવું હોવા છતાં ભાગ્યશાળી જીવો કોઈનેકોઈ પ્રકારે સત્-પ્રવૃત્તિ કરી સત્કાર્યોની સુવાસ ફેલાવી જાય છે. જેમ 'ધૂપસળી' પોતે બળતી જાય છે પરંતુ ઉત્તમ સુવાસ અર્પતી જાય છે. તેવું જ સદ્ગુણી મનુષ્યનું પણ છે. મૃત્યુ પહેલાં તે કાંઈનેકાંઈ સત્સંસ્કારોની 'મૂડી' પરભવમાં લઈ જાય છે અને સમાજ માટે 'સત્સંસ્કારોની સુવાસ' મુકતો જાય છે.

ઉમંગભાઈએ ભરયુવાન વયે દેહ ત્યાગ કર્યો. જન્મ-મૃત્યુ કુદરતના હાથમાં છે પરંતુ સાદું જીવન - ઉચ્ચ વિચાર માનવીના હાથમાં છે. ઉમંગભાઈ દેસાઈ અલ્પ આયુષ્યવાળા જીવનમાં પણ ત્રણ સુંદર ડાયરી તૈયાર કરતા ગયા છે. જેમાં સંતો-ભક્તો-ચિંતકો-જ્ઞાનીઓ-ધર્મગ્રંથોના સુવાક્યોનો સુંદર સંગ્રહ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ સુવાક્યોના સંગ્રહની ડાયરીથી આપણે ચોક્કસ જાણી શકીએ છીએ કે ઉમંગભાઈને અંતરથી ઉચ્ચ આચાર-વિચારમાં ઊંડો રસ હતો. સુંદર-સુડોલ-સુવાચ્ય અક્ષરોમાં ઉમંગભેર-ખરાદિલથી તેઓએ આ મહેનત કરી હોય તેવું ડાયરી જોતાં આપણે કહી શકીએ છીએ. તેઓએ કરેલી મહેનત અન્ય જીવો સુધી પહોંચે અને 'ધૂપસળી' નું સુંદર ઉદાહરણ પુરું પાડે, તે હેતુથી તેમના સ્વજનો-માતાપિતા-બંધુ-બહેનો તરફથી આ પ્રકાશનનું કાર્ય હાથ ધર્યું છે, તે અનુમોદનીય છે. સ્વર્ગસ્થના આત્માને તે સાચી શ્રદ્ધાંજલિ છે.

સંતોના સુવાકયો - સુક્તિ રત્નોના માધ્યમથી પ્રત્યેકે પ્રત્યેક જીવને સદ્‌ગુણ સંપન્ન જીવન જીવવાની સત્-પ્રેરણા સંપ્રાપ્ત થાઓ અને સર્વ જીવોનું શુભ-મંગલ થાઓ એવી અંતરની પ્રાર્થના-ભાવના-શુભાશિષ સાથે વિરમું છું.

'સત્-પુરૂષોનું યોગબળ જગતનું કલ્યાણ કરો.'

'જિંદગી ટૂંકી છે અને જંજાળ લાંબી છે માટે
જંજાળ ટૂંકી કર તો સુખરૂપ જિંદગી લાંબી લાગશે.'

- પરમજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રજી

સંત ચરણરજ આત્માર્થી
પ્રકાશ ડી. શાહના જય પ્રભુ
સંવત ૨૦૬૧, વૈશાખ સુદ ૧
તા. ૯-૫-૨૦૦૫, અમદાવાદ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ઉમંગ વિનાનું જીવન જીવન છે ખરું ?

- ઉમંગ

જબ ઈસ દુનિયા મે,
મેં આયા તો
જગ હસા ઔર મેં રોયા,

જબ ઈસ દુનિયા સે,
મેં ગયા તો
જગ રોયા ઔર મેં હસા..



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અંતે તો...

ચીઠ્ઠી ફાટશે ઉપરવાળાની,
વેળા થાશે મારે જાવાની.

સગું-કુટુંબ થાશે મારું ભેગું મળીને,
ચમચી પાણી પાવાની.

લોટ-પાણીનો લાડવો મૂકશે,
જરૂર હશે નહીં મારે ખાવાની.

પાંચ-પચ્ચીસ ભેગા થઈને,
કરશે ઉતાવળ મને કાઢી જાવાની.

લાકડાં ભેગો બાળી દેશે,
ઉતાવળ હશે એને ન્હાવાની.

હાડકાં લઈને હાલતા થાશે,
રાખ મારી ઉડી જાવાની.

બાર'દિ મારી મોંકાણ માંડશે,
પછી દાનત કરશે મિષ્ટાન્ન ખાવાની.

પ્રાણસગી છે આ દુનિયા તો,
પ્રભુ-ઘડીમાં મને ભૂલી જાવાની.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે બીજાને જાણે છે, તે વિજ્ઞાન છે;
જે પોતાને જાણે છે તે જ્ઞાની છે.
જે બીજાને જીતે છે, તે બળવાન છે;
જે પોતાને જીતે છે તે શક્તિશાળી છે.
જે બળપૂર્વક વર્તે છે, તેનામાં સંકલ્પ બળ છે;
જે સંતોષી છે તે સમૃદ્ધ છે.
જે પોતાના સ્થાનેથી ચાલતો નથી તે ટકી રહેશે;
જે નાશ પામ્યા વગર મરે છે તે દીર્ઘજીવી થશે.

**- લાઓત્સે**

આપણું મન લાડકાં બાળકો જેવું છે. લાડકાં બાળકો જે રીતે અતૃપ્ત રહે છે તે રીતે આપણું મન હંમેશાં અતૃપ્ત રહે છે. તેથી મનનાં લાડ ઓછાં કરીને તેને વશમાં રાખવું જોઈએ.

**- સ્વામી વિવેકાનંદ**

મન ઉપર માનવીનો કાબૂ એટલે વિકાસ. માનવી ઉપર મનનો કાબૂ એટલે વિનાશ.

**- પ્રેમચંદજી**

જેણે મનને જીત્યું છે તેણે જગતને પણ જીત્યું છે.

**- ભગવાન શંકરાચાર્ય**

જ્યાં સુધી મન જીતાયું નથી ત્યાં સુધી રાગ-દ્વેષ શાંત થતા નથી અને માણસ ઈન્દ્રિયોનો ગુલામ બની રહે છે.

**- વિનોબા ભાવે**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મનનો બધો મેલ ધોવાઈ જાય ત્યારે જ ઈશ્વરનાં દર્શન થાય છે.

**- રામકૃષ્ણ પરમહંસ**

જીવનમાં બીજાનું સારું ન થાય તો કાંઈ નહિ, પરંતુ બીજાનું ખરાબ ન કરાય તો પણ ઘણું છે.

ઈશ્વર નિરાકાર છે પરંતુ તે ભક્તોની હાર્દિક પ્રાર્થના અનુસાર પોતાની શક્તિથી જુદા જુદા રૂપો ધારણ કરે છે.

**- દયાનંદ સરસ્વતી**

મારા હાથપગ હું ચલાવું, મારૂં કામ હું કરું, મારૂં જીવન હું જીવું, બીજાઓનું દોરેલું ચાલે એ બાળક, પવનની લહેરથી ઉડે ને બેસે એ સુકું પાંદડું, બીજાને તાલે નાચે એ મદારીનું માંકડું, માનવીને એ ન શોભે.

**- ફાધર વાલેસ**

સાસુ અને વહુ બંનેમાંથી કોઈ મોટું નથી, કોઈ નાનું નથી. કારણ કે જે ક્ષણે એક સ્ત્રી વહુ બની તે જ ક્ષણે એ સ્ત્રી સાસુ બની. વહુ ન હતી ત્યારે સાસુ પણ ન હતી. નાના મોટાનો ભેદ માનીને જે સંઘર્ષ થતો હોય છે તે મિથ્યા છે, સમાનતાનો ભાવ જ બધા પારિવારિક સંઘર્ષનો ઉકેલ છે.

**- શ્રી ડોંગરેજી મહારાજ**

સરળતાથી જીવવામાં, સરળતાથી બોલવામાં, સરળતાથી વિચારવામાં ધર્મ, વિદ્યા અને ચારિત્ર્યનો વિજય છે.

**- ફાધર વાલેસ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવન અત્યંત સુંદરતાઓથી છલકતું છે, ચોતરફ પ્રકૃતિએ એના રહસ્યો એવી રીતે પાથર્યા છે કે સ્હેજ શાંતિથી યથાવકાશે જેઓ એ તરફ જુએ છે, તેમના હૃદયને પરમ પ્રસન્નતા મળે છે.

- ખલિલ જિબ્રાન

જેવી રીતે સોનાથી જડેલું રત્ન અત્યંત સુશોભિત લાગે છે તેમ વિવેકને પ્રાપ્ત કરીને વ્યક્તિ સુંદરતાને પ્રાપ્ત કરે છે.

- ચાણક્ય

જગતના સૌથી કિંમતી સ્થાનમાં અને બરાબર યોગ્ય સમયે મારો જન્મ થયો છે. એ જોઈ મને જે આશ્ચર્ય ઉત્પન્ન થયું છે તેમાંથી હું હજી પણ મુક્ત થઈ શક્યો નથી. - થોરો

પૈસા કમાવવા એ જેટલું અઘરું નથી એટલું સમજપૂર્વક પૈસા ખર્ચવા તે અઘરું છે. કરકસર કરનાર જીંદગીની અડધી લડાઈ જીતી જાય છે.

- સ્પરજેન

દરેક આફત શ્રાપરુપ હોતી નથી. અગાઉથી ચેતવણીરૂપે આવતી આફત આશીર્વાદરૂપ નીવડે છે. આવી આફતોના સામનાથી આપણને માત્ર અનુભવ મળે છે એટલું જ નહીં, પરંતુ ભવિષ્યની મુસીબતોનો સામનો કરવાની શક્તિ પણ મળે છે. - શાર્પ

બીજાની મહેનતના ફળ ઉપર જીવવાની માણસની ઈચ્છા એ જગતભરના પાપનું મૂળ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પૈસા કમાવવા એ જેટલું અઘરું નથી એટલું સમજપૂર્વક પૈસા ખર્ચવા તે અઘરું છે. કરકસર કરનાર જીંદગીની અડધી લડાઈ જીતી જાય છે.

**- સ્પરજેન**

દરેક આફત શ્રાપરુપ હોતી નથી. અગાઉથી ચેતવણીરૂપે આવતી આફત આશીર્વાદરૂપ નીવડે છે. આવી આફતોના સામનાથી આપણને માત્ર અનુભવ મળે છે એટલું જ નહીં, પરંતુ ભવિષ્યની મુસીબતોનો સામનો કરવાની શક્તિ પણ મળે છે. **- શાર્પ**

કર્તવ્યની સૂઝ ન પડે એવા સમયે બુદ્ધિમાન પુરૂષ સાથેની મંત્રણા દીપકની જેમ પ્રકાશ આપે છે. **- ચાણક્ય**

તમે જે કંઈ બોલો અગર લખો તેમાં થોડામાં ઘણાંનો સમાવેશ કરો. **- જોન નીલ**

આનંદનો રંગ જેના ચિત્તમાં લાગે છે, તેને ક્યારેય જીવનમાં ઉદાસ થવું પડતું નથી. **- અનુશ્રુતિ**

આતિથ્ય એ ઘરનો વૈભવ છે. વ્યવસ્થા એ ઘરની શોભા છે. સદાચાર એ ઘરની સુવાસ છે. પાપ થાય તેવું કમાશો નહીં, રોગ થાય તેવું ખર્ચશો નહીં, પ્રેમ એ ઘરની પ્રતિષ્ઠા છે, સમાધાન એ ઘરનું સુખ છે, દેવું થાય તેવું ખર્ચશો નહીં, કલેશ થાય તેવું બોલશો નહીં, સાચું બોલ ને શાંતિ ધર, હક્કનું ખા અને ઈશ્વર ભજ.

**- ગૃહસ્થ ગીતા**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉદ્યોગીપણું, સાહસ, ધૈર્ય, બુદ્ધિ, શક્તિ અને પરાક્રમ આ છ જ્યાં હોય છે ત્યાં શાસનદેવ સહાય કરવા શ્રીમંતોને પ્રેરણા આપે છે. જો લેતાં આવડે તો સોનાનાં ફૂલની વાડીઓ ઠેક-ઠેકાણે છે, શૂરવીર, વિદ્યાવાન અને સેવા કરી જાણનાર તે ફૂલો ચૂંટે છે.

જે બીજાના સુખ અને કલ્યાણ માટે પ્રયત્ન કરે છે, તે પોતે પણ સુખ અને કલ્યાણને પ્રાપ્ત કરે છે. 'પરોપકારીનું મન વિરાટ હોય છે, તેની દ્રષ્ટિ વિશાળ હોય છે.' **- ભગવતી સૂત્ર**

અન્યના દોષો અને ઉણપો - બીજાના જે જે દોષો અથવા જે જે ઉણપો આપણાં કાને સાંભળીએ અથવા આંખથી જોઈએ તેને વાણીથી કે બીજી કોઈ રીતે ત્રાહિત વ્યક્તિ આગળ વ્યક્ત કરવું નહીં. કારણ કે નિંદાને પણ રસ હોય છે અને જગતમાં ઘણાં વેરઝેર આ નિંદારસ પોષવામાંથી ઊભા થાય છે.

આ દુનિયા એવી છે કે જ્યાં લોકોને શું જોઈએ છે તે એ જાણતાં નથી, અને તે મેળવવા માટે એ હવાતિયાં મારે છે.

**- ડોન મારકીસ**

જીવન સરળ હોય તે માટે પ્રાર્થના ન કરશો, હજી વધુ ખમીરવંતા બનવા માટે પ્રાર્થના કરો, તમારી શક્તિના બળનું કાર્ય તમને મળે તેવી પ્રાર્થના ન કરશો, તમારા કર્તવ્યોનો મુકાબલો કરી શકે તેવી તાકાત માટે પ્રાર્થના કરજો.

જીવનનું મહાન કર્મ છે - હોવું, કરવું, ચલાવી લેવું અને ચાલતાં થવું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ન ખણાય કુવો ક્ષણમાં ખણતાં જ, ખણાય કુવો ખણતાં ખણતાં.
ન ચણાય હવેલી પુરી પળમાં જ, ચણાય પૂરી ચણતાં ચણતાં.

જાણવું નહીં તે ખરાબ છે, જાણવા ઈચ્છવું નહી તે એનાથી યે ખરાબ છે. જે તેવું નથી તે જાણવું, એના કરતાં તો કશું જ ન જાણવું બહેતર છે.

માણસને જેની જરૂર છે, તેને માટે જગત આખામાં ફરે છે, અને ઘરે પાછો ફરે છે ત્યાં એ એને સાંપડે છે. - **જોર્જમૂર**

સુખ અને દુઃખમાં એ વાત હંમેશા યાદ રાખો કે એ કાયમ ટકવાના નથી, જીવનના રંગો બદલતા રહે છે.

કોઈનાં હકનું ખાવું તે વિકૃતિ, પોતાના હકનું ખાવું તે પ્રકૃતિ અને આપણાં હકનું બીજાને ખવરાવવું તે સંસ્કૃતિ છે.

સૂર્ય, ચંદ્ર, આકાશે ચમકે, પૃથ્વી પર તો દાની, પરને માટે જીવી જાણે એના જીવન મંગલકારી.

જીંદગીનું મહોરૂં - વિચાર કરો તો ઊંચા કરો, પ્રયત્ન કરો તો ઊંચે આવવાનો કરો, નજર પણ ઊંચી રાખો, સારાંશ એટલો જ છે કે જીંદગીનું મહોરૂં હંમેશા પ્રગતિની દિશામાં જ રાખો.

જે મનુષ્ય નાની બાબતોમાં રસ લઈ શકતો નથી, તે મહાન બાબતમાં રસ લેતો હોય ત્યારે તે ઢોંગ કરતો હોય છે.

- **રસ્કિન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સત્કર્મ વગર સંપત્તિ વધતી નથી, દાન વગર સંપત્તિ શોભતી નથી, જીંદગી કેટલી જીવ્યા એ મહત્ત્વનું નથી, જીંદગી કેવી રીતે જીવ્યા એ મહત્ત્વનું છે.

હીરો પહેલ પડે દીપે, ટીપે ઘાટ ઘડાય,
ધૂપ જલે દીપક બળે, જીવન એમ જીવાય.

ધ્યેય સારું હોય તો પરિણામ સારું આવે જ. ભલા બનો, ભલું કરો, સહનશીલ બનો, જીવનનો સૌથી ઉત્તમ આત્મસંતોષ છે.

પર સુખે સુખી એ શ્રીમંત, પર દુઃખે દુઃખી એ સંત.

પરમાત્માને વ્હાલા એ થાય છે કે જેઓ એની સૃષ્ટિને વહાલ કરે છે.

સાચો વૈભવ - સંતોષ, સાચુ સુખ - શાંતિ, સાચી મૂડી - ત્યાગ, સાચું મન - સ્થિરતા, સાચો વેપાર - ભક્તિ.

ખંતને મિત્ર બનાવ, અનુભવને મંત્રી બનાવ, પ્રમાણિકતાને ભાઈ બનાવ, પરિશ્રમને પુત્ર બનાવ, ગર્વને સ્થાન નથી જ્યાં ગૌરવનું સ્થાન છે. વિવેક વિના વિચારની કિંમત નથી.

સુખમાં ફુલાઈ ન જવું અને દુઃખમાં ગભરાઈ ના જવું એ જ સાર્થકતા છે.

બીજાઓથી ન થઈ શકે તે કરવું તેનું નામ આવડત, આવડતથી જે ન થઈ શકે તે કરવું તેનું નામ પ્રતિભા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

નાનાં બનો, નમતા રહો, પ્રેમથી ઝૂકતા રહો. ભલા બનો, ભલું કરો, સહનશીલ બનો.

માનવ પૈસાથી શોભતો નથી પણ સદ્વર્તન, ઉત્તમ વિચાર અને ઉત્તમ સદ્ગુણોથી શોભે છે.

દેખાવ કરતાં હોવું મહત્ત્વનું છે, જો આપણી સચ્ચાઈ પૂર્ણ હોય તો આપણે સારા દેખાવની જરૂર નથી.

પાડોશીની છત પર શું છે તેની ફરિયાદ કરતાં પહેલાં એ જુઓ કે તમારી નિસરણી કેટલી ચોખ્ખી છે.

પગલાં પડી રહ્યાં ને ચરણ ક્યાં વહી ગયા?
સ્મરણો રહી ગયાં ને સ્વપ્ન ક્યાં વહી ગયા?
ચરિયાણ સુકાવીને હરણ ક્યાં વહી ગયા?
કાંઠા કહ્યા તરે કે ઝરણાં ક્યાં વહી ગયા?

જે કાંઈ તમે સારી રીતે કરી શકો તે કરવામાં અને તમે જે કરો તે બદલાના વિચાર વગર કરવામાં જીવન સાફલ્યની ચાવી રહેલી છે.

સજ્જનોનું એ સદ્ભાગ્ય છે કે તેમના મૃત્યુ પછી તેમના સદ્ગુણોની કીર્તિ ફેલાતી જાય છે.

ચાંદી અને સોનાનું જ ચલણ હોય છે એવું નથી, સદ્ગુણોનો સિક્કો જગતભરમાં ચલણી બને છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંતોષનું ખમીર ધરાવે તે જ ખરો અમીર ગણાય, ત્યાગમાં શાંતિ છે, સુખ છે, આબાદી છે.

આજ કહે કાલ કરીશ, કાલ કહે વળી કાલ,
આમને આમ રહી જશે, આવી પહોંચશે કાળ.

જોઈ અટૂલી મ્હેંક સમય પૂછતો ફરે,
ફોર્યાં અહીં જે ફૂલ તે ક્યારે ખરી ગયાં.

ધનના અભાવનો ઈલાજ સહેલાઈથી થઈ શકે છે પણ હૃદયની કંગાલીયતને સ્થાને કશું થઈ શકે નહીં.

જે સાચું છે તેને માટે માનવ જીવનને ખેવના હોત, તો તે એને ક્યારનું સાંપડી ગયું હોત.

માણસને કશું કરવાનું હોય જ નહીં, તેમાં કશો આનંદ નથી, મજા તો એમાં છે કે કરવાનું ઘણું હોય, પણ માણસ તે કરે નહીં.

પ્રમાણિકતા - સત્યપ્રિયતા - ન્યાયપ્રિયતા સમાજ સેવા માટે જરૂરી છે. ધનનો સંગ્રહ કરવાથી ધન ગંધાઈ જાય છે. જ્ઞાનનો ગર્વ કરવાથી જ્ઞાન ગંધાઈ જાય છે. શરીરના રોગો શ્રમથી, મનના રોગો પ્રેમથી અને બુદ્ધિના રોગો જ્ઞાનથી મટે છે. વાણી તેવું વર્તન, વિચાર તેવો આચાર એ સારાં અને સાચાં મોતી છે.

ખમીરવંતા પુરૂષનું કર્તવ્ય વહેપારમાં, વહેવારમાં અને સ્નેહમાં સરખું જ હોય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લાખો આવ્યાં લાખો ગયા, લાખો આવી જાશે રે,
કરો તમે કંઈ કામ એવું, કામ સદા રહી જાશે રે.

અશુભ વિના પણ શુભનું અસ્તિત્ત્વ શક્ય છે, પણ શુભ વગરનું અસ્તિત્ત્વ શક્ય નથી.

ભલે વનમાં ઉમંગો લૂંટો, હરો, ખુશીથી હૃદયની ઉર્મિ, પરંતુ લૂંટી નયનના અશ્રુ, રૂદનને મા ઉજાડશો મા...

ધ્યેય સારૂં હોય તો પરિણામ સારૂં આવે જ, ભલા બનો, ભલું કરો, સહનશીલ બનો, જીવનનો સૌથી ઉત્તમ આત્મસંતોષ છે.

પહેલું સુખ તે જાતે નર્યા. કોઈપણ ઉમદા કાર્ય જોખમો સિવાય કરી શકાતું નથી.

આપણાં મૃત્યુનો આરંભ આપણે જન્મીએ ત્યારથી થઈ જાય છે, અને અંતનો આધાર એ આરંભ પર રહે છે.

તમારે કામ બહુ સારી રીતે કરાવવું હોય તો બહુ કામવાળા માણસને પસંદ કરો, નવરા માણસને વખત જ નથી.

હૃદયમાં રમે છે એવી આશા, ફરીથી એવી બહાર આવે,
તમારી આંખે શરાબ છલકે, અમારી આંખે ખુમાર આવે.

જે સાચું છે તેને માટે માનવ જીવનને ખેવના હોત, તો તે એને ક્યારનું સાંપડી ગયું હોત.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સત્કર્મ - સુવિચાર અને સારી વાણીથી આયુષ્યની ગણતરી કરવી જોઈએ. સગવડ, શક્તિ અને દિલ હોય તો કોઈના પણ સુખનું કારણ બનજો.

માનવનું દિલ સાફ હોય એનામાં શ્રદ્ધા અને સચ્ચાઈ હોય તો એનો હેતુ ફળે.

કદમ અસ્થિર હોય, એને કેડો નથી જડતો,
અડગ મનના માનવીને, હિમાલય પણ નથી નડતો.

તમારી ફરજ, તમારી પ્રાપ્તિ, તમારું નસીબ વર્તમાનની ક્ષણોમાં રહેલું છે. અસત્ય સાથે છેડો ફાડ્યા વિના સત્ય સાથે નાતો જોડી શકો નહીં.

સત્યમાં યુવાન અને કાર્યમાં ગંભીર બની જીવનને સારા કામોથી માપો.

સચ્ચાઈ - સાદાઈ - સંતોષ - પ્રમાણિકતા ને નમ્રતા જીવનમાં ખાસ જરૂરી છે.

એક શકિતશાળી માણસ ઊંચા વિચારો અને કાર્યથી સમાજને શક્તિશાળી બનાવે છે. જાણ પાસે અજાણ થઈ, તત્ત્વ લેવું પાણી, સામા થાય અગ્નિ તો આપણે થવું પાણી.

ધનના અભાવનો ઈલાજ સહેલાઈથી થઈ શકે છે પણ હૃદયની કંગાલીયતને સ્થાને કશું થઈ શકે નહીં.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રૂચિ જેની ઊંચી, ભાવ જેના ભલા, દષ્ટિ જેની મિષ્ટી, તેનું જીવન ઝળામણાં.

ધન અને યશ એ સૌના ભાગ્યને આધીન છે. યોગ અને ભાગ્ય એ પુરૂષાર્થનું બીજું નામ છે.

જે કાર્ય હાથ ધર્યું તેને ન્યાય આપવામાં કસર ન દાખવવી એ જ ખુમારીનું લક્ષણ છે. ધર્મનું કાર્ય આજે જ કરો. સમય અને ભરતી કોઈની રાહ જોતાં નથી.

મતા અને મહત્તા વિના ચાલે પણ મમતા અને માનવતા વિના જીવનમાં ચાલશે નહીં. ભલા રહેજો, ભલા થઈને સૌનું ભલું કરજો.

જીવનને મધુર ને સુંદર બનાવનારા કલ્યાણકારી પ્રસંગો સ્નેહીજનોના સ્નેહ ભાવમાંથી જન્મતા હોય છે. સુંદરતા સૌને ગમે, સત્ય એ જ સુંદરતા છે.

સ્નેહના સેતુંનું સર્જન કરવું એ પ્રેમ ધર્મીનું કાર્ય છે.

જાગતો ઉન્નતિ પામે, ઊંઘતાને થાય હાની,
પુરુષાર્થને મળે છે દેવની સહાય છાની.
સદ્ધરતા, સુવિધા, સગવડતા જ્યાં નજરે ચડે,
સૌની નજર હંમેશા ત્યાં પ્રથમ પડે.

તમારી પાસે કેટલું ધન છે એ મહત્ત્વનું નથી પણ તમારામાં કેટલી ખાનદાની અને કેટલી માનવતા છે એ મહત્ત્વનું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધંધાની જમાવટ તો મનુષ્યનો ખંત, નિષ્ઠાને નેકી જ કરી શકે. ઉત્સાહ ત્યાં થાક નહીં, જાગૃતિ એટલે જીવનનું ડહાપણ સાચી દોલત.

નિખાલસપણે સત્ય સંભળાવતો એકાદ મિત્ર પણ જો તમને મળ્યો હોય તો તેને તમારું સદ્ભાગ્ય માનજો. સંપત્તિ એ પુણ્યની પ્રસાદી છે.

આશાવાદી તકલીફમાં સફળતા જુએ છે, જીવન એક પડકાર છે એને ઝીલો મનુષ્ય યત્ન ઈશ્વર કૃપા.

કોણ દુઃખી છે? કોણ ભૂખ્યું છે? માનવીમાં બુદ્ધિ હોવાથી સમજી શકે છે. ત્યારે ધરાયેલ પશુ - ભૂખ્યા પશુને માથું મારી ખાવા દેતું નથી, આજ રીતે ધનથી ધરાયેલ માનવ જો દુઃખી માણસોને કંઈ પણ કામમાં ન આવે તો માનવ અને પશુમાં કંઈ ફેર રહેતો નથી. તે માનવ પશુ જેવા જ છે, પત્થર જેવો જ ગણાય છે, અભિમાની ગણાય છે.

ગર્વને સ્થાન નથી જ્યાં ગૌરવનું સ્થાન છે.
વિવેક વિનાના વિચારની કીંમત નથી,
સુખ-માન આવી પડે એ પુણ્યનો પ્રભાવ છે.
તમારા આચરણમાં જ મહત્ત્વની કસોટી છે.

દુર્બળ મનનાં માણસો સંકટોથી નિર્બળ બનીને તેમને તાબે થઈ જાય છે, મજબૂત મનોબળવાળા માણસો તો સંકટોને દાબી દઈને તેમની ઉપર સવાર થઈ જાય છે.

**- વોશિંગ્ટન ઈર્વિંગ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઈશ્વરે સગવડ અને શક્તિ આપ્યાં હોય તો કોઈના સુખનું કારણ બનજો. જેટલું કરી શકો તેટલું જ કરો, અશક્યતા છુપાવો નહીં.

ધર્મ અને વ્યવહાર તરીકે પ્રમાણિકતા સુખી થવાનો જરૂરી ગુણ છે. સમજુ માણસનો એ ધર્મ છે કે ઊંચે ચડનારને ટેકો આપવો.

સુખમાં ફુલાઈ ન જવું અને દુઃખમાં ગભરાઈ ના જવું એમાં જીવનની સાર્થકતા છે. જીવન એક પડકાર છે, જીવન એક તક છે, સ્વપ્ન છે તેને સાકાર કરો.

નિષ્ઠા - નેકદિલી - ખંત - વિનય - ધીરજ અને સત્યતા આથી ધંધાનો વિકાસ થાય છે.

તમન્ના ને તાકાત હોય તો દરેક કાર્ય સિદ્ધ થાય છે. દરેક માણસને સંસ્કાર અને વાતાવરણ પ્રમાણે સુખ મળે છે.

પ્રત્યેક માનવી પાસે ધનથી ખરીદી ન શકાય તેવો આશિષનો ખજાનો હોય છે. આયોજન કરી અમલ કરનારને હંમેશા વિજય મળે છે.

પરસ્પર સહકાર, સંગઠન અને તમન્ના જ તમને સજીવન રાખશે, સમાજના કલ્યાણાં જેઓ જહેમત ઉઠાવે છે એને સમાજ વંદન કરે છે.

વાણીમાં માધુર્ય, મનમાં ઉદારતા અને ઈષ્ટમાં પ્રેમ રાખનાર સિદ્ધિ મેળવે છે. પુણ્યથી પૈસો મળે છે, પુણ્યથી પૈસો વધે છે અને પુણ્યથી પૈસો વપરાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દરેક માણસ પોતાના કાર્ય અને પરિશ્રમથી મહાન થઈ શકે છે. વસ્તુને પામવું - ટકવું અને આગળ વધવું બધું પુરુષાર્થથી જ થાય છે.

જેટલું કરી શકો તેટલું જ કહો, દરેક પોતાના ભવિષ્યનો વિધાતા છે. વિવેક વિનાના વિચારની કીંમત નથી, જીવનમાં માસ્ટર કી હોય તો એ ધર્મ છે.

પથારી હોય તેટલી જ સોડ તાણવી, બોલવું એટલું કરવું અને સાદાઈથી રહેવું જોઈએ. સદ્‌વર્તન અને માયાળું સ્વભાવ માનવની મહાનતાનો માપદંડ છે.

તક ને સમૃદ્ધિ મળ્યા હોય તેમની જવાબદારી શક્તિશાળી થવાની છે.

સદ્‌વર્તન અને માયાળું સ્વભાવ એ જ માનવની મહાનતાનો માપદંડ છે.

તપથી સવિ સુખ સાંપડે, તપથી પામે જ્ઞાન,
તપથી કેવળ ઉપજે, તપ મોટું વરદાન,
જીવનમાં શક્તિશાળી સાચા અને સારા મનથી
જીવનને સામર્થ્ય અને શક્તિશાળી બનાવી દે છે.

સાહસથી માણસમાં ધગશ, તમન્ના, કરકસર, હોંશિયારી, સાવચેતી બધું જ કેળવાય છે. જેને વિપત્તિ માપી લીધી છે તેને વિપત્તિ નમાવી શકતી નથી.

હિંમત - દૃઢ મનોબળ - દીર્ઘ દ્રષ્ટિ ને કાર્ય નિષ્ઠા - પ્રગતિ માટેના ગુણો છે. સમાજને બળવાન બનાવવાની ફરજ, કર્તવ્ય દરેક શ્રીમંત ભાગ્યશાળીની છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જાત સિવાય કોઈ મદદ નહિ કરે એ સમજવાનો વખત આવી પહોંચ્યો છે.

દરેક મનુષ્યે સર્વની ઉન્નતિમાં પોતાની ઉન્નતિ સંકળાયેલી છે એમ સમજવું જોઈએ.

દિલાવરવાળા મનુષ્ય સાચે જ જીવન જીવી જાય છે. જીવનનું ઝવેરાત મુશ્કેલીના પત્થર સાથે ઘસાઈ ને ઝળકે છે.

માનવતા એ જ મહાન ધર્મ છે. સારા કામની કદર જરૂર થાય છે.

હૈયામાં હામ હોય, બાવડે બળ હોય, પગમાં જોર હોય અને તકદીરનો સાથ હોય તો પૈસા હાથવેંતમાં ખરા જ. પુરૂષાર્થ સાચો પારસમણી છે, મહાવરો માનવીને સંપૂર્ણ બનાવે છે.

ક્ષેત્ર મર્યાદિત અને દૃષ્ટિ વિશાળ રાખો, સુવાસ રહી જાય એવું જીવન જીવો. સારા વિચારો અને કાર્યોથી મન પવિત્ર કરો.

દરેક માણસ પોતાની કલ્પનાથી અને પોતાની વાણીથી પોતાની જ કીંમત કરાવે છે. નવું જ્ઞાન અને અનુભવો મેળવે તેને પ્રતિષ્ઠિત લેખવામાં આવે છે.

જે માણસમાં ગુણ હોય, તેની બીજામાં સદ્‌ગુણ દેખાય, સદ્‌ગુણો ઉપર જન્મ અને સંપત્તિનું વર્ચસ્વ રહેતું આવ્યું છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કાં તો હું રસ્તો શોધી કાઢીશ, અગર રસ્તો કરીશ. અગાઉ ન થઈ શક્યું હોય એવું અને ફરી ન થઈ શકે એવું હિત કરવાની તક ન મળતી હોય તેવો ભાગ્યે જ કોઈ દિવસ થાય છે.

**- ડબલ્યુ એચ. બાર્લી**

વિવેકબુદ્ધિ, માન-મર્યાદા અને સત્ય જેમાં ડૂબી જાય એવો તળિયા વગરનો દરિયો તે પૈસો છે. **- કોઝ્વે**

સદ્‌ભાગ્ય સદાય પરિશ્રમની સાથે અને પાછળ જ હોય છે.

**- ગોલ્ડ સ્મિથ**

હું નરકમાં પણ સારા પુસ્તકોનું સ્વાગત કરીશ કારણ કે તેમનામાં એટલી શક્તિ છે કે તે જ્યાં હશે ત્યાં આપોઆપ સ્વર્ગ બની જશે.

**- લોકમાન્ય તિલક**

મન મહાન જાદુગર અને ચિત્રકાર છે. મન બ્રહ્મસૃષ્ટિનું તત્ત્વ છે. સંકલ્પ વિના સૃષ્ટિ નથી થતી અને મન વિના સંકલ્પ નથી થતો.

**- સાને ગુરૂજી**

પ્રેમનાં બંધને બંધાઈને જ્યાં સુધી લોકો એક થયેલા હોય છે ત્યાં સુધી તો ગમે તેવા ઝેરને પણ તેઓ પચાવી જઈ શકે છે.

**- રવીન્દ્રનાથ ટાગોર**

માનવ જ્યારે માનવ મટી દાનવ બને છે ત્યારે તે ધર્મને બદલે ધનનું, સત્યનાં બદલે સંપત્તિનું, વિરાગના બદલે વિલાસનું અને સમતાને બદલે મમતાનું સન્માન તથા સ્વાગત કરે છે. **- સુદર્શન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હૃદયનો થોડો અંશ નાના ભોળા બાળકો માટે બચાવી રાખજો. પુણ્ય કે તીર્થાટન ન થાય તો ભલે પણ પેલા નિર્દોષ ભૂલકાંઓની આંખમાં આંખ પરોવીને પૃથ્વી પરના ઈશ્વરના દૂતને મળતાં રહેજો. શિશુ પાસેથી તમને નિરંતર પ્રસન્નતા નિખાલસતા અને જીવન જીવવાની અસલી મઝાનો ભરપૂર પરિચય થશે. **- ખલીલ જિબ્રાન**

મોટાભાઈ બલરામની સાથે રંગ મેદાનમાં દાખલ થયેલ શ્રીકૃષ્ણની સાથે મલ્લીએ પોતાના નાશ માટે ફેંકાયેલા વ્રજરૂપે જોયા, માનવીઓએ માનવ શ્રેષ્ઠરૂપે જોયા, સ્ત્રીઓએ સાક્ષાત કામદેવરૂપે જોયા, અધમ રાજાઓએ પોતાને સજા કરનાર દંડ દેનાર રૂપે જોયા, ગોવાળોએ પોતાના એક ગોવાળ રૂપે જોયા, મા-બાપે પોતાના શિશુ રૂપે જોયા, કંસે પોતાના કાળરૂપે જોયા, અજ્ઞાનીઓએ વિરાટ રૂપે જોયા, યોગીઓએ પરમ તત્ત્વરૂપે જોયા અને વિષ્ણુઓએ સ્વજનોને પોતાના કુલ દેવતારૂપે શ્રીકૃષ્ણને જોયા.

**- શ્રીમદ્ ભાગવત**

ઉત્તમ માણસ બોલવામાં ધીરો હોય છે, પરંતુ કાર્ય કરવામાં ઉતાવળો હોય છે. **- કોન્ફ્યુશિયસ**

તમારી સફળતાથી લોકો તમને માપશે, સંજોગો પ્રતિકૂળ હોવા છતાં ય કદી પણ ચારિત્ર્ય અને નીતિને શિથિલ બનવા દેશો નહીં. પ્રતિકૂળ સંજોગોનો સામનો કરવાની શક્તિ મેળવવી તેમાં જ સફળતાની ખરી ચાવી છુપાઈ છે. **- એવર મોન્ડ**

ઈન્દ્રિયો પર વિજય મેળવવો એ જ રાજ્યનું મૂળ છે, ઈન્દ્રિયોને જીતવાનું મૂળ વિનય છે. **- ચાણક્ય**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સશક્ત શરીર એ પૈસા કરતાં મોટી સંપત્તિ છે ને નિર્વિષથી આત્મ સુખ એ બીજા સર્વ વિષજન્ય આનંદો કરતાં મોટો આનંદ છે.

**- એફસિઝિથસ્ટિસ**

સંગીતની સાધનાથી પ્રભુની પ્રાપ્તિ થાય છે. સંગીત મનુષ્યને પરમ શાંતિ અને પરમ આનંદ આપે છે. **- પંડિત રવિશંકર**

એક માણસ એટલો બધો આગળ વધ્યો હોય કે તે ધ્રુવને સ્પર્શ કરે અથવા સૃષ્ટિ આખીને પોતાની મુટ્ઠીમાં સમાવી દે, પણ તેનું માપ તો તેની આંતરિક યોગ્યતા ઉપરથી જ થવું જોઈએ. અંતઃકરણ જ મનુષ્યનું માપ છે. **- વોટસ**

સત્યના ત્રણ ભાગ છે, પ્રથમ જિજ્ઞાસા - જે તેની આરાધના છે, બીજું જ્ઞાન - જે તેની ઉપસ્થિતિ છે અને ત્રીજું વિશ્વાસ - જે તેનો ઉપભોગ છે. **- બેકન**

જે પાપ નથી કરતો તે દેવ છે, પાપનો પસ્તાવો નથી કરતો તે દાનવ છે.

**- હિતોપદેશ**

વિદ્યારૂપી ધનને કોઈ ચોરી શકતું નથી, રાજા દંડના રૂપમાં તે પડાવી શકતો નથી, ભાઈ તેમાંથી પોતાનો હિસ્સો માંગી શકતો નથી એનો જરાપણ બોજ લાગતો નથી, તે આપવાથી વધે છે અને તમામ ધનમાં ઉત્તમ ધન છે. **- અધ્યાત્મ રામાયણ**

સુખનું મૂળ ધર્મ છે, ધર્મનું મૂળ અર્થ છે અને અર્થનું મૂળ રાજ્ય છે.

**- ચાણક્ય**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુવિધાઓની સાથે જવાબદારીઓ પણ જરૂરી છે, અધિકારોની સાથે ઉત્તરદાયિત્વ પણ જોડાયેલું છે. પોતાના અધિકારોની રક્ષા સાથે નાગરિકોએ એકતાની રક્ષા માટે પણ જવાબદારી વહોરવી પડશે.

**- ગાંધીજી**

હિન્દુ ધર્મ તો માત્ર જાતિ-જ્ઞાતિઓનો સમૂહ છે. દરેક જાતિ અહીં પોતપોતાની ઓળખ માટે સજાગ છે, તેનું પોતાનું અસ્તિત્વ જ દરેક વસ્તુની શરૂઆતમાં અને દરેક વસ્તુના અંતમાં છે. જાતિઓથી મળીને પણ મહાસંઘ નથી બનતો. હિન્દુ-મુસ્લિમોના કોમી હુલ્લડોને બાદ કરતાં ભારતની જાતિ-જ્ઞાતિઓને એકસાથે જોડાવાની કોઈ ભાવના ઉભરાતી નથી. હિન્દુઓની બધી જ જાતિઓ પોતપોતાની અલગ-અલગ ઓળખ બતાવવા અને બીજાથી અલગ દેખાવામાં જ માને છે તેથી હિન્દુ કોઈ સમાજ દેશની રચના કરી શકતા નથી.

**- ડૉ. ભીમરાવ આંબેડકર**

ઈશ્વરની ભક્તિમાં જ ધર્મ નથી. નીતિ અને સદાચાર પણ ધર્મ છે. દુઃખથી બચવા દુઃખ આપવાનું બંધ કરો. હિંસાથી સૂક્ષ્મમાં સૂક્ષ્મ જીવને પણ દુઃખ પહોંચે છે. ત્યાગ અને સંયમનું જીવન જીવવાથી મુક્તિ વહેલી મળે છે. અજાણતાં પાપ થાય છે તે માટે ક્ષમા માંગો અને ક્ષમા આપો. જ્ઞાન પ્રગટાવો, જ્ઞાનને કાયમ પ્રકાશમાં રાખો.

**- ભગવાન શ્રી મહાવીર સ્વામી**

ઘણી વખત માનવ ચારિત્ર્યને સાચો ન્યાય આપવા માટે આપણી પાસે ઘણો મામૂલ અનુભવ હોય છે. આવો ન્યાય તોળવા માટે એકલો અનુભવ કામ લાગતો નથી પરંતુ સાથોસાથ હૃદયની વિશાળતાની પણ જરૂર પડે છે. **- બુવલર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માનવીએ પ્રભુ પર એટલી શ્રદ્ધા રાખવી જોઈએ કે જેથી તેને જગતની સહાનુભૂતિની જરૂર જ ન પડે. **- ઈશુ ખ્રિસ્ત**

વિશ્વમાં મોટામાં મોટી મુશ્કેલી એ છે કે મૂર્ખાઓનો આત્મવિશ્વાસ કદી ડગતો નથી અને બુદ્ધિમાનોને પોતાની શંકાઓમાંથી ફુરસદ મળતી નથી. **- બર્ટ્રાન્ડ રસેલ**

ગુણોથી જ માનવી મહાન થાય છે. ઊંચા સિંહાસન ઉપર બેસવાથી નહીં. ભવ્ય મહેલના શિખરે બેસવાથી કાગડો ગરૂડ થઈ જતો નથી. **- ચાણક્ય**

જેઓ સંસાર વ્યવહાર કરે, ઓફિસનું કામ કરે કે ધંધો રોજગાર કરે તેઓએ પણ સત્યનું પાલન કરવું જ જોઈએ. સત્ય પાલન એ આ કળિયુગની તપશ્ચર્યા છે. **- રામકૃષ્ણ પરમહંસ**

જીવનની કેટલીક અગત્યની બાબતો સંઘરવાનું ઉત્તમ સ્થાન પોતાનું હૃદય જ છે. **- રુડિયાર્ડ કિપ્લીંગ**

બોજો ફેંકવા જશો તો દૂર નહીં થાય પણ બોજાને પૂરો સમજશો તો પાકા ફળની જેમ ખરી પડશે. **- જે. કૃષ્ણમૂર્તિ**

જેઓ વધારે કાબૂ મેળવે છે અથવા વધારે કામ કરે છે તેઓ ઓછામાં ઓછું બોલે છે. બંને વસ્તુ સાથે જોવા મળતી નથી. જુઓ કુદરત સૌથી વધારે કામ કરે છે, ઊંઘતી નથી, છતાં મૂંગી છે. **- ગાંધીજી**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બાળકોને તમે પ્રેમ આપો પણ તમારા વિચારો નહીં કારણ કે એમની પાસે એમના પોતાના વિચારો છે જેમાં પ્રકૃતિની સર્જકતા અને પ્રસન્નતા પારાવાર.
**- ખલીલ જિબ્રાન**

રાષ્ટ્રીય એકતાનું ચણતર કોઈ ઈંટ અને ચૂના વડે કરી નહીં શકાય. એ તો માણસોના દિલ અને દિમાગમાં શાંતિપૂર્વક પાંગરવી જોઈએ. ને એ માટેની પ્રક્રિયા કેળવણીની પ્રક્રિયા જ હોઈ શકે.
**- ડૉ. રાધા કૃષ્ણન**

વૃદ્ધજનોની સેવાથી વિનય પ્રાપ્ત થાય છે તેમજ અનુભવપૂર્વકનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.
**- ચાણક્ય**

જેમાં જવાબદારી, સ્વાર્પણ અને શિસ્તની ભાવના ન હોય તે સ્વતંત્રતા નહી પરંતુ સ્વતંત્રતાના અભાવની પરિસ્થિતિ છે.
**- જવાહરલાલ નેહરૂ**

શ્રેષ્ઠ ગ્રંથ ગીતા, શ્રેષ્ઠ દેવ શ્રીકૃષ્ણ, શ્રેષ્ઠ મંત્ર 'શ્રી કૃષ્ણ શરણં મમ' અને શ્રેષ્ઠ ધર્મ પ્રભુસેવા છે.
**- શ્રીમદ્ વલ્લભાચાર્યજી**

ઉપવાસ કરવો સહેલો છે પણ સંયમપૂર્વકનો આહાર રાખવો અઘરો છે. મૌન સહેલું છે પણ સંયમપૂર્વક બોલવું અઘરૂં છે.
**- વિનોબા ભાવે**

ભૂલને સુધારી લઈએ એટલે ભૂલ સુધરી જાય છે પણ ભૂલને દબાવી દઈએ છીએ ત્યારે તે ગૂમડાંની પેઠે ફૂટે છે અને ભયંકર સ્વરૂપ લે છે.
**- ગાંધીજી**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બધાની સગવડ ન સચવાય તો ચિંતા ન કરશો પરંતુ આપણા કારણે કોઈ તકલીફમાં ન મૂકાય તે ખાસ જોજો.

- સ્વામી વિવેકાનંદ

જીવન ઉત્સાહ, આનંદ અને ગતિથી ભરપૂર છે પણ આ સર્વેમાં જેઓ ધૈર્ય અને વિવેક દાખવે છે તેઓ પરમ સૌભાગ્યને પ્રાપ્ત કરે છે.

- વિનોબા ભાવે

જે સજ્જનોનાં હૃદયમાં પરોપકાર કરવાનો ઉત્સાહ નિરંતર જાગ્રત રહે છે તેમની વિપત્તિઓનો નાશ થાય છે અને પગલે પગલે તેમને સંપત્તિ પ્રાપ્ત થાય છે.

- ચાણક્ય

ઢોંગ શરૂઆતમાં આશરો આપે છે ને પછી દગો દે છે. સલામતીની ખાતરી આપે છે પણ અંતે બમણી ફજેતી કરાવે છે. પાપ તો વરાળ જેવું છે. જેમ વધારે દબાવીએ તેમ વધારે જોરથી બહાર આવે છે.

- ફાધર વાલેસ

માણસો દ્વારા જ ભગવાનનો સંબંધ બંધાશે. સંસારમાં થઈને જ મુક્તિનાં ધામમાં જવાશે. પ્રેમની દિક્ષા લઈને જ ભક્તિનો અધિકાર મળશે. માનવ ધર્મ પાળીને જ વિશ્વધર્મ પળાશે.

- ફાધર વાલેસ

હિંમત અંતરમાંથી પ્રગટતી વસ્તુ છે, સંખ્યામાંથી નહીં.

- ડ્રાયડન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મેં અમુક વ્યક્તિને મદદ કરી છે એવું ક્યારેય વિચારશો કે અનુભવશો નહીં. ભગવાને મને સેવા કરવાનો સુઅવસર આપ્યો છે એવું જ હંમેશા વિચારો. **- સ્વામી શિવાનંદ સરસ્વતી**

અજ્ઞાન માટે જવાબદાર હોય તો 'તક' નો અભાવ નહીં, પણ અજ્ઞાન દૂર કરવાની ઈચ્છાનો અભાવ હોય છે. શિક્ષણ માટે જે ભોગ આપવો પડે તે આપવાની વૃત્તિનો અભાવ હોય છે.

**- સ્વેટ માર્ડન**

જેવી રીતે સોનાથી જડેલું રત્ન અત્યંત સુશોભિત લાગે છે તેમ વિવેકી મનુષ્યને પ્રાપ્ત કરીને વ્યક્તિ સુંદરતાને પ્રાપ્ત કરે છે. ત્રણ માણસોના કાન સુધી જતાં ગુપ્ત વિચાર પ્રગટ થઈ જાય છે.

**- ચાણક્ય**

જન સમૂહની નિરક્ષરતા એ હિન્દુસ્તાનનું પાપ છે, શરમ છે, અને તે દૂર કરવી જ જોઈએ. **- મહાત્મા ગાંધીજી**

ધર્મસ્થાનોમાં આમંત્રણની અપેક્ષા ન હોય, અપેક્ષા રાખે તે અભિમાની હોય. વગર આમંત્રણે નમ્રભાવે જવું જોઈએ. માન મેળવવાની યોગ્યતા પ્રાપ્ત કરવી તે સામર્થ્યનું પ્રથમ લક્ષણ છે. પણ તેથી પૂર્ણ યોગ્યતા હોવા છતાં માનની તદ્દન અપેક્ષા કર્યા વિના નિરાભિમાની થઈને વર્તવું તે ત્યાગની સર્વોચ્ચ ભૂમિકા છે. માનનો ત્યાગ એ છેલ્લો ત્યાગ છે. **- સ્વામી સચ્ચિદાનંદજી**

સંબંધોની શબવાહિની-સંબંધો વણશે ત્યારે સ્મૃતિ બોજો બની રહે છે.

**- સુરેશ દલાલ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

યાદ રાખો કે જે સિક્કો તમે વૃદ્ધ, અશક્ત, જરૂરિયાતવાળા દરિદ્રના હાથમાં આપ્યો એ સિક્કો, સિક્કો નથી રહેતો, ઈશ્વરી અંતર સાથે તમારા હૃદયને જોડનારી એ સોનેરી સાંકળ થઈ જાય છે.

- ખલિલ જિબ્રાન

લોકોની ભૂલ એ છે કે મનથી બુરા ભાવોને કાઢી નાખવાની ઈચ્છા કરે છે, પરંતુ એના સ્થાને સદ્ભાવોને પ્રતિષ્ઠિત કરતા નથી. તેઓ પોતાના મનની ધૃણાની ભાવનાને દૂર કરવા ઈચ્છે છે. પરંતુ એના સ્થાને પ્રેમની ભાવનાને સ્થિત કરવા નથી વાંચ્છતા.

- સ્વેટ મોર્ડન

મોહ ભૂતકાળ અને ભવિષ્યકાળને વીંટળાઈ રહેલો હોય છે. વર્તમાનકાળનો માર્ગ ભુલાવવામાં એ ભારે ઉસ્તાદ છે.

- રવીન્દ્રનાથ ટાગોર

બધું આપી દઈશ તો ખાઈશું શું? આ આસુરી વિચાર
બધું ખાઈ જઈશ તો આપીશ શું? આ દેવી વિચાર.

- ભગવાન બુદ્ધ

અધુરું કામ છોડીને ઘરે પાછા ફરતાં મનુષ્યો કદી સંતુષ્ટ હોતા નથી. એમને કશુંક ખૂંટતું હોવાની અનુભૂતિ સતત પીડતી હોય છે. તમે ખુશ નથી હોતા એટલે ઘરમાં પણ ખુશી નથી હોતી. ઘરનું વાતાવરણ તમને કંટાળો આપે છે. અધૂરા કામની નિષ્ફળતા તમને તમારા ઘરથી પણ દૂર ધકેલતી હોય છે.

- સ્વેટ મોર્ડન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્યારે જ્યારે આફત આવે ત્યારે ત્યારે તમારા સ્વરૂપનું ભાન કરો અને આફત ચાલી જશે. આફતથી ડરશો નહિ તો જ તેનો નાશ થશે તેની સામા થશો એટલે આફતને જવું જ પડશે. તેના ઉપર પગ મૂકો એટલે તેનો અંત આવશે જ.

**- સ્વામી વિવેકાનંદ**

ઈશ્વરનું પરમ આશ્ચર્ય ચિહ્ન - ગુલાબને ચુંટશો નહીં, ચૂંથશો નહીં એની સુવાસ અને સૌંદર્ય જ પૂરતાં છે. **- જ્હોન હે**

જીવનની આકૃતિનો આધાર - હું હા સાથે સૂતો અને ના સાથે જાગ્યો.

**- રોએથકે**

મનની મર્દાનગી - ત્રણ વાનાં મુજને મળ્યાં : હૈયું, મસ્તક, હાથ, બહુ દઈ દીધું, નાથ - જા ચોથું નથી માંગ્યું.

**- ઉમાશંકર જોષી**

અવગતિયા અને સદ્‌ગતિયા શબ્દો - તમામ શબ્દો એ વિચારને ટાંગવાની ખીંટીઓ છે.

**- હેનરી વોર્ડ લીચર**

માણસ છે એ જ પૂરતું છે - એકકેય એવું ફુલ ખીલ્યું છે નહીં કે જે મને હો ના ગમ્યું.

**- પ્રિયકાન્ત મણિયાર**

માનવ ચંચળ... પ્રકૃતિ અવિચળ - માણસે આપણને નાગરિક બનાવ્યા, એ પહેલાં મહાન પ્રકૃતિએ આપણને માણસ બનાવ્યા હતા.

**- જેમ્સ રસેલ લોવેલ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સભાવનો અનુભવ - શ્રીમંત હોવું ને અભિમાની ન હોવું સહેલું છે, ગરીબ હોવું ને બડબડાટ વિના રહેવું મુશ્કેલ છે.

**- કન્ફ્યુશિયસ**

ખૂણાં-ખાંચા વિનાનો ખૂણો - માણસની ભીતર એક એવું સ્થળ હોય છે જ્યાં એ એકલો જીવે છે અને ત્યાંથી જ એ નવેસરથી ઝરણું જગાડે છે, જે કદી સુકાતું નથી.

**- પર્લ બક**

ધનની ગતિ અને સદ્ગતિ-કોઈનો દાંત ખેંચી કાઢવો એ તો ઘૃણાજનક છે, પણ સોનાની દાંત ખોતરણી વાપરવી એ અશ્લીલ છે.

**- લૂઈ ક્રોનેનબર્ગર**

સૌના મનની વાત જાળવવી અને આપણી સચ્ચાઈને ન છોડવી એમાં જ અહિંસાની કસોટી છે.

**- વિનોબા ભાવે**

બધું ભાગ્ય ઉપર ન છોડી દઈએ અને પુરૂષાર્થનો ફાંકો પણ ન રાખીએ. ભાગ્ય ચાલ્યા કરશે. આપણે જોવાનું એ છે કે તેને આપણે કેટલું વાળી શકીએ છીએ? એમ કરવાની આપણી ફરજ છે. પરિણામ ભલે ગમે તે આવે.

**- ગાંધીજી**

પોતાપણાની તમામ દીવાલોને જમીનદોસ્ત કર્યા વિના, માણસના દિલમાં શિશુનાં જેવો આનંદ આવતો નથી.

**- ધૂમકેતુ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઊઠો અને આળસને ખંખેરી નાંખો. જિંદગીની પળોને આ રીતે બરબાદ ન કરો. કબરમાં ઊંઘવા માટે ઘણો સમય મળી રહેશે.

**- બેન્જામિન ફ્રેન્કલિન**

જે મહેનતું અને ધગશવાળો છે એ પોતે સાધન ગમે ત્યાંથી મેળવી લે છે. જો ન મેળવી સકાય તો એ પોતે બનાવી લે છે.

**- ચેનિંગ**

મુસીબતમાં મૂકાયેલાને મદદ ન કરો તો કાંઈ નહિ, પણ એની મુસીબતમાં વધારો તો ન જ કરો. **- યુનુગો**

મારો પ્રેમ દરિયાની જેમ વિશાળ અને ઊંડો છે. જેટલો પ્રેમ હું બીજાને આપું છું, એટલો જ એ મને મળે છે. અને એમાં સતત વધારો રહે છે. **-, શેક્સપીયર**

જિંદગી એ કુદરત તરફથી મળેલી લોન છે, એનો ઉપયોગ સારો કરો અને એને પાછી વાળી છે. **- ગોનજ**

ફક્ત નકલ કરવાથી કોઈ માનવી મહત્તા નથી મેળવી શકતો.

**- ડૉ. સેમ્યુઅલ જોનસ**

પ્રેમ એક ગીત છે - પ્રેમ કરવો અને શાણા રહેવું અશક્ય છે.

**- ફ્રાન્સિસ બેકન**

તમે પ્રેમની વાતો કરજો - માણસને સંગાથ જોઈએ છે, પછી ભલેને એક બળતી મીણબત્તી જ હોય. **- લિસ્ટનબર્ગ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમય અને સંજોગ સામે લાચાર ન બનો. બલકે, એ બંનેને તમે લાચાર બનાવો.

- નુફાત

એમ ધારી લો કે આજથી ૧૦૦ વર્ષ પછી યુરોપિયનો સાથે પ્રેમનો સતત પરિચય થાય. એ કારણે પ્રજાનું સામાન્ય જ્ઞાન તથા રાજકીય જાણકારી, કળા, વિજ્ઞાન વગેરેના અભ્યાસનો લાભ થાય. એને લીધે ભારતની ઉન્નતિ થાય તો સરકારના અન્યાયી અને દમનકારી પગલાંઓને કારણે સમાજમાં તેની જે અવનતિ થઈ છે, તેની સામે થવા તથા તેની સામે ઝઝૂમવા માટેની પ્રેરણાશક્તિ પ્રજામાં શું જાગૃત નહિં થાય?

- રાજા રામ મોહનરાય

જે લોકો પોતાના મનથી દરેક વાત નક્કી કરી શકે છે, એ પોતાની મનમાની દુનિયા પણ સર્જી શકે છે.

- ફુલર

દુઃખ વેઠવાનું નથી, સમજણપૂર્વક તેને ભોગવવાનું છે, વેઠવામાં દુઃખ છે, ભોગવવામાં મજા છે.

- રવિશંકર મહારાજ

બુદ્ધિગમ્ય હોય એટલું જ માનવું અને આચરવું. વિજ્ઞાનપ્રણીત સમાજ રચના જ જોઈએ. અહિંસા એ એક પ્રકારની નબળાઈ છે. અહિંસામાં મને બહુ વિશ્વાસ નથી. એકલા ધર્મ પર આધારિત રાજ્ય સંભવે નહિ. રાજકારણમાં ધર્મકારણ ઘુસવું ન જોઈએ.

- વીર સાવરકર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આંતરિક સમૃદ્ધિ એટલે તો એકલા ઊભા રહેવું જ્યારે જે માનવી જાણીતો થવા માંગે છે તે એકલો ઊભો રહેતા ગભરાતો હોય છે. કેમ કે તે લોકોની ખુશામત અને સારા અભિપ્રાયો પર જ આધાર રાખતો હોય છે.

**- જે કૃષ્ણમૂર્તિ**

તમારી નિરાશાનું કારણ એ જ છે કે તમે તમારા સુખને માટે જ જીવવા માંગો છો.

**- ટોલ્સ્ટોય**

સ્મિતની કીંમત આંસું - ખોબો ભરીને અમે એટલું હસ્યાં, કે કૂવો ભરીને અમે રોઈ પડ્યાં.

**- જગદીશ જોષી**

સત્ય, અહિંસા ઈત્યાદિ વ્રતોનું પાલન નિર્ભયતા વિના અસંભવિત છે અને હાલ સર્વત્ર ભય વ્યાપી રહ્યો છે ત્યાં નિર્ભયતાનું ચિંતનને તેની કેળવણી અત્યંત આવશ્યક હોવાથી તેને વ્રતોમાં સ્થાન અપાયું છે. જે સત્ય પરાયણ રહેવા માંગે તે ન નાતજાતથી ડરે, ન સરકારથી ડરે, ન ચોરથી ડરે, ન ગરીબાઈથી ડરે, ન મોતથી ડરે.

**- ગાંધીજી**

કેવળ સ્નેહ ને લીધે ઉદ્ધત માણસને સલાહકાર ના બનાવશો.

**- ચાણક્ય**

કાળ - કાચબો અને સસલું - કાળનું કુસુમ આ સાવ નાજુક છે, જો ખરી જાય ના પાંખડી પલતણી.

**- સુરેશ દલાલ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માણસ જેમ જેમ પોતાના ચિત્તનાં ઉંડાણ પિછાણતો જાય છે તેમ તેમ એ મુક્ત બને છે અને એ જ સાચી પ્રાર્થના છે, સાચું ધ્યાન છે.

- જે કૃષ્ણમૂર્તિ

દ્રવ્યદાનમાં જ દાનનું સુખ સમાયેલું છે એવું નથી. આથી પણ ઉચ્ચત્તર દાન છે. ધીરજ, સમભાવ, વિચાર અને સલાહનું દાન. ગરીબમાં ગરીબ માણસ પણ તે આપી શકે છે.

- એલ. વ્હાઈટીંગ

ઈશ્વરની કૃપા તેના કામ કરવાથી મળે છે અને શરીર વડે, મન વડે તેમજ વાણી વડે દુઃખિયાની સેવા કરવાથી ઈશ્વરનાં કામ થાય છે.

- ગાંધીજી

આવી પડતું કોઈ પણ વિઘ્ન એ પરમાત્માએ મોકલેલી એક ચેતવણી છે, તેવું જો તમે માનશો તો તે આવેલું વિઘ્ન પરમાત્માના આશીર્વાદરૂપ નીવડશે.

- એચ. ડબલ્યુ. બિચર

પોતાના જીવન દરમ્યાન જેઓએ બિલકુલ ઘોંઘાટ ન મચાવતાં માત્ર મુંગા રહીને કામ જ કર્યા કર્યું છે. તેવાઓની કીર્તિગાથાઓની નિનાદ તેમના મૃત્યુ બાદ સમગ્ર સંસારમાં સંભળાયા કરે છે.

- હેઝર્ટ

સરળતાથી જીવવામાં બોલવામાં, વિચારવામાં, ધર્મ ને વિદ્યાને ચારિત્ર્યનો જય છે.

- ફાધર વાલેસ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મારા સદ્‌ગુણો કાંઈ મારી સાથે બીમાર પડતાં નથી, તેમજ તેઓ કબરમાં પણ દટાશે નહીં.

**- એમર્સન**

પાપ પરિપક્વ નથી થતાં ત્યાં સુધી મીઠાં લાગે છે, પણ પાકવા માંડે છે ત્યારે બહું દુઃખ દે છે.

**- ગૌતમ બુદ્ધ**

માછલી વિનાની નદી - ક્યારેક. કોઈક એક વ્યક્તિ નથી હોતી ત્યારે આખી દુનિયા ખાલીખમ લાગે છે.

**- લેમરટાઈન**

આજનો પુરુષાર્થ આવતીકાલનું ભાગ્ય છે.

**- પાલશિરર**

ગરીબોના હૃદયની ધડકન કરતાંય રૂપિયાની ધડકન વધુ સંભળાતી હોય એવા લોભીઓનો આજના કાળે ભારે સમુદાય છે.

બીજાના દોષોની ટીકા કરતી વખતે તારા પોતાનામાં એ દોષો છે કે નહિ એ વિચારી લેજે. બીજાના દોષો કે અપૂર્ણતાઓને આપણામાં રહેલા દોષો શોધી કાઢવા માટે અરીસારૂપ બનાવવા તે પોતાની જાતનું જ્ઞાન મેળવવાનો સારામાં સારો ઉપાય છે.

**- હોજા**

સંજોગો તમારૂં સર્જન કરે તેને બદલે તમે સંજોગોનું સર્જન કરો.

**- રામકૃષ્ણ પરમહંસ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેની પાસે વિશાળ દિલ નથી તેની પાસે બીજાનો વિકાસ જીરવવાની ક્ષમતા હોતી જ નથી.

બહારના જગતમાં બદમાશ માણસ પણ કરોડપતિ બની શકે છે.. આભ્યંતર જગતમાં કેન્સરનો દર્દીય કેવળજ્ઞાન પામી શકે છે.

મોત અને માંદગી વખતે તમારા ચિત્તને પ્રસન્નતા આપી શકે એવા તત્ત્વોને પકડી શકશો તો મળેલ આ કિંમતી જીવન અચૂક સફળ બની જશે.

મોટરને રાખવા માટે ગેરેજની ચિંતા કરતો આજનો શ્રીમંત એ ગેરેજને સાચવનારો માણસ ક્યાં રહે છે, એની ચિંતા કરતો હશે કે કેમ, એ પ્રશ્ન છે....

યુવાવસ્થા અને વૃદ્ધાવસ્થામાં ખાસ તફાવત કયો? ભાવતું ખાઈ શકાય એ યુવાવસ્થા અને ફાવતું જ ખાવું પડે એ વૃદ્ધાવસ્થા!

સાકરનાં ત્યાગમાં જેમ મીઠાશની અવગણના સ્પષ્ટ છે તેમ સમ્યક્ આચરણની અવગણનામાં સમ્યક્ શ્રદ્ધાની કચાશ મુખ્ય છે.

મેદાનમાં હારનારા હજી જીતી શકે છે પણ મનથી હારી ચુકેલાઓ માટે વિજયના દરવાજા કાયમ માટે બંધ થઈ જાય છે.

ઝઘડાઓ મોટે ભાગે સત્યના કારણે નહીં પણ પોતે માની લીધેલા સત્યના કારણે થતા હોય એવું નથી લાગતું?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

રોગીઓના રોગોને દૂર કરવા માટે ભારે જહેમત ઉઠાવનારા આજના કાળના અનેક ડૉક્ટરોમાંનો એક પણ ડૉક્ટર સો વરસનો થયો હોય તેવું દેખાતું નથી... શું સમજવું?

બાળકને ફોટાઓના આલ્બમો જોવાનો રસ છે, આપણને ભૂતકાળના વિચારોને વાગોળવાનો રસ છે... બાળકમાં અને આપણામાં ફેર ક્યાં રહ્યો?

પરમાત્માને તર્કથી સિદ્ધ કરી આપો, આવું કહેનારને માટે એટલું જ કહેવું છે કે પરમાત્માને તર્કથી સિદ્ધ કરી શકાય એમ નથી કારણ કે પરમાત્મા તો બધાય તર્કોનો આધાર છે.

રામ અને મહાવીર થયા છે કે નહીં, એના પર આજે સંશોધન ચાલે છે પણ હિટલર અને ચંગીઝખાનના અસ્તિત્વ વિશે કોઈનેય શંકા નથી.

ગમે તેવો પણ ગાઢ અંધકાર દીવાને સળગતો અટકાવી શકતો નથી એ જાણ્યા પછી કલુષિત વાતાવરણના કારણે હું ધર્મ કરી શકતો નથી એ બોલવું મારે માટે મુશ્કેલ બની ગયું છે.

નાના માણસની મોટી પણ ભૂલમાં એટલું નુકશાન નથી થતું જેટલું નુકશાન મોટા માણસની નાની પણ ભૂલમાં થતું હોય છે.

હજારો શૂન્યને ભેગા કરો, એક જ શૂન્ય રહે. અહંકાર શૂન્ય હજારો વ્યક્તિઓને ભેગી કરો, એક જ અભિપ્રાય રહે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોતને કમૂરતા નથી નડતા એ જાણવા છતાંય 'ધર્મ તો ઘરડે ઘડપણે કરશું' આવું બોલનારની માનસિક દરિદ્રતા પર દયા આવી જાય છે.

ઘરમાં પિતાનું સ્થાન મસ્તકનું છે. જ્યારે માતાનું સ્થાન હૃદયનું છે. મસ્તક ઘર ચલાવે છે, જ્યારે હૃદય ઘર ટકાવે છે.

ધર્મ કહે છે શ્રદ્ધા જ ન હોય તો ભગવાન દેખાય શી રીતે? વિજ્ઞાન કહે છે, દેખાય જ નહીં તો ભગવાન પર શ્રદ્ધા જામે શી રીતે?

આટલા બધા જીવો સતત દુઃખોના ભાર નીચે કેમ જીવતા હશે? જરૂરિયાતોને પૂરી કરવાને બદલે ઈચ્છાઓને પૂરી કરવાના તેઓ પ્રયત્નો કરે છે માટે!

યોગીઓ સ્મશાનમાંથી મુક્તિમાં જઈ રહ્યા છે.. ભોગીઓ ઘરમાંથી સ્મશાનમાં જઈ રહ્યા છે.

નિંદા અને નિંદ્રા ઉપર વિજય મેળવ્યા પછી જ ભજન થઈ શકે છે.

- ડોંગરેજી મહારાજ

આ દુનિયામાં મોટા માણસો તો ઘણાં મળે છે... સારા માણસો ક્યાંક મળી જાય છે, પણ મોટા માણસો સારા હોય એવાને તો શોધવા નીકળવું પડે તેમ છે.

આજના કાળે મકાનો રોજેરોજ ઊંચા થતા જાય છે અને એમાં રહેનારા માણસો રોજેરોજ નીચા થતા જાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શ્વાસના અંતવાળા મરણો તો આજ સુધીમાં ઘણાં મળ્યા પણ આશના અંતવાળું એકાદ પણ મરણ જો મળી જાય તો મહાજીવનમાં પ્રવેશ થયા વિના ન રહે એ નિશ્ચિત વાત છે.

આપણા મનને માંજી દેનારો આપણને દુશ્મન લાગે છે જ્યારે આંજી દેનારો મિત્ર લાગે છે.

ગરીબને ધનવાન પાસે શું શું છે, એ જ દેખાય છે જ્યારે ધનવાનને પોતાની પાસે શું શું નથી એ દેખાય છે. બંને દુઃખી છે.

માત્ર લોટરીની ટિકિટનો નંબર બહાર પડે છે અને રાતોરાત ધનવાન બની જવાય છે પણ ગુણવાન રાતોરાત બની જવાય એવી કોઈ લોટરીની યોજના આધ્યાત્મિક જગતમાં અમલમાં આવી નથી.

શણગારેલા મડદા કરતાંય જીવતા માણસની કિંમત વધારે છે, તો ગરીબ ઉદાર માણસની કિંમત કંજૂસ કરોડપતિ કરતાં કંઈ ગણી વધારે છે જ એમાં લેશ શંકા રાખવા જેવી નથી.

જમીનમાં પડેલા બાવળિયા ન ઉગે ત્યાં સુધી રસ્તો કદાચ ગાદી જેવો લાગે એ શક્ય છે. મનની ધરતીમાં ધરબાયેલા પાપો જ્યાં સુધી પ્રગટ ન થાય ત્યાં સુધી જીવન સુંદર લાગે એ શક્ય છે પણ પ્રગટ થયા પછી?

જે તમારૂં નથી એ તમે છોડી દો... તમારૂં જે છે એ હું તમને આપી દઉં. ધર્મનો આ સંદેશ બહુ ઓછા જીવનો સંભળાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

લોટરીની ટીકીટ મળે છે તો ઘણાં બધાને, પણ ફળે છે તો માત્ર એકાદને જ! મનુષ્ય જન્મ મળે છે તો અનેકને પણ ફળે છે તો કો'ક ને જ.

સત્તાના સિંહાસને બેસવા માટે તો કાવાદાવાઓ કરવા પડે છે પણ લોકહૃદયમાં બિરાજમાન થવા માટે તો સમ્યક્ સાધનાઓ કરવી પડે છે.

કાળા વસ્ત્રોનું પરિધાન જો કો'કના મોતનું સૂચક છે તો કાળા વિચારોનું આધિપત્ય એ આત્મગુણોની થઈ ગયેલી હત્યાનું સૂચક છે.

પેટમાં જ્યારે મળ જામી જાય છે ત્યારે જીભ પર ચાંદા પડી જાય છે. મનમાં જ્યારે ક્રોધ પેદા થાય છે ત્યારે જીભ પર કટુ શબ્દો ઊભા થાય છે.

વિજ્ઞાન - એના કેન્દ્રમાં શંકા છે.. ધર્મ - એના કેન્દ્રમાં શ્રદ્ધા છે.. શંકાશીલ માનસ ધર્મ માટે બાધક છે... શ્રધ્ધાશીલ માનસ વિજ્ઞાન માટે પ્રતિબંધક છે.

એણે જીંદગીમાં માત્ર પૈસા જ બચાવ્યા, એ રીબાઈ - રીબાઈને જીવ્યો! પેલાએ મળેલા પૈસાથી માણસોને બચાવ્યા, અને એ હસતાં - હસતાં મર્યો!



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કન્યા પારકાં ઘરે જઈ રહી હોવા છતાં જો મંગળ ગીતો ગવાતાં હોય તો પછી આ ખોળિયાનો ત્યાગ કરીને પારકા ખોળિયામાં પ્રવેશ કરાવતાં મોત વખતે મરસિયા શા માટે?

શરીરનો બીમાર, ડૉક્ટરની જ વાત માને, હાલતાં-ચાલતાં માણસોની નહીં. મનનો રોગી અનંત જ્ઞાનીઓની જ વાત માને, ગમે તેવા અલેલ ટપ્પુની નહીં.

સંપત્તિમાનો - અનેકને આંસુઓ પડાવીને સંપત્તિ કદાચ તમે એકઠી કરી હશે, કાંઈ નહીં - કમસે કમ હવે એટલું તો કરો કે એ સંપત્તિ અનેકના આંસું લૂંછનારી બને!

કોઈના ખીસા ખાલી થયા પછી જ તમારી પાસે આવતા પૈસા, કાયમ માટે તમારી પાસે રહેશે એવું માનવાની ભૂલ ક્યારેય કરશો નહીં.

લોખંડની સાંકળ કરતાંય આશાની સાંકળ ભારે વિચિત્ર લાગે છે. લોખંડની સાંકળે બંધાયેલો એક ડગલું ય ચાલી શકતો નથી જ્યારે આશાની સાંકળે બંધાયેલો હજારો માઈલની મુસાફરી મજેથી કરી શકે છે.

વડીલની વાત બાળકને સમજાતી નથી કારણ કે બાળક પાસે વડીલ જેવી બુદ્ધિ નથી.. બાળકની વાત વડીલને સમજાતી નથી કારણ કે વડીલ પાસે બાળક જેવું હૃદય નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમારી વાત સાચી હોય ત્યાં સુધી તો બહુ વાંધો નથી પણ 'મારી જ વાત સાચી છે' આવો આગ્રહ જ્યારે ઉભો થાય છે ત્યારે પ્રાયઃ કરીને સંઘર્ષો પણ પેદા થયા વિના રહેતા નથી.

ગુંડા પ્રત્યે તિરસ્કાર હોય તો એને પ્રેમથી ઘરમાં જો ન જ બોલાવાય તો પછી પાપ પ્રત્યે તિરસ્કાર હોય તો એને ટેસથી શી રીતે આચરાય?

ધન મેળવવા માટે મનને બદલવું જ પડે એવો કોઈ કાયદો નથી પણ ધર્મ સાથે દોસ્તી જમાવવા માટે મનને બદલ્યા વિના ચાલે તેવું જ નથી.

મુસીબત વિનાનો પુરૂષાર્થ એ સુગંધ વિનાના પુષ્પ અને જળ વિનાના મેઘને પેઠે નિરર્થક છે.

**- બર્નાડ શો**

બીજાએ દોરી આપેલી આકર્ષક અને સુખદાયક યોજનાથી માનવી સુખી થતો નથી, પરંતુ માત્ર પોતાની જાત ઉપર જ આધાર રાખીને સુખ તરફ દોરતાં કાર્યો કરનાર જ પોતાનું સુખ પોતાને હાથે સર્જે છે. આવો માનવી ચારિત્ર્યશીલ અને જ્ઞાની હોય છે.

**- પ્લેટો**

સહાયક વિનાના રાજાને ધ્યેયમાં સફળતા મળતી નથી અને એક પૈડાથી રથ ક્યારેય ચાલી શકતો નથી.

**- ચાણક્ય**

આત્મવિશ્વાસ વીરતાનો સાર છે.

**- એમર્સન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમે જે કાંઈ બોલો અગર લખો તેમાં થોડામાં ઘણાનો સમાવેશ કરો.

**- જોન નીલ**

મોતી અને મણિ ખૂબ કિંમતી હોય છે પણ એમને સૂત્રબદ્ધ ન કરવામાં આવે તો તેની શોભા નથી.

**- શંકરાચાર્ય**

જેમણે તક ગુમાવી તેમણે સફળતા ગુમાવી.

**- ચાર્લ્સ**

આપણી જાતને પ્રામાણિક બનાવીએ એટલે જગતમાંથી એક બદમાશ ઓછો થયો એટલી ખાતરી તો સાંપડે જ.

**- ઓલ્ડોસ હક્સલે**

ઈશ્વરની કૃપા તેના કામ કરવાથી મળે છે અને શરીર વડે, મન વડે, તેમજ વાણી વડે દુઃખિયાની સેવા કરવાથી ઈશ્વરનાં કામ થાય છે.

**- ગાંધીજી**

બધા કામ મંત્રણા પર જ આધાર રાખે છે. મંત્રણારૂપી નેત્રથી જ શત્રુના દોષો જોઈ શકાય છે. મંત્રણા કરતી વખતે દ્વેષબુદ્ધિ રાખવી નહીં.

**- ચાણક્ય**

મૌન તો પારસમણિ છે, જેને એનો સ્પર્શ થાય છે તે ખરેખર સુવર્ણ બની જાય છે.

**- ડૉ. સર્વપલ્લી રાધાકૃષ્ણન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાની માનવીને જગત લોભાવી શકતું નથી. માછલીઓની કૂદાકૂદથી સાગર છલકાતો નથી.

- ભર્તૃહરિ

કંટાળાનું જાહેરનામું - કાર્ય પતી જાય પછી જુવાન કંટાળે છે અને કાર્યના આરંભે વૃદ્ધ.

- ટી. એસ. એલિયટ

જે માણસમાં 'ના' કહેવાની હિંમત કે જ્ઞાન નથી તે માણસ જીવનભર નબળા મનનો રહેશે.

- એ. મકલર્ન

આવી પડતી આફત દરમ્યાન આપણે આપણી જાતને સાચા અને સંપૂર્ણ સ્વરુપમાં ઓળખી શકીએ છીએ તેથી આફત આરસી સમાન છે.

- દેવાનંત

જીવનનો પ્રથમ અર્થ છે, આનંદદાયક યાત્રા. યાત્રામાં તો કેટકેટલા અપરિચિતોને પરિચિત કરવાના હોય, કેટલું બધું નવું નવું આત્મસાત કરવાનું હોય, મુશ્કેલીઓ હોય, જિજ્ઞાસા હોય, આ યાત્રાને આનંદદાયક બનાવવાની કળા તે ધર્મ છે, જીવનધર્મ.

- ગાંધીજી

સત્યનું થોડું બળ પણ મોટા ભયથી મુક્ત કરે છે.

- શ્રીજી મહારાજ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે સત્તા નિષ્ઠાપૂર્વક સેવા કરવાથી મળે છે તે માણસને ઊંચે ચડાવનારી હોય છે. જે સત્તા સેવાના નામે માંગવામાં આવે છે, જે માત્ર મતની સંખ્યાથી પ્રાપ્ત કરી શકાય છે તે માયાજાળ છે અને તેનાથી બચવું જોઈએ. **- અમરવાણી**

ગરીબમાં ભગવાન વ્યાપેલો છે. તેની આંતરડી દુભાવવાથી, તેનું અપમાન કરવાથી કે ગર્વ કરવાથી ભગવાન કરતલનું ભુંડું કરી નાંખે છે. ભગવાન ગમે તે દ્વારે પ્રગટશે, જેમ પ્રહલાદજીને સતાવવાથી હિરણ્યકશિપુને મારવા સ્તંભમાંથી પ્રગટ્યા હતા.

**- શ્રીજી મહારાજ**

ઈશ્વરમાં રૂચિ રાખનાર કદાપિ વિનાશને અથવા દુર્ગતિને પામતો નથી, અંતે તેની ઊંચી ગતિ થાય છે. **- શ્રીજી મહારાજ**

બે વસ્તુઓથી બહુ જ સાવચેત રહેવું. એક - સત્તાપ્રિયતા અને બીજી ઈર્ષા. **- સ્વામી વિવેકાનંદ**

'પ્રાર્થના' નો ઉપયોગ કરો. પરમાત્મા માટે કશું અશક્ય નથી - એ વિધાનને વારંવાર રટીને પ્રભુની સામે તમારી સમસ્યાનું નિવેદન કરો. **- ડૉ. નૉર્મન પીલ**

'ગુરૂ વિના જ્ઞાન ન હોય' એ સુવર્ણ વાક્ય છે. પણ ગુરૂ મળવા દોહ્યલા છે અને સદ્‌ગુરૂને અભાવે ગમે તેને ગુરૂ કરી બેસીને આપણે સંસાર સાગરની વચ્ચોવચ્ચ ડૂબવું યોગ્ય નહિ ગણાય. ગુરૂ તે કે જે તારે જે પોતે તરી ન જાણે તે બીજાને શું તારે?

**- મહાત્મા ગાંધીજી**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે આપણે સર્જ્યું તેનો નાશ આપણે કરી શકીયે પણ જે બીજા કોઈની કૃતિ હોય તેનો આપણાથી કદી નાશ કરી શકાય નહી માટે ખડા થાઓ, હિંમતવાન થાઓ. બધી જવાબદારી પોતાને શિરે ઓઢી લ્યો, અને સમજો કે તમારા નસીબના ઘડનાર તમે પોતે જ છો. જે કઈ શક્તિ અને સહાય તમારે જોઈએ તે તમારી પોતાની અંદર જ છે. માટે તમારૂં ભાવિ તમે પોતે જ ઘડો.

**- સ્વામી વિવેકાનંદ**

સસ્તી હોવા છતાં જો તમે બિનજરૂરી ખરીદી કરો છો, તો તે તમારે માટે મોંઘી જ છે, કારણ કે જેની જરૂરત નથી તે વસ્તુ મફત મળે તો પણ તે મોંઘી જ છે.

**- પ્લુટાર્ક**

કર્મમાં જ તારો અધિકાર છે, કર્મના ફળમાં નહિ. કર્મના ફળમાં તું આસકિત રાખીશ નહિ.

**- ભગવાન શ્રી કૃષ્ણ**

જેઓ કાયા, મન, વાણીથી સદા પવિત્ર છે, જેઓનો પ્રેમ સબળ છે, તેમના ઉપર જ ભગવાનની કૃપા ઉતરે છે. તેમ છતાં ભગવાન પ્રકૃતિનાં સર્વ નિયમોથી બહાર છે. તેઓ કોઈપણ નીતિ-નિયમને વશ નથી.

**- સ્વામી વિવેકાનંદ**

પરમાત્માની શકિત અમર્યાદ છે, માત્ર આપણી શ્રદ્ધા જ અલ્પ હોય છે.

**- મહાવીર સ્વામી**

દાની આપીને તવંગર બને છે, લોભી સંઘરીને કંગાળ બને છે.

**- ભગવાન ઈસુ ખ્રિસ્ત**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિજ્ઞાનની મદદથી આપણે ધરતીકંપ ક્યારે થશે તે જાણી શકીએ પરંતુ તેવા અનંત પ્રયોગ થાય તો પણ આત્માની શુદ્ધિ થવાની નથી, આત્મશુદ્ધિ વિના જગતમાં કશાની કિંમત નથી. ઈશ્વરની ઈચ્છા વિના કશું જ બનતું નથી.

- મહાત્મા ગાંધીજી

જેણે અહિંસા, સત્ય અને બ્રહ્મચર્યમાં પૂર્ણતા પ્રાપ્ત નથી કરી અને જેણે સર્વ પ્રકારની માલિકી અને ધન વૈભવનો ત્યાગ નથી કર્યો તેવો કોઈપણ મનુષ્ય શાસ્ત્રોને ખરા સમજી ન શકે એ ધર્મસૂત્રમાં મારી સંપૂર્ણ શ્રદ્ધા છે.

- મહાત્મા ગાંધીજી

જીવનપટને સચ્ચાઈ, સાદાઈને સંતોષના તાણાવાણા વડે ગુંથી લેશો તો સુખ સામે પગલે તમને શોધતું આવશે.

- સંત પુનિત મહારાજ

જેવું ચિતવશો તેવા જ થશો. હાલનું જીવન પૂર્વના ચિંતનનું જ ફળ છે. તમારા વિચારો એ જ તમારૂં પ્રારબ્ધ છે.

- સ્વામી રામતીર્થ

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેય પુરૂષાર્થો પરત્વે તપ અને જ્ઞાનથી જેઓ ધૈર્યપૂર્વક વર્તે છે. તેઓ જ સંસારના રહસ્યને પામી શકે છે.

- ડોંગરેજી મહારાજ

દોરા, ધાગા અને જન્માક્ષરમાં માનનારા અંધશ્રદ્ધામાં રાચે છે.

- સ્વામી સચ્ચિદાનંદ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ચિંતા કરવી એટલે ઈશ્વર પરની શ્રદ્ધાનો અભાવ.

**- શ્રી માતાજી**

આત્મબળ જાગૃત થશે ત્યારે બધાય દેવતાઓ તમારી સેવા માટે તમારી પાસે હાથ જોડી ઉભા રહેશે. તમારો દિવ્યાત્મા સર્વ શક્તિમાન છે, તે જ્યારે પ્રકાશવા માંડશે ત્યારે સર્વ પરિસ્થિતિ પોતાની મેળે જ પોતાનું કાર્ય કરવા લાગશે અને દેવ અને યક્ષકિન્નરાદિને તમારી સેવામાં હાજર થયા વિના છૂટકો નથી.

**- સ્વામી રામતીર્થ**

તકની એક મોટી મુશ્કેલી છે કે એ આવે છે, તેના કરતાં તે જતી રહે છે ત્યારે તે મોટી લાગે છે. **- જ્યોર્જ બર્નાડશો**

જીવન-એ આરસી જેવું છે. તેના તરફ તો મોહક લાગે, તેની સામે ઘૂરકો તો તે બેડોળ લાગે છે. **- એડવિગ ફોલિટ**

ભૂખ્યાને અનાજ આપવામાં સેવા જ થાય છે એમ માનવાનું કારણ નથી. આળસુ મનુષ્ય બીજાને આશરે બેસી રહીને અન્નની આશા રાખે તેને અન્ન આપવામાં પાપ છે. તેને કામ આપવામાં પુણ્ય છે. અને કામ કરવા તૈયાર જ ન થાય તો તેને ભૂખે રહેવા દેવામાં તેની સેવા છે. **- મહાત્મા ગાંધીજી**

હે સૂર્ય, તમે પૃથ્વી પર ધનધાન્યની સૃષ્ટિના સર્જન અને જીવમાત્રના જીવનદાતા છો, તમારી અર્ચનાથી અમે નિરંતર તૃપ્ત અને પ્રસન્ન રાખતા આયુષ્યને પામીએ. **- વેદ નીતિસાર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પારકી મૂર્ખાઈ પર કરાયેલ કટાક્ષ પર આપણે હસીએ છીએ પરંતુ પોતાના પર થયેલ કટાક્ષ પર રોવાનું ભૂલી જઈએ છીએ.

**- ટોલ્સટોય**

લોહીથી ખરડાયેલાં કપડાં લોહીથી નહીં પણ પાણીથી શુદ્ધ થાય, તલવાર સામે ઢાલ, અગ્નિ સામે પાણી, તેમ તિરસ્કાર સામે પ્રેમ તેમ તિરસ્કારનો પ્રતિકાર ક્રોધથી નહીં પણ પ્રેમથી થાય.

**- ચિત્રભાનુ**

એકવાર ગાંધીજીએ કહ્યું કે - બીજાના ગુણો હોય તેના કરતાં વધારીને જોવા અને દોષો હોય તેના કરતાં ઘટાડીને જોવા. જ્યારે આપણા પોતાના ગુણો ઘટાડીને જોવા અને દોષો વધારીને જોવા. મેં ગાંધીજીને પૂછ્યું કે - તમે તો સત્યના સાધક છો, ત્યારે જેવું હોય તેવું જોવાને બદલે આ ઘટાડવાની અને વધારવાની વાત કેમ કરો છો? ત્યારે ગાંધીજીએ સમજાવ્યું કે, - આપણને બીજાના દોષો વધારે દેખાય છે અને આપણા ગુણ વધારે દેખાય છે. તેથી બીજાના દોષ ઘટાડીને જોઈશું ત્યારે જ તે યથાર્થપણે દેખાશે અને તેવું જ આપણાં ગુણનું.

**- વિનોબા ભાવે**

જમાનો બહુ ખરાબ આવ્યો છે, ભલે - પણ તમને અહીં મોકલ્યા છે તે એને સારો કરવા માટે.

**- કાર્લાઈલ**

જિંદગી ટૂંકી છે અને જંજાળ લાંબી છે, માટે જંજાળ ટૂંકી કરે તો ગુણરૂપે જિંદગી લાંબી લાગશે. **- શ્રીમદ્ રાજચંદ્ર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંધ હોવું એ એક વાત છે અને અંધકારમાં જીવવું એ બીજી જ વાત છે. પ્રાણીઓ આ ભેદ જાણતા નથી, મનુષ્ય જાણી શકે છે. ઉજાસમાં હોવું તે એક વાત છે અને ઉજાસમાં જીવવું તે બીજી જ વાત છે.

**- કોવેન્ટ્રી પરેમોર**

પગ મૂકતાં પાપ છે, જોતાં ઝેર છે અને માથે મરણ રહ્યું છે એ વિચારી આજના દિવસમાં પ્રવેશ કરવો.

**- શ્રીમદ્ રાજચંદ્ર**

જેને ઘેર આજે દિવસ કલેશ વગરનો સ્વચ્છતાથી, સંપથી, સંતોષથી, સૌમ્યતાથી, સ્નેહથી, સભ્યતાથી, સુખથી જશે તેને ઘેર પવિત્રતાનો વાસ છે.

**- શ્રીમદ્ રાજચંદ્ર**

ભલે તારી આજીવિકા જેટલું તું પ્રાપ્ત કરતો હો, પરંતુ નિરૂપાધિમય હોય તો ઉપાધિમય પેલું રાજસુખ ઈચ્છી તારો આજનો દિવસ અપવિત્ર કરીશ નહીં.

**- શ્રીમદ્ રાજચંદ્ર**

કોઈ બાંધનાર નથી, પોતાની ભૂલથી બંધાય છે. સુખ દુઃખ એ બંને મનની કલ્પના છે. ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે.

**- શ્રીમદ્ રાજચંદ્ર**

વર્તનમાં બાળક થાઓ, સત્યમાં યુવાન થાઓ, જ્ઞાનમાં વૃદ્ધ થાઓ.

એક ભવના થોડા સુખ માટે અનંત ભવનું અનંત દુઃખ નહીં વધારવાનો પ્રયત્ન કરવો જોઈએ.

**- શ્રીમદ્ રાજચંદ્ર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

'ધર્મ' એ વસ્તુ બહુ ગુપ્ત રહી છે. તે બાહ્ય સંશોધનથી મળવાની નથી. અપૂર્વ અંતર સંશોધનથી તે પ્રાપ્ત થાય છે. **- શ્રીમદ્ રાજચંદ્ર**

આ લોકમાં સુખનું કારણ અને પરલોકમાં સુખનું કારણ જે સંસાર પ્રવૃત્તિથી થાય તેનું નામ વ્યવહાર શુદ્ધિ. **- શ્રીમદ્ રાજચંદ્ર**

ઉદય આવેલાં કર્મોને ભોગવતાં નવાં કર્મ ન બંધાય તે માટે આત્માને સચેત રાખવો એ સત્પુરુષોનો મહાન બોધ છે. **- શ્રીમદ્ રાજચંદ્ર**

ભલું કરવા માટે કોઈપણ ક્ષણ અતિ વહેલી નથી હોતી કારણ કે એટલીવારમાં એને માટે અતિ મોડું થઈ જશે તેની આપણને ખબર નથી હોતી.

**- એમરસન**

બુદ્ધિ એ ઊંચા પ્રકારનો સંયમ છે. લાગણી વિરુદ્ધ બુદ્ધિ એવી પરિસ્થિતિ ખરી રીતે છે જ નહીં. સંયમ ભરેલી લાગણી - એને જ બુદ્ધિ કહી શકાય.

**- ધૂમકેતુ**

પોતે મરણ પામીને બીજાને જીવાડવાની તૈયારીમાં માણસની વિશેષતા છે.

**- ગાંધીજી**

જે પાપમાં પડે છે તે મનુષ્ય છે, જે તેમાં પડ્યા પછી દુઃખી થાય છે તે સાધુ છે અને જે પાપમાં રહીને અભિમાન કરે છે તે શેતાન છે.

**- ફુલર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેણે દુ:ખ પ્રગટ કર્યું એણે દુ:ખમાંથી કંઈ જ ન મેળવ્યું , પ્રગટ કરવા માટે તો સુખ છે, દુ:ખ તો સમજવા માટે છે.

**- ધૂમકેતુ**

મને જેની જરૂર હોય તે તમે મને આપો. એમાં તમારી ઉદારતા નથી પરંતુ જે વસ્તુની મારા કરતાં તમને વધુ જરૂર હોય છતાં એ વસ્તુ તમે મને આપો એમાં તમારી ઉદારતા છે.

**- ખલિલ જિબ્રાન**

કાર્યને વાવશો તો સ્વભાવને લણશો, સ્વભાવને વાવશો તો ચારિત્ર્યને લણશો અને ચારિત્ર્યને વાવશો તો ભાગ્યને લણશો.

**- જી. ડી. બોર્ડમેન**

જે મદદ કરવાની વૃત્તિ દાખવે છે તેને જ ટીકા કરવાનો અધિકાર છે.

**- અબ્રાહમ લિંકન**

કોઈથી ન રક્ષાયેલું હોય છતાં દૈવથી રક્ષાયેલું હોય તે પ્રાણી જીવે છે. સારી રીતે રક્ષાયેલું હોય છતાં દૈવથી હણાયેલું હોય તે વિનાશ પામે છે.

**- પંચતંત્ર**

અણગમતું કામ આવતીકાલને બદલે આજે જ કરો. એ રીતે એ કામ કરવાના ભયથી ભરેલા ચોવીસ કલાક તમે બચાવશો અને કામ પતી ગયાનો સંતોષ આપનારા ચોવીસ કલાક તમને મળી રહેશે.

**- બોબ ટોમબર્ટ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાણી જ માનવીનું એક એવું આભૂષણ છે જે બીજા આભૂષણોની માફક ઘસાતું નથી.

- ભર્તૃહરી

કોઈકની મદદથી નહીં પણ મુશ્કેલીઓ વડે જ સુવિધાઓથી નહીં પરંતુ સંકટોથી જ માનવી ઘડાય છે.

- ડબલ્યુ. મેથ્યુઝ

પોતાની જાત પર શ્રદ્ધા રાખવી અને પોતાની સમસ્ત શક્તિ સહિત કામે લાગી જવું, એ દસમાંથી નવ વખત માટે સફળતાનો આધાર છે.

- વિલસન

ત્રણ કલાક વહેલાં હોવું સારૂં, પણ એક મિનીટ મોડા પડવું ખરાબ.

- શૅક્સ પિયર

વાસ્તવમાં તે જ સેવા કરે છે જે શાંત રહે છે. દોડાદોડ અને ધમાચકડી નથી કરતા. દોડાદોડ કર્યે સેવા થતી નથી. સેવા ત્યારે જ થાય છે જ્યારે બધું ઈશ્વરને સોંપી દઈને આપણે શાંત થઈ જઈ સ્થિર બુદ્ધિ પ્રાપ્ત કરીએ છીએ.

- વિનોબા ભાવે

આળસ અને અભિમાન આપણી પાસેથી રાજાઓ અને પાર્લામેન્ટો કરતાંય વધુ દંડ વસૂલ કરે છે.

- બેન્જામિન ફ્રાન્કલીન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમારા પોતાના જ દોષોને માટે અન્ય કોઈનો વાંક કાઢો નહીં. તમારા પોતાના પગ પર ખડા રહો અને બધી જવાબદારીઓ પોતાને માથે લો. એમ બોલો કે 'જે આ દુઃખ હું ભોગવું છું તે મારી પોતાની જ કરણીનું ફળ છે અને એ હકીકત પોતે જ બતાવે છે કે એનો ઉપાય મારે એકલાએ જ કરવો પડશે.'

**- સ્વામી વિવેકાનંદ**

તારી રોટી તું તારો પસીનો રેડીને કમાજે ને ખાજે.

**- ભગવાન ઈસુ**

પવનને આપણે દિશા આપી શકતા નથી, પણ આપણા સઢ તેને અનુકૂળ કરી શકીએ છીએ.

**- હેનરી ડેવિડ થોરો**

ભગવાનમાં અખૂટ શ્રદ્ધા ધરાવનારને સિદ્ધીઓ આવે છે અને તે સિદ્ધિઓ ભક્તની પરીક્ષા લે છે. જો પાકો હોય તો ભગવાન પોતે ભક્તને વશ થઈ જાય છે. જેમ બલિ રાજાને ભગવાન વશ થયા.

**- શ્રીજી મહારાજ**

આપણામાં જો દોષ જ ન હોય તો અન્યમાં દોષ શોધવાનો આપણને આટલો બધો આનંદ ન આવત.

**- રોશ**

એક માણસ ગુનો કરે એમાં આપણા બધાનું પાપ હોય છે.

**- ગાંધીજી**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમારી ગરીબી તમારો મોંઘો ખજાનો છે. સુંવાળા જીવનની સગવડોના બદલામાં તેને વેચશો નહીં.

- ઍનગેલ્સ

જે માણસ માત્ર પ્રશંસાના પુષ્પો જ શોધતો ફરે છે તેણે પોતાનું સંપૂર્ણ સુખ અન્યના કબજામાં સોંપેલું હોય છે.

- ઑલિવર ગોલ્ડ સ્મીથ

જવાબદારી આવે એથી અકળાવું નહીં, ઈશ્વર ઉપાડી શકાય એટલી જ જવાબદારી નાંખે છે.

- પં. રવિશંકર મહારાજ

જિંદગી ઉઘડતાં ફૂલ જેવી છે, સતત તાજગીભરી સુગંધો પ્રસરાવતી રહે છે. એ ફૂલને આપણા શ્વાસમાં ઊંડે સુધી લઈ જઈને હૃદયને ય નિર્દોષ આનંદ અને પ્રસન્નતાની સર્વશ્રેષ્ઠ ઔષધિ આપીએ.

- સંત નિકોલસ

તમે જ્યારે એકાંતમાં હો ત્યારે વિચારો પર કાબૂ મેળવો. કુટુંબના સભ્યો સાથે હો ત્યારે માનસિક સમતુલા જાળવો, મિત્રમંડળમાં હો ત્યારે જીભને કાબૂમાં રાખો.

- ટી. હકસલે

આપણી ભાષા અને આપણું સાહિત્ય આ બેની બુદ્ધિ-વૃદ્ધિ પર સામટા સમાજના વિકાસનો ઘણો આધાર છે. શિક્ષણને ધર્મથીય વધુ મહત્ત્વ આપી શકીશું તો જ પ્રજા સુખી થશે.

- કવિ દલપતરામ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વાત્સલ્ય દોષોને ગળી જાય છે. અસંખ્ય દોષોને સહન કરે છે, જ્યારે પ્રેમ દોષોને જોતો જ નથી. **- વિનોબા ભાવે**

પુરુષ અથવા સ્ત્રીની સત્કીર્તિ એ જ તેના આત્માનો પ્રથમ અલંકાર છે.

**- એમર્સન**

હું કદી દુર્ભાગ્યમાં માનતો નથી અને જે ખરેખર દુર્ભાગ્ય છે તે તો શુભ બાજુની અગમ્ય બાજુ છે. **- મેક ડોનાલ્ડ**

ધર્મજ્ઞાનની પ્રાપ્તિ બહારની દુનિયાને જાણવાથી નથી થતી પણ અંદરની દુનિયાને જાણવાથી થાય છે.

**- સ્વામી વિવેકાનંદ**

ભય હંમેશા અજ્ઞાનમાંથી જ પેદા થાય છે.

**- સ્વેટ માર્ડન**

અંતરાત્મા અથવા ભાવના માટે સૌ પ્રથમ પ્રગટેલો વિચાર જ સર્વોત્તમ છે, સમજદારી માટે અંતિમ વિચાર શ્રેષ્ઠ છે.

**- રોબર્ટ હીલ**

જો ગરીબીથી ડરતા હો, જો એનાથી ત્રસ્ત હો, જો વૃદ્ધાવસ્થામાં આવનારા અભાવોથી ભયભીત હોત તો આ ડર ત્રાસ અને ભયને તરત જ છોડી દો, એ આપણા સાહસને ડગી જશે. તે આપણા આત્મવિશ્વાસને વિચલિત કરી નાખશે. એ પરિસ્થિતિ સાથે સંઘર્ષ કરવાની આપણી શક્તિને ઓછી કરી નાંખશે.

**- સ્વેટ માર્ડન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અભ્યાસમાં લંબાઈ-પહોળાઈનું મહત્ત્વ નથી, ઊંડાઈનું મહત્ત્વ છે.

**- વિનોબા ભાવે**

જેવી રીતે નાના દીપકનો પ્રકાશ દૂર સુધી પ્રસરે છે તેવી રીતે જ આ બૂરી દુનિયામાં ભલાઈ દૂર સુધી ચમકે છે.

**- સાઈરસ**

યશનો માર્ગ સ્વર્ગના માર્ગ જેટલો જ કષ્ટદાયક છે.

**- સ્ટર્ન**

ધૂતારાઓનો સ્વભાવ કદી બદલાતો નથી, માત્ર તેમનું સ્વરૂપ જ બદલાય છે.

**- એટેનિયસ**

રાષ્ટ્રભક્ત, દેશાભિમાની થવાની તમારી ઈચ્છા છે? તો તમારા દેશ ઉપર, દેશ બાંધવો ઉપર પ્રેમ કરો. તેમનો અને તમારો આત્મા એક થવા દો. તમારી અને તેમની વચ્ચે 'અહમ' નો પાતળો પડદો પણ આવવા દેશો નહીં. દેશ હિત માટે ક્ષુદ્ર અહંપણું ફેંકી દઈને દેશ સાથે તાદાત્મ્ય પામ્યા પછી તમારા મનમાં જે કંઈ વિચાર આવશે, તે રાષ્ટ્રહિતનો જ હશે.

**- સ્વામી રામતીર્થ**

ગેરસમજુતીથી હું ગુસ્સે થાઉં છું, રોઉં છું, દયા ખાઉં છું, આ બધું થોડી ધીરજ રાખીને ગેરસમજુતી દૂર કરવી એ જ એક મારો ધર્મ નથી શું?

**- ગાંધીજી**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સજ્જનોનો સંગ કરો, ભગવાનની દ્રઢ ભક્તિ કરો, શાંતિ વગેરે પવિત્ર ગુણો ચારેબાજુથી એકઠાં કરો, કર્મની લાલસાનો મજબૂત રીતે ત્યાગ કરો, ઉત્તમ વિદ્વાનને શરણે થાઓ. હંમેશા તેમનાં ચરણોને સેવો. એકાક્ષર બ્રહ્મ ૐ ની ઉપાસના કરો. વેદ ઉપનિષદોના વાક્યોનું હંમેશા શ્રવણ કરો.

**- ભગવાન શ્રી શંકરાચાર્ય**

એક સ્વાશ્રયી માનવી સદાય પરમાત્માના દૂતની જેમ આવકારને પાત્ર હોય છે.

**- એમર્સન**

પરમાત્માની સેવા માટે એક પાઉન્ડ અસંતોષની સામે એક અંશ પણ જો સંતોષ હશે તો તે પૂરતો છે.

**- ફુલર**

અજ્ઞાન જ સમસ્ત આશ્ચર્યોનો પિતા છે. જેનું અજ્ઞાન નિવૃત્ત થઈ જાય છે અને જેને પરમ જ્ઞાનની પ્રાપ્તિ થઈ જાય છે તે જ શ્રેષ્ઠ યોગી છે.

**- સ્વામી કૃપાલ્વાનંદજી**

મનુષ્યની સૌથી મોટી ભૂલ એ છે કે તે વિચારે છે કે હું સ્વભાવે દુર્બળ છું પરંતુ સાચી વાત તો એ છે કે પ્રત્યેક મનુષ્ય દિવ્ય અને શક્તિમાન છે. દુર્બળ અને ખરાબ તો તેની આદતો છે અને આકાંક્ષાઓ અને તેના વિચારો છે તે સ્વયં નથી દુર્બળ કે નથી હીન.

**- રમણ મહર્ષિ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આત્મજ્ઞાનના દર્પણ વિના આત્માનો શણગાર ન થાય.

- ફાધર વાલેસ

જે ભલો છે તે મુક્ત છે, પછી ભલે તે ગુલામ હોય, જે બૂરો છે એ ગુલામ છે, પછી ભલે તે રામ હોય.

- ઓગસ્ટાઈન

તોફાની ઘોડો આંખે અંધારી બાંધી ન હોય તો સીધો ચાલતો નથી. તેમ વિવેક વૈરાગ્યરૂપી અંધારી સંસારી જીવના મન ઉપર બંધાતી નથી ત્યાં સુધી કુમાર્ગે જતાં તેનાં મનને પણ અટકાવી શકતું નથી.

- રામકૃષ્ણ પરમહંસ

ઈતિહાસ પુનરાવર્તન પામ્યા જ કરે છે કારણ કે માણસ પોતાની ભૂલોનું પુનરાવર્તન કર્યા જ કરે છે.

- ફ્રેંક મોરાલ

સાચું કાર્ય કદી નકામું નથી થતું. સાચું વચન અંતે કદી અપ્રિય નથી થતું.

- ગાંધીજી

અન્યાયની સામે કંઈ જ ન બોલવું એ નામર્દાઈની નિશાની છે.

- ગાંધીજી

સમાજે જ માણસને ખાતર ઉદાર દિલના બનવું જોઈએ.

- રવીન્દ્રનાથ ટાગોર



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાન આપણને બધાને નેતા બનાવી શકે નહિ પણ કયા નેતાને અનુસરવું એ નક્કી કરવામાં તે આપણને મદદ કરી શકે.

**- પાસ્કલ**

આપણી પાસે અનંત સમય હોય પણ તે આપણી કીંમતી ક્ષણ જે વહી ગઈ છે તેના બરોબર થઈ શકશે નહીં.

**- સ્વેટ માર્ડન**

જિંદગીની પળેપળનો હિસાબ રાખનાર માનવી કુદરતનો સૌથી વધારે લાડીલો વેપારી છે અને તે જિંદગીમાં કદી ખોટ ખાતો નથી.

આદર્શ વગરનો માણસ સુકાન વગરના વહાણ જેવો છે.

માણસને ખુદા ન કહો, માણસ ખુદા નથી પણ ખુદાના નૂરથી માણસ જુદો નથી.

આંકડાં - આંકડાં વડે હું ગમે તે વસ્તુ સાબિત કરી શકું - માત્ર સત્ય સિવાય.

**- જ્યોર્જ કેનિંગ**

અનીતિના માર્ગે મેળવેલી વિદ્યા કે ધન પ્રશંસાને પાત્ર નથી.

જરૂરિયાતો વધારતો જતો માણસ વધુ ગરીબ બનતો જાય છે કારણ કે પોતાની પાસે છે એના કરતાં જે નથી એની એ વધારે ચિંતા કરે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે આત્માને ઉપલબ્ધ કરાવે, જૂના સંસ્કારોને સમાપ્ત કરાવે, ભયનો નાશ કરે, પ્રલોભનોથી ઉપર લઈ જાય તે જ ધર્મ છે તેનું નામ છે અધ્યાત્મ.

**- યુવાચાર્ય મહાપ્રજ્ઞ**

ખુશી મહેનતથી મળે છે. અસંયમ અને આળસથી મળતી નથી. મનુષ્ય કામને ચાહે તો તેનું જીવન સુખી થઈ જાય.

**- રસ્કિન**

જે વ્યક્તિ વિપુલતાના સિદ્ધાંતથી પોતાના મનનો સમન્વય કરી લે છે તે સૌભાગ્યની લાગણી કરે છે. એનાથી ઊલટું, જેઓ આવો સમન્વય નથી કેળવતા તેઓ માટે તો ધનસંપત્તિ તો શું, જીવન નિર્વાહ પણ કઠિન થઈ જાય છે.

**- સ્વેટ માર્ડન**

જે વાતમાં મને આજે શ્રદ્ધા છે એ જ વાત હું આજે કહીશ, પછી ભલે તે મેં જ કહેલી અગાઉની મારી જ વાતથી વિરુદ્ધ કેમ ન હોય?

**- વેંડલ ફિલિપ્સ**

હિંસામાં જોખમ છે. હિંસામાંથી હિંસા પેદા થાય. માનવીમાં રહેલી પાશવી વૃત્તિ જાગે. હિંસાથી હિંસા વધે. સારા હેતુથી શરૂ થાય તે ખોટી દિશાએ વળે. અમુક જ હદ સુધી લઈ જવું હતું તે માત્રા મૂકીને બેકાબુ બની જાય. હિંસામાં નુકશાની છે, દુઃખ છે, અફસોસ છે.

**- ફાધર વાલેસ**

ઉપરથી હવે કોઈ અવતાર અવતરવાનો નથી, આપણે જ આપણા અવતારને સાર્થક કરવાનો છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એકવખત તમારા મન સાથે નક્કી કરી લો કે તમે સાચા છો, પછી તમારે માર્ગે જ ચાલો.

**- જેફરસન**

પ્રભુના સિંહાસન પાસે દયા બે રીતે મેળવી શકાય છે. પાપના ખુલ્લા એકરારથી અને કરેલાં ખોટાં કર્મોને સુધારી લેવાથી.

**- ગ્રંથ સાહેબ**

લોકોને સાથે રાખ્યા વિના કદી લોકહિત ન સંધાય.

**- પ્લેટો**

ઘમંડ માનવીને ફુલાવી શકે, પણ તેને કદી ટેકો ન આપે.

**- રસ્કિન**

આંતરિક ચોક્કસાઈ એ સ્વાતંત્ર્યનું ચિહ્ન છે.

**- જેફરસન**

બે બાબતોથી ડરો - એક તો ઈશ્વરથી અને બીજું જેને ઈશ્વરનો ડર નથી તેવી વ્યક્તિથી.

**- યહૂદી કહેવત**

કોઈપણ સમસ્યા આવે ત્યારે એને તમારા વિવેકની સરાણ પર ચડાવીને કેટલી હળવી કરી શકો છો એના ઉપર તમારા સુખદુ:ખનો આધાર છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આ દેશમાં માણસ સંસ્કારથી જ રૂડો લાગ્યો છે, કપડાંથી નહીં.

ધીરજની સૌથી વધુ જરૂરિયાત તો ત્યારે છે કે જ્યારે તમે તે ગુમાવી બેઠાં હોય.

દીવાને ફૂંક મારતાં જ અંધારું થઈ જાય, પણ દીવો પ્રકટાવવા માટે ઘણી મહેનત કરવી પડે છે.

તમારા ભાગ્યના તમે જ માલિક છો. તમે જે કોઈપણ કાર્યને સફળ ને નિષ્ફળ બનાવી શકો છો.

જ્યાં સુધી ભયથી નાસી જવાથી ભય વધે છે તે તમે ન જોઈ શકો ત્યાં સુધી તમે ભયથી નાસ્યા જ કરવાના.

મન ઉપરના સંપૂર્ણ કાબુ દ્વારા જ ખરી સ્વતંત્રતા પ્રાપ્ત થાય છે.

સાધનાની ઊંચાઈ જેટલી વધારે તેટલો પ્રભુનો પરિચય આસાન.

મારી આજુબાજુ ભયાનક હત્યાકાંડ ખેલાઈ રહ્યો હોય ત્યારે પણ એક ઉઘડતા ફૂલને જોવાનું હું ચુકીશ નહીં.

સોગિયું મોઢું રાખવામાં કોઈ મમ નથી અને પ્રસન્ન રહેવામાં એક પાઈનો ખર્ચ નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોટામાં મોટો વિજય જોઈતો હોય તો સામા માણસની નમ્રતા કરતાં વધુ નમ્રતા દાખવીને બાજી જીતી લો.

મહેરબાની કરીને યુવાનોની ટીકા ન કરો. તેમ કરીને તમે વૃદ્ધ દેખાવો છો.

ચારે બાજુ ભ્રષ્ટાચાર છે. આ તમારો વસવસો છે કે પ્રેરણા! તમે આ ઘટાડવાના છો કે વધારવાના છો?

જ્યાં સામા માટે ભોગ આપવાની અને બીજાની ખુશી માટે જતુ કરવાની તૈયારી હોય ત્યાં પરસ્પર સ્નેહ અને સમર્પણની ભાવનાની જ ભરતી હોય.

લોકોને તમારી નિષ્ફળતાનાં કારણોમાં રસ નથી. તેમને માત્ર તમારી સફળતાનું રહસ્ય જાણવું છે.

આ સૃષ્ટિનું સમગ્ર સત્ય સાબિતીમાં સમાઈ શકે એમ નથી. એ તો પવનને ફુગ્ગામાં પૂરવાની ચેષ્ટા ગણાય.

બીજાને તોડવાની બીજાને મારવાની કોશિશ ન કરો, પોતાનો વિકાસ કરો. વ્યક્તિત્વને વધારો. બીજા આપમેળે નાના થઈ જશે.

ઈશ્વર દેખાતો નથી, અનુભવાય છે. પણ આપણે એટલી ભીડમાં છીએ કે આપણને ક્યારે અડી ગયો એની ખબર નથી પડતી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બે માણસો વચ્ચેનું ઓછામાં ઓછું અંતર એટલે હાસ્ય.

**- માર્ક ટ્વેન**

યૌવન હિંમત અને સાહસનું ઘર છે.

**- સ્વામી વિવેકાનંદ**

ક્યાં અટકી જવું એ જેને આવડે તે સારામાં સારો જવાબ આપી શકે.

**- ઈટાલિયન કહેવત**

તમે તમારી ફરજ બજાવવાની કોશિશ કરશો તો તમને તમારી સાચી લાયકાતનો ખ્યાલ આવી જશે.

**- ગર્ટ**

અસભ્ય આચરણ સાથે જીવનમાં સફળ થવું મુશ્કેલ છે. અસભ્ય વ્યક્તિ માટે ઉન્નતિનો દરવાજો કઠણ સાધના પછી ઊઘડે છે. જ્યારે શિષ્ટ અને મૃદુવાણી બોલનાર વ્યક્તિ પોતાના સ્વભાવના માધુર્ય માત્રથી પોતાનો રસ્તો મેળવી લે છે. મધુરવાણી ઉચ્ચારનારને સહુ કોઈ ચાહે છે, સહુ કોઈ તેનો આદર કરે છે.

**- સ્વેટ માર્ડન**

તમારી સામે આવીને ઊભી રહેલી બાબતોને ઝડપથી અને વફાદારીથી પતાવવી એનું નામ કર્તવ્ય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રાર્થના એટલે ઈશ્વર સાથેનો સીધો વાર્તાલાપ.

**- દિવ્યાનંદ**

શ્રદ્ધા વગર આરાધના થાશે તો આડંબર હશે , શોધ કરમા, શિવ તારા જીવની અંદર હશે.

**- કુતુબ 'આઝાદ'**

દોષને શોધવો સહેલો છે, તેને સુધારવો અઘરો છે.

**- પ્લુચકા**

સત્ય કોઈ અંતિમ બાબત નથી. હરેક પળે એને શોધવાનું છે. સત્યનો સંચય કરી શકાતો નથી. જે કાળની મર્યાદામાં છે તે સત્ય નથી પણ સ્મૃતિ છે.

**- જે કૃષ્ણમૂર્તિ**

સાચા સલાહકારની ફી હોતી નથી.

**- બક સ્ટોન**

જીવનભરનું સુખ - એ તો કોઈપણ માણસ જીરવી ન જ શકે. એ તો પૃથ્વી ઉપર નર્ક બની રહેશે.

**- બર્નાડ શો**

નમ્રતા એટલે હુંપણાનો આત્યંતિક ક્ષય.

**- ગાંધીજી**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જો તમારે ખરેખર સમૃદ્ધ રીતે જીવવું હોય તો તમે એવા દિવસની પ્રાર્થના કરો કે જેમાં તમારું મન ભૂત અને ભાવિથી મુક્ત હોય.

મકાન કેમ બાંધવું તે આપણે જાણીએ છીએ પણ મકાનમાં સુખરૂપ કેમ જીવવું તેની આપણને ખબર નથી.

એકલા સંજોગો જ માણસને સુખી કે દુઃખી કરી શકતા નથી એ સંજોગો તરફનું માણસના મનનું વલણ ઘણો મોટો ભાગ ભજવે છે.

જે માણસ ખોબેથી પાણી પી શકે તેણે કમંડળના ઓશિયાળા શા માટે રહેવું જોઈએ?

જે પોતાની જાત પર રાજ્ય કરે છે તે વિશ્વનો સમ્રાટ છે.

આપણાં દુઃખનો ઈલાજ ક્યારેય બીજા કોઈ પાસે હોતો નથી, હોય તો આપણી પાસે જ હોય, નહિ તો ક્યાંય ન હોય.

'સુખ' એ મનની સ્થિતિ છે. તે મનને ગમે ત્યારે પ્રાપ્ત થઈ શકે છે અથવા કોઈ રીતે પ્રાપ્ત થઈ શકતી નથી.

મહાન માણસ તે છે જે પોતાના પહેલાં બીજાના સુખનો વિચાર કરે.

બીજાની દેખાદેખીથી કે બીજા સાથેની હરિફાઈથી આપણે જે મેળવીએ તે જો આપણને જરૂરી ન હોય તો તેનું સુખ આપણે કઈ રીતે માણી શકીએ?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માણસને વિના કારણ દુ:ખી કરનારી બે મોટી બેડીઓ (ભૂતકાળની પકડ અને ભવિષ્યની ચિંતા) સુખી માણસને બાંધી શકતી નથી.

વૃક્ષનાં મૂળને સડેલાં રહેવા દઈને માત્ર ડાળીઓને શણગારવાનો કોઈ અર્થ નથી.

કોઈપણ કામ જ્યારે એ કામના આનંદ માટે કરવામાં આવતું નથી ત્યારે એ દુ:ખદાયક જ બની જાય છે.

આપણા સુખનો આધાર આપણે કયા સમયે કયું કામ કરીએ છીએ એના પર રહેલો છે.

જીવનની સૌથી સારી ઋતુ કઈ એનો વિચાર કરવાના બદલે જે ઋતુ તમને પ્રાપ્ત હોય એ ઋતુનો પાક લણવાનો પ્રયત્ન કરજો.

માનવી પંખીની જેમ હવામાં ઊડતાં અને માછલીની જેમ પાણીમાં તરતાં શીખ્યો છે. હવે તેણે 'માણસ'ની જેમ પૃથ્વી પર જીવતાં શીખવાનું છે.

**- ડૉ. રાધાકૃષ્ણન**

એવી કોઈપણ મૂલ્યવાન ચીજ નથી કે જે પુરૂષાર્થ વગર પ્રાપ્ત કરી શકાય.

**- એડિસન**

કોઈની મહેરબાની માણવી એટલે આપણી સ્વતંત્રતા વેચવી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એ પ્રવાસ જ સારો ગણાય જે મારા ઘરની કીંમત મને સમજાવે અને તેને વધુ સારી રીતે પ્રમાણતાં શીખવે.

એક કર્તવ્ય બજાવીએ એનું ઈનામ એ છે કે બીજું કર્તવ્ય બજાવવાને તમે શક્તિમાન થાઓ છો.

ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો.

દરેક જણને પોતાના દુઃખ મોટા લાગે છે પરંતુ બધાનાં દુઃખનાં પોટલાંનો ઢગલો કરી, દરેક જણને તેમાંથી ગમે તે પોટલું લઈ જવા જણાવાય, તો દરેક પોતાના દુઃખનું પોટલું જ ઉપાડીને ચાલતો થાય.

**- સૉલન**

જેમને થોડા કામો કરવાનાં હોય છે તેઓ જ ભારે વાંતોડિયા હોય છે. માણસ જેમ વિચાર ઓછો કરે તેમ તે વાતો વધુ કરે.

**- મૉન્ટેસ્ક**

સૌથી વધુ કેટલું ભણ્યો છે એમ ન પૂછવું, પણ સૌથી સારું શું ભણ્યો છે એ પૂછવું.

**- મોન્ટેઈન**

જે દિવસે તારા હાથથી કોઈ ઉપયોગી કાર્ય થયેલું જોયા વિના સૂર્ય આથમે, તે દિવસ નકામો ગયેલો ગણજે.

મિત્ર માટે મરવું મુશ્કેલ નથી, પણ મરી ફીટવાનું મન થાય તેવો મિત્ર મળવો મુશ્કેલ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પોતાનું કંઈક રોજિંદું કામકાજ નિયમિતપણે બજાવવું એના જેવું સુખ બીજું કોઈ મેં જાણ્યું નથી.

જેણે કદી ભૂલ નથી કરી એવો માણસ મને બતાવો, અને હું તમને એવો માણસ બતાવીશ કે જેણે જીવનમાં કશું હાંસલ નથી કર્યું.

- **એચ. એલ. લેલેન્ડ**

મોટા હોદ્દાઓ મહાપુરૂષોને વધુ મોટા બનાવે છે. હીન પુરૂષોને વધારે હીન બનાવે છે.

સત્યનો ભંગ અસત્ય બોલવાથી જ થાય એવું નથી, મૌન રહેવાથી પણ એનું એટલું જ ઉલ્લંઘન થાય છે.

જો તારે ડાહ્યા થવું હોય, તો તારી જીભને કાબૂમાં રાખવા જેટલો ડાહ્યો થા.

દરેક જણ સત્ય પોતાના પક્ષે રહે એમ ઈચ્છે છે પણ દરેક જણ સત્યના પક્ષમાં રહેવા ઈચ્છતો નથી.

આંખ અને કાન હંમેશાં ઉઘાડાં રાખવા જોઈએ. પણ મોઢું તો મોટેભાગે બંધ રાખવામાં જ શાણપણ રહેલું છે.

- **લબક**

તમારો જન્મ થયો એ પહેલાં પણ જગત જીવતું હતું અને તમારા મૃત્યુ પછી પણ જીવતું જ રહેવાનું હોવાથી મિથ્યાભિમાન મૂકી દો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અહંકાર સદ્‌ગુણોને ખાઈ જવા સિવાય બીજું કશું જ કામ કરતો નથી.

સુખી માણસ એ છે કે જેને આ દુનિયામાં પોતાનું મનગમતું કામ મળી જાય.

મહેનત શરીરને બળવાન બનાવે છે, મુશ્કેલીઓ મનને મક્કમ બનાવે છે.

**- સેનેકા**

જે અશક્ય છે તેની આશા રાખો નહિ.

**- ફુલર**

કદી પણ એમ ધારશો નહિ કે તમારી વય અધિક થઈ હોય એટલા માટે તમારે વિકાસ પામતા - પ્રગતિ કરતા બંધ થવું જોઈએ. જો તમે આવો વિચાર કરતા રહેશો તો તમે શીઘ્ર વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત કરશો. તમે તરુણ જ છો એ વિચારને કદી પણ તિલાંજલિ આપશો નહીં. કદી પણ એમ કહેશો નહિ કે અમુકતમુક કાર્ય તમે એક સમયે કરી શકતા હતા. તેવી રીતે હાલ કરી શકતા નથી. તારુણ્યમય જીવન ગાળો. તમે ગમે એટલું આયુષ્ય ભોગવ્યું હોય તો પણ પુનઃ મન દ્વારા એક છોકરા કે છોકરીની જેમ જીવન ગાળતા ડરશો નહિ. તમારી રીતભાત એવી રાખજો કે એમાં વૃદ્ધાવસ્થાનું લેશ પણ ચિહ્ન આવે નહિ. સ્મરણમાં રાખજો કે સડી ગયેલું મન, ખવાઈ ગયેલું મગજ જ શરીરને વૃદ્ધ બનાવી દે છે. માટે વિકાસ પામતા રહો. તમારી આસપાસની પ્રત્યેક શુભ વસ્તુમાં રસ લેતા રહો.

**- ઓરિસન સ્વેટ માર્ડન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધર્મચારીઓની થોડી પણ દુરાચારીથી ઘણાં લોકો ખરાબ રસ્તે દોરવાયા છે.

**- અબુલ અબ્બાસ સૈચારે**

શરીર પાણીથી, મન સત્યથી, આત્મા ધર્મથી અને બુદ્ધિ જ્ઞાનથી પવિત્ર બને છે.

**- અબુલ અબ્બાસ સૈચારે**

અન્યના અવગુણ જોયા કરતાં સહેલી બીજી કોઈ વસ્તુ નથી. નિંદા કરવામાં કોઈ જાતની હોંશિયારીની સમર્પણની કે બુદ્ધિની જરૂર પડતી નથી.

**- રોબર્ટ વેસ્ટ**

આજના સૂર્યને આવતીકાલના વાદળ પાછળ સંતાડી દેવો એનું નામ ચિંતા છે.

**- કેમ્પ**

ગાંડા તો બધા જ હોય છે, પણ પોતાના ગાંડપણનું વિશ્લેષણ કરી શકે તેને તત્ત્વજ્ઞાની - ફિલોસોફર કહી શકાય.

**- અજ્ઞાત**

દુન્યવી ચીજોમાં સુખ શોધવું નકામું છે. ખુશીનો ખજાનો તો તમારી અંદર જ પડેલો છે.

**- રામતીર્થ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જિંદગી છે એટલે જ ખુશી છે અને પરિશ્રમ છે તો જિંદગી છે.

**- કાઉન્ટ લીઓ ટોલ્સટોય**

ઉદાર માનવી છેવટ સુધી આનંદપૂર્વક જિંદગી ગુજારે છે, જ્યારે કંજૂસ છેવટ સુધી દુઃખમાં રહે છે.

**- કૈસ બિન ઈલ ખતીમ**

માનવીના અંતરમાં વસેલા ક્રોધ અને ધિક્કારને ભેગા કરીએ તો ઘડીના છઠ્ઠા ભાગમાં દુનિયા નાશ પામે. એ ભેગા નથી થતા તેથી જ વ્યવહાર ચાલે છે.

**- ધૂમકેતુ**

જગતમાં બુદ્ધિનો સૌથી વધુ દુરુપયોગ માનવપ્રાણી જ કરે છે.

**- ચાંપશી ઉદેશી**

અપયશવાળું જીવન પસાર કરવા કરતાં મૃત્યુ વધુ સુંદર છે.

**- બાબર**

આપણી જરૂરિયાતો જેટલી ઓછી એટલા આપણે ઈશ્વરથી નજીક હોઈએ છીએ.

**- સોક્રેટીસ**

એ માનવી પછી એ રાજા હોય કે ખેડૂત પણ સૌથી વધુ ભાગ્યશાળી છે, જેને પોતાના ઘરમાં શાંતિ મળે છે.

**- ગટે**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંસારરૂપી કટુ વૃક્ષનાં અમૃત સમાન બે ફળ છે : એક તો પ્રિયવચન અને બીજું સજ્જનોની સોબત.

**- ચાણક્ય**

માનવી એટલો જ મહાન બનશે જેટલો એ પોતાના આત્મામાં સત્ય, ત્યાગ, દયા, પ્રેમ અને શક્તિનો વિકાસ કરશે.

**- સ્વેટ માર્ડન**

માનવીની શાંતિની કસોટી સમાજમાં જ થઈ શકે છે, હિમાલયના શિખર પર નહિ.

**- ગાંધીજી**

ખરાબ ચારિત્ર્યવાળા માનવીની મિત્રતા કરશો નહિ. ઓળખાણ પણ કરશો નહિ. સળગતો કોલસો હાથ દઝાડે છે, ઠંડો હાથ કાળા કરે છે.

**- હિતોપદેશ**

જ્યાં સુધી તમે હાથ બાંધેલા રાખશો ત્યાં સુધી સફળતાની કશી જ આશા તમે કરશો નહિ.

**- સિમન્સ**

જે સમયે ક્રોધ ઉપજે તેમ હોય તે વખતે તેનાં પરિણામોનો તમે વિચાર કરજો.

**- કોન્ફ્યુશિયસ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે મુસીબતોનો બોજ ઉઠાવી શકે છે તે જ સફળ જીવનનો અધિકારી છે.

- મિલ્ટન

જે પોતાનાં જ વખાણ કરવાનું પસંદ કરે છે તેમનામાં ગુણોની ઓછપ હોય છે.

- અરવિંદ ઘોષ

સાચું અને અક્ષય સુખ માત્ર પરમાત્માની પ્રાપ્તિમાં જ છે. અન્ય કોઈ પદાર્થમાં નથી.

- શ્રી કૃષ્ણ

મહાન માનવીની પ્રથમ પરીક્ષા તેની નમ્રતા છે.

- રસ્કિન

બોલવાના દુ:ખની સરખામણીમાં મૌન રહેવાનું દુ:ખ વધારે સારું છે.

- ઈબ્ન ગેબીરલ

સૌથી મોટો અવગુણ એ કહેવાય કે પોતાની અંદરના એક પણ અવગુણ વિશે માનવી સભાન હોય નહિ.

- થોમસ કારલાઈલ

કાયદો ગરીબો ઉપર રાજ્ય ચલાવે છે, જ્યારે શ્રીમંતો કાયદા પર રાજ્ય ચલાવે છે.

- ગોલ્ડ સ્મિથ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂર્ખ માનવીનો અવાજ ઊંચો હોય છે, નહિ તો એને કોઈ સાંભળે જ નહિ.

**- ગ્લેડસ્ટન**

મોડા થવા માટેનાં કારણોમાં મને રસ નથી, પણ કામ પૂરું થાય તેમાં મને રસ છે.

**- જવાહરલાલ નેહરુ**

ભૌતિક બંધનોમાંથી છૂટવાનો રસ્તો પૂરા વિવેકથી પ્રાપ્ત થાય છે.

**- પ્રેમચંદજી**

તમારા લક્ષ્યને ભૂલશો નહિ, નહિ તો પછી જે કાંઈ પ્રાપ્ત થશે એમાં જ સંતોષ માનવા લાગશો.

**- બર્નાર્ડ શો**

તુચ્છ પ્રાણીઓ વિઘ્નના ભયથી કોઈ કાર્યની શરૂઆત કરતા નથી. મધ્યમ શ્રેણીના લોકો કાર્યનો આરંભ કરે છે; પણ મુશ્કેલી આવતાં જ તે છોડી દે છે પણ શ્રેષ્ઠ પુરૂષો વારંવાર સંકટો આવવા છતાં હાથમાં લીધેલું કામ વચમાંથી છોડી દેતાં નથી.

**- ભર્તૃહરિ**

જ્યારે સ્ત્રીનું હૃદય પવિત્રતાનો સાગર બની જાય છે એ સમયે એનાથી વધુ કોમળ કોઈ વસ્તુ જગતમાં નથી હોતી.

**- લ્યુથર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એકની મૂર્ખાઈ બીજાનું નસીબ બને છે.

- બેકન

દુષ્ટ માનવીને જ્યારે સારા હોવાનો ઢોંગ આચરતો પડે ત્યારે સમજવું કે આ જગતમાં ભલમનસાઈની જીત થઈ છે.

- રોશકો ફોલ્ડ

જે માનવી માત્ર પ્રશંસા જ ઝંખતો હોય છે તેણે પોતાનું સઘળું સુખ અન્યને સોંપેલું જાણવું.

- ઓલીવર ગોલ્ડ સ્મિથ

કોઈપણ વ્યક્તિને અન્ય કોઈ ચાહે એને બદલે અન્યો એનામાં શ્રદ્ધા રાખે તેને પોતાની વધુ કદર ગણવી જોઈએ.

- જ્યોર્જ મૅકડોનાલ્ડ

સાચા પ્રેમની નિશાની નારીમાં હિંમતની, નરમાં શરમાળપણાંની અને સ્ત્રી-પુરૂષ એકબીજાની નિકટ આવતા જાય તેમ તેઓ પરસ્પરના ગુણો અપનાવતા જાય છે.

- વિક્ટર હ્યુગો

જે ઘરમાં પુસ્તકોનો સંગ્રહ નથી તે સ્મશાન કરતાં યે ભયંકર છે.

- ગાંધીજી

ધૈર્ય અને પુરૂષાર્થ વડે આપણે જે પ્રાપ્ત કરી શકીએ છીએ તે શક્તિ અને ઉતાવળથી પ્રાપ્ત થઈ શકતું નથી.

- લા. ફોન્ટેન



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દ્રવ્ય અને કપટનો ત્યાગ કરો. સંગઠિત બનીને અન્યની સેવા કરવાનું શીખો. આની આપણા દેશને સૌથી વધુ જરૂર છે.

**- સ્વામી વિવેકાનંદ**

માનવીને સંતાપની સગડીમાં એટલું તો સળગવું પડ્યું કે એથી લાચાર બનીને એને હાસ્યની શોધ કરવી પડી.

**- નિત્સે**

ક્ષમા આપવી ઉત્તમ છે. ભૂલી જવું એ એના કરતાં પણ વધુ ઉત્તમ છે.

**- બ્રાઉનિંગ**

જેનામાં વિદ્યા નથી, જ્ઞાન નથી, શીલ નથી, ગુણ નથી, ધર્મ નથી તે પશુ જેવો માનવી આ પૃથ્વી પર ભારરૂપ છે.

**- ભર્તૃહરિ**

સારો સ્વભાવ હંમેશા સુંદરતાના અભાવની પૂર્તિ કરે છે પણ સુંદરતા સારા સ્વભાવની પૂર્તિ કરી શકતી નથી.

**- કન્ફ્યુશિયસ**

અસત્ય અંધકારનું રૂપ છે. આ અંધકારથી મનુષ્ય અધોગતિ પામે છે. અંધકારમાં ફસાયેલ વ્યક્તિ પ્રકાશ જોઈ શકતી નથી.

**- મહાભારત**

વિજ્ઞાને સત્યનું વચન આપ્યું છે - સુખ કે શાંતિનું નહિ.

**- ગુસ્તાવ બોન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભયથી નિવારી શકાતા દોષની સંખ્યા કરતાં પ્રશંસા વડે પોષાતા ગુણની સંખ્યા વધુ હોય છે.

**- સરટીઝ**

તમારી જાત પાસેથી કામ લેવાનું તમે જો ઈચ્છતા હોય તો તમે તમારા મગજનો ઉપયોગ કરજો. અન્ય પાસેથી કામ લેવા માટે તમારા હૃદયનો ઉપયોગ કરજો.

**- સ્ટેન્ડ હોલ**

જેને અંગે પોતે ગૌરવ અનુભવી શકે એવી એકાદ વસ્તુનો પણ અભાવ માનવીનું કદાચ મોટું દુર્ભાગ્ય હશે.

**- આર્થર મોરગન**

એકાંત સમયે જ્યારે મનની ભાવનાઓ શાંત હોય છે ત્યારે તમે તમારી અંદર બુદ્ધિનો ભંડાર ભરી લ્યો.

**- વર્ડઝ વર્થ**

માત્ર શ્રદ્ધા વડે તો ઘણું જ અલ્પ સિદ્ધ કરી શકાય છે પણ સમૂળગી શ્રદ્ધા વગર તો કશું જ કરી શકાતું નથી.

**- વિકટર હ્યુગો**

કોઈપણ દેશની પ્રગતિ એના ચિંતકોના કેટલા વિચારો યુવાનોના જીવનમાં ચરિતાર્થ થાય છે એના આધારે જ શક્ય બને છે.

**- સ્વામી સત્યમિત્રાનંદજી**

મંદિર વિશે શ્રદ્ધાનો જે નાશ કરે છે તે પોતાનો નાશ કરે છે.

**- ગાંધીજી**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપણે જેમને સહુથી વધુ ચાહીએ છીએ, તેમનામાં જ આપણને વધુ દુઃખ આપવાની શક્તિ રહેલી હોય છે.

**- જોન ફ્લેચર**

સફળતા કદી કાયમી હોતી નથી, તે જ રીતે નિષ્ફળતા પણ કાયમ માટે રહેતી નથી.

**- કોલિન્સ**

ખુશામત કરતાં તો ઘણાં માનવીઓને આવડતી હોય છે પણ પ્રશંસા કરતાં ઘણાં થોડાઓને આવડે છે.

**- વેન્ડેલ ફિલિપ્સ**

દીવાની સમીપ એકલા બેઠા હોઈએ અને સામે પુસ્તક હોય એના જેવો આનંદ દુનિયામાં એકેય નથી.

**- યોશીદા કેનાકે**

શું તમે નિશાન ચૂકી ગયા છો? તો શું થયું? લક્ષ્ય તો હજી ચમકી રહ્યું છે. તમે દોડવામાં પાછળ રહી ગયા છો? તો શું થયું? શ્વાસ ખાવા થોભો, જેથી પુનઃ દોડવામાં ભાગ લઈ શકો.

**- એલન વ્હિલર વિલકોક્સ**

બદલો લેવા કરતાં ક્ષમા હંમેશા સારી વસ્તુ છે.

**- શેક્સપિયર**

ચિત્રકાર એટલે જે વેચાઈ શકે તેવી વસ્તુઓ ચીતરનારો, જ્યારે કલાકાર એટલે તે જે ચીતરે તે વેચાઈ જાય.

**- પિકાસો**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂર્ખ માનવી સુખને દૂરની વસ્તુ સમજીને એને મેળવવા ઈચ્છે છે. બુદ્ધિશાળી વ્યક્તિ સુખને પોતાના પગ પાસે ઉગાડવાનું ઈચ્છે છે.

- જેમ્સ શોપનહામ

માનવીનો સાચો મિત્ર છે એની દશ આંગળીઓ.

- રોબર્ટ કોલીયર

લગ્નજીવનમાં 'હું તને ચાહું છું' જેવું જ બીજું સમર્થ વાક્ય છે : 'તમે કદાચ સાચા હશો'

- ઓટેન આર્નોલ્ડ

શત્રુ કરતાં દોસ્તને ક્ષમા આપવાનું કામ વધુ કપરું છે.

- ડોરોથી ડીલ્યુજી

મૂર્ખ આદમી બોલાવ્યા વિના આવે છે, પૂછ્યા વિના બોલે છે, જેની પર વિશ્વાસ ન મૂકવો જોઈએ તેના પર વિશ્વાસ મૂકે છે.

- મહાભારત

દયા કદી એળે જતી નથી. જેના તરફ એ વહે છે તેના ઉપર તેની કશી અસર ન થાય છતાં પણ દયા કરનારને તો લાભ કરે છે જ.

- એસ. એચ. સીમન્સ

માર્ગમાં તમને જે સંકટો નડ્યાં તેમાં દુનિયાને રસ નથી. તમે નાવ કિનારે લાવ્યા કે નહિ તેમાં જ તેને રસ છે.

- આંદ્રે મોરતીઆ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્યારે આત્મા કોઈ કહે અને બુદ્ધિ કાંઈ બીજું જ કહે એવા સમયે તમે આત્માનું જ કહ્યું કરજો.

**- સ્વામી વિવેકાનંદ**

પુસ્તકનો સાચો ઉપયોગ માનવીને પોતાની જાતે વિચારતો કરી મુકવાનો છે. જે પુસ્તક તેમ કરી ન શકે તેનું મૂલ્ય અભરાઈ પર એણે રોકેલી જગ્યા જેટલું પણ નથી.

**- રિચી કોલ્ડર**

આઝાદી બે પ્રકારની હોય છે : એક તો જૂઠી આઝાદી - જેમાં જે માનવી જેવું ઈચ્છે એવું કરે. બીજી સાચી આઝાદી - જેમાં માનવી એ કરવા માટે સ્વતંત્ર હોય જે એને ખરેખર કરવું જોઈએ.

**- સી. કિંગ્સલે**

માનવીએ પ્રભુ પર એટલી શ્રદ્ધા રાખવી જોઈએ કે જેથી તેને જગતની સહાનુભૂતિની જરૂર જ ન પડે.

**- ઈશુ ખ્રિસ્ત**

અનેક મુસીબતો જેમણે ભોગવી છે તેઓ અનેક ભાષાઓના જ્ઞાતા જેવા બની જાય છે. તેઓને બધા સમજી શકે છે અને તેઓ બધાને સમજી શકે છે.

**- રેશેન્સિન**

ક્રોધ એક પ્રકારનું તોફાન છે એ જ્યારે આવે છે ત્યારે વિવકને નષ્ટ કરે છે.

**- યુનાની કહેવત**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આત્મવિશ્વાસ, આત્મજ્ઞાન અને આત્મસંચય આ ત્રણ વસ્તુઓ જ જીવનને પરમ શક્તિ સંપન્ન બનાવે છે.

**- ટેનીશન**

સમય કિંમતી છે પણ સત્ય તો એથી પણ વધુ કિંમતી છે.

**- ડિઝરાયલી**

પ્રેમ સ્વર્ગનો માર્ગ છે.

**- ટોલ્સટોય**

વાત્સલ્યભાવ એ જ કેળવણીનું રહસ્ય છે. શિક્ષકમાં જો આ વાત્સલ્યભાવ ન હોય તો એને શિક્ષક થવાનો અધિકાર નથી. ક્યારેક શિક્ષક સજા પણ કરે, પરંતુ સજા કરતી વખતે જો એ પોતે ઘવાય અને દુઃખી થાય તો જ એને એ કામ કરવાનો અધિકાર છે. નહીં તો એ પણ અન્યાય અને ઘાતકીપણું બને અને કાયરતા તો ખરી જ.

**- કાકા કાલેલકર**

જે બીજાને આશ્રયે રહેશે એનું કોઈને કોઈ રીતે અપમાન થશે જ.

**- જેમ્સ એલન**

મૂરખ મિત્ર કરતા ડાહ્યો દુશ્મન સારો.

**- ફોન્ટેઈન**

જે ખુશી આપણે પ્રાપ્ત કરીએ છીએ તેનો શ્રમ લાગે છે પણ જે બીજાને આપીએ છીએ તેનો શ્રમ કદીયે લાગતો નથી.

**- પતિસેન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મોટી મોટી ભૂલોનાં મૂળમાં અહંકાર રહેલો છે.

**- રસ્કિન**

જે માણસ પોતાની જાતને મદદ કરે છે તેને ઈશ્વર મદદ કરે છે.

**- અજ્ઞાત**

આંધળો ઉત્સાહ નુકશાનમાં પરિણમે છે.

**- મૈગનસ ગૌટ ફોડ**

માત્ર આંખ અને કાનને સંતોષે તે જ કલા નથી પણ જે આત્માને ઉન્નત કરે તે કલા છે.

**- મહાત્મા ગાંધી**

ક્રોધ ઉપર પ્રેમથી, પાપ ઉપર પુણ્યથી, લોભ ઉપર દાનથી, અને જૂઠ ઉપર સત્યથી જીત મેળવો.

**- ગૌતમ બુદ્ધ**

ક્રોધ એ ક્ષણિક ગાંડપણ છે એને કાબૂમાં રાખો. નહિં તો એ તમને કાબૂમાં રાખશે. **- હોરેશ**

તમામ વારસામાં અધમમાં અધમ વારસો આ છે - અઢળક લક્ષ્મી હોવી તે. **- ધૂમકેતુ**

સુંદરતા તેને જોનારની આંખોમાં જેવી ઝળકે છે તેના કરતાં પણ વધુ એની ઝંખના કરનારાઓના અંતરમાં ઝળહળે છે.

**- ખલિલ જિબ્રાન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આજે ભણવાનું સૌ કોઈ જાણે છે પણ શું ભણવું જોઈએ તે કોઈ જાણતું નથી.

- બર્નાડ શો

પ્રારબ્ધ તો પુરૂષાર્થની પાછળ ચાલે છે.

- ચાણક્ય

માનવીના હૃદય કરતાં મોટું કોઈ નથી. માનવીનું હૃદય જ બધા તીર્થોનું સ્થાન છે. એ જ મંદિર, મસ્જિદ, ગિરજાઘર, કાબા, કાશી અને જેરુસલેમ છે. ઈશુ ખ્રિસ્ત અને મહંમદ પયગમ્બરે અહીં બેસીને જ ચમત્કારો કર્યા હતા.

- નજરૂલ ઈસ્લામ

આપણી અંદરની ગંદકીને આપણે બહાર ન કાઢીએ ત્યાં સુધી પ્રાર્થના કરવાનો આપણને હક્ક નથી.

- ગાંધીજી

માત્ર માથું મુંડાવે સાધુ થવાતું નથી. કર્મનો જાપ જપવાથી બ્રાહ્મણ નથી બનાતું, વનમાં રહેવાથી મુનિ બનાતું નથી અને મૃગચર્મ પહેરવાથી તપસ્વી થવાતું નથી.

- મહાવીર

અઢારે પુરાણોનો સાર આ છે - પારકાનું ભલું કરવું તે પુણ્ય છે અને બીજાને દુઃખ દેવું તે પાપ છે.

- અજ્ઞાત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમે એકલા હો તે વખતે પણ સુખી થતાં શીખો. આપણી સોબતની ખુશી આપણે પોતે જ ન અનુભવી શકીએ તો પછી બીજાને માથે તે શા કારણે મારવી જોઈએ.

**- કેમ્પ**

તમારા દીકરા કે દીકરીને એક જ ભેટ તમે આપી શકો તેમ હો તો તમે તેને ઉત્સાહ આપજો.

**- બ્રૂસ બારટન**

દુષ્ટ સ્ત્રી, કપટી મિત્ર, સામું બોલનાર નોકર અને સાપવાળા ઘરમાં રહેવું એ મોત જ છે એમાં શંકા નથી.

**- ચાણક્ય**

ઉપદેશ આપવો સહેલો છે, ઉપાય બતાવવો અઘરો છે.

**- ટાગોર**

પ્રસન્નતા જ સ્વાસ્થ્ય છે અને એની વિરુદ્ધ મલીનતા-અપ્રસન્નતા છે.

પ્રત્યેક વ્યક્તિને યોગ્યતા મુજબ અને પ્રત્યેક વ્યક્તિને આવશ્યકતા મુજબ મળવું જોઈએ.

**- લૂઈ બ્લેક**

જેટલી પરાધીનતા એટલું દુઃખ અને જેટલી સ્વતંત્રતા એટલું સુખ, સુખ-દુઃખની આ સંક્ષિપ્ત વ્યાખ્યા છે.

**- મનુ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સ્વમાન ગુમાવીને જીવવું એ મૃત્યુ કરતાં પણ ખરાબ છે.

**- ભર્તૃહરિ**

જીભને સ્વાધીન રાખનારા જીવનને પણ સ્વાધીન રાખે છે.

**- ધૂમકેતુ**

ધર્મનું લક્ષ્ય છે અંતિમ સત્યનો અનુભવ. **- રાધાકૃષ્ણન**

દુન્યવી વસ્તુઓમાં સુખની શોધ વ્યર્થ છે. આનંદનો ખજાનો તો તમારી અંદર જ છે. **- સ્વામી રામતીર્થ**

આપત્તિ 'માનવી' બનાવે છે અને સંપત્તિ 'રાક્ષસ'.

**- વિક્ટર વ્યુગો**

ઉપકાર વગર કોઈને કોઈ પ્રત્યે પ્રેમ જન્મતો નથી.

**- વિષ્ણુ શર્મા**

બે સ્ત્રીઓ વચ્ચે સમાધાન કરાવતાં જેટલો સમય જાય એના કરતાં ઓછા સમયમાં સમસ્ત યુરોપની સંધિ કરાવી શકું.

**- ચૌદમો લુઈ**

ભય વિના પ્રીતિ નથી. **- સંત તુલસીદાસ**

ગ્રીષ્મમાં જેમ વધુને વધુ તડકો પડે છે તેમ ગુલમહોર વધુને વધુ ખીલે છે. સાધુચરિત એને કહે છે કે જે વધુને વધુ સંકટ પડવા છતાં વધુને વધુ પ્રસન્ન રહે છે. **- સ્વામી રામતીર્થ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આસમાનમાં નવા ગ્રહની શોધ કરવી એના કરતાં તો ધરતી ઉપર આનંદનો સ્ત્રોત શોધવો એ વધુ મહત્ત્વનું કાર્ય છે. - **અજ્ઞાત**

આપણને કૂતરું કરડે અને બદલામાં આપણે કૂતરાંને કરડીએ એવા વર્તનને વેર વાળવા સાથે સરખાવી શકાય. - **ઑસ્ટિન આમેલી**

માણસ નિષ્ફળ ત્યારે થાય છે જ્યારે એ વિકાસને બદલે ફળ ઝંખે છે. - **ધૂમકેતુ**

ચેતતા નર સદાય સુખી હશે પણ હસતા નર મોટેભાગે સુખી જ હોય છે. - **ચાંપશી ઉદેશી**

ઉપકાર કરવાથી માણસનો આત્મા ઉન્નત અને પ્રફુલ્લિત બને છે. - **ગાંધીજી**

જે કાર્ય કરવા શક્તિમાન છે તે કાર્ય કરે છે પણ જે કરી શકે તેમ નથી તે માનવી ખાલી શિખામણ જ આપે છે. - **જ્યોર્જ બર્નાડ શો**

માનવ ઈતિહાસ મુખ્યત્વે કરીને વિચારોનો ઈતિહાસ છે. - **એચ. જી. વેલ્સ**

ભૂતકાળના પુરૂષાર્થમાંથી વર્તમાનકાળનું પ્રારબ્ધ સર્જાયું છે. તેમ વર્તમાનકાળના પુરૂષાર્થમાંથી ભવિષ્યનું પ્રારબ્ધ સર્જાશે માટે પ્રારબ્ધની નબળી વાતો છોડી, વિકાસના સાધકે જીવંત વર્તમાનમાં અવિશ્રાંત પુરૂષાર્થથી કામે લાગી જવું. - **શ્રી ચિત્રભાનુજી**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મનુષ્ય સંજોગોનો દાસ નથી. સંજોગો માનવીનો દાસ છે.

- ડિઝરાયલી

માણસના જીવનમાં ત્રણ વસ્તુ મહત્ત્વની છે : નિરામય આરોગ્ય, સુયોગ્ય જીવનસાથી અને આર્થિક ક્ષેત્રે સ્વતંત્રતા.

- ટોમ વોલ્ટર

અતિ સંયમ પણ એક પ્રકારનો અસંયમ છે.

- શરદબાબુ

મેં મારા જીવનમાં એ બહુ મોડું જાણ્યું કે 'હું નથી જાણતો' એમ કહેવું એ કેટલું બધું સારું છે.

- સમરસેટ મોમ

જેમ અન્યના અધિકારની પ્રતિષ્ઠા કરવી એ માનવીનું કર્તવ્ય છે એ પ્રકારે પોતાનું સ્વમાન જાળવી રાખવું એ પણ એનું કર્તવ્ય-ફરજ છે.

- સ્પેન્સર

માનવી પોતાના મનમાં પોતાના વિશે જેવું વિચારે છે એવો જ બની જાય છે.

- સ્વેટ માર્ડન

જોયા વિના કદી કોઈ વસ્તુ આરોગશો નહિ અને વાંચ્યા વિના કોઈ લખાણ પર હસ્તાક્ષર કરશો નહિ.

- સ્પેનીશ કહેવત



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમારા સુખનું કારણ શું છે એની તમને જો માહિતી ન હોય તો માની લેજો કે સાચે જ તમે સુખી છો.

**- ઓલિવર ગોલ્ડ સ્મિથ**

ઉત્તમને ચાહવું એટલે પોતે ઉત્તમ બનવું.

**- નેકર**

જ્યાં સત્ય અને પ્રેમ છે ત્યાં ભગવાન વસે છે.

**- રેટીનોસ**

વેર ક્યારેય વેરથી શમતું નથી. અવેરથી જ વેર શમે છે.

**- ધમ્મપદ**

જે કોઈને દુઃખ આપતો નથી તેમજ સર્વનું કલ્યાણ ઈચ્છે છે તે ખૂબ જ સુખી રહે છે. સો હાથે ભેગું કરો અને હજાર હાથે વહેંચો.

**- અથર્વવેદ**

જિંદગીની મુસીબતો ઓછી કરવાનું ઈચ્છતા હો તો અત્યંત વ્યસ્ત રહો.

**- વાલ્ટેર**

જે માનવી પોતાના મિત્રને મદદગાર ન થાય તે સારો મિત્ર નથી.

**- ઋગ્વેદ**

પ્રેમ સ્વર્ગ છે અને સ્વર્ગ એ પ્રેમ છે.

**- વોલ્ટર સ્કોટ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શરાબની એક પ્યાલી માનવીને બુદ્ધિહીન બનાવે છે, બીજી પ્યાલી ગાંડો બનાવે છે અને ત્રીજી તેને ચેતનાશૂન્ય બનાવે છે.

**- શેક્સપિયર**

કોઈ એવી ઘડિયાળ નહિ બનાવી શકે જે વીતેલા કલાકોને પુનઃ વગાડી શકે.

**- ડિકન્સ**

જ્યારે નિરાશાનો સમય આવે છે ત્યારે આપણી બુદ્ધિ અવળી બની જાય છે.

**- ચાણક્ય**

દરેક બીજ એ ખેડૂતને મન ધાન્યભંડાર છે તેમ દરેક પળ એ જ્ઞાનીને મન જ્ઞાનભંડાર છે. જે પળ આપે તે કોઈ ન આપે.

**- ધૂમકેતુ**

પોતાના સદ્ગુણો સિવાય બીજું કશું જ શાશ્વત નથી.

**- વોલ્ટ વિટમેન**

અપમાન જીરવવું મુશ્કેલ તો છે જ પણ માન જીરવવું એથી યે મુશ્કેલ છે.

**- ચોપશી ઉદેશી**

જનની અને જન્મભૂમિ સ્વર્ગ કરતાંયે ચઢિયાતાં છે.

**- વાલ્મિકી**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્યારે બોલવા જેવું હોય ત્યારે મૌન રહેવું અને મૌન રહેવા જેવું હોય ત્યારે બોલબોલ કરવું એ નબળાઈની નિશાની છે.

- ચિની કહેવત

ભય વડે જે અવગુણ દૂર કરી શકાય છે તેનાથી વધુ સદ્‌ગુણ પ્રશંસાથી પોષી શકાય છે.

- સરટીઝ

પુરૂષની સરખાણીમાં નારીમાં વધુ ડહાપણ હોય છે કારણ કે સ્ત્રી જાણે છે અલ્પ પણ સમજે છે વધુ.

- જેમ્સ સ્ટીફન્સ

જીવનમાં સફળ કેમ થવું તેનું રહસ્ય જેઓ હજી સફળ નથી થયા તેઓ જ જાણે છે.

- કોલિન્સ

પ્રસન્નતા બધા જ સદ્‌ગુણોની માતા છે.

- ગંટે

હૃદય નિર્ણય કરે છે, મન યોજના ઘડે છે અને તેનો અમલ હાથ કરે છે.

- ગિબન

જિંદગી નાની છે હું એને દુશ્મનાવટ રાખવામાં કે ગુનાઓની યાદમાં વિતાવવા ઈચ્છતો નથી.

- જોન બ્રાઈટ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે ત્યાગ અભિમાન જન્માવે તે ત્યાગ નથી. ત્યાગથી શાંતિ મળવી જોઈએ. અભિમાનનો ત્યાગ જ સાચો ત્યાગ છે.

**- વિનોબાજી**

પોતે મરણ પામીને બીજાને જિવાડવાની તૈયારીમાં માણસની વિશેષતા છે.

**- ગાંધીજી**

દાન કરવાથી ગૌરવમાં વધારો થાય છે. ધનનો સંચય કરવાથી નહિ. પાણી આપનાર વાદળાં ઉપર છે અને પાણીનો સંચય કરનાર સાગર નીચે છે.

**- સ્કંદ પુરાણ**

જે વ્યક્તિ ઊંચા વિચારોની સોબતમાં રહે છે એ વ્યક્તિ એકલી રહેવા છતાં એકલી નથી.

**- ફિલીપ સિડની**

નાણાંની થેલી જેવી ખાલી થાય છે કે તુરત જ હૃદયની સમૃદ્ધિથી ભરાઈ જાય છે.

**- વિકટર હ્યુગો**

આત્મશ્રદ્ધા વધારવાની રીત એ છે કે તમે જે કામ કરવાથી ડરતા હો તે કામ કરો. આ પ્રકારે જેમ જેમ તમને સફળતા મળતી જશે તેમ તેમ આત્મશ્રદ્ધા વધતી જશે.

**- ડેલ કારનેગી**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અન્યાય સહન કરી લેનાર પણ ગુનેગાર હોય છે કેમ કે જો અન્યાય સહન ન કરવામાં આવે તો પછી કોઈજ કોઈની સાથે અન્યાપૂર્ણ વ્યવહાર કરશે નહિ.

- ટાગોર

વિચારજો વધુ, બોલજો ઓછુ અને લખજો થોડુંક જ.

- ઈટાલિયન કહેવત

પ્રેમ એકબીજાને સોનેરી સાંકળથી બાંધે છે.

- ગટે

જે રીતે નવયૌવના વૃદ્ધ પુરૂષને ઈચ્છતી નથી તે જ રીતે લક્ષ્મી (પૈસો) આળસુ, નસીબ પર આધાર રાખનાર અને સાહસ વગરના માનવી પાસે જતી નથી.

- અજ્ઞાત

આપણું હૃદય પ્રેમથી ભરેલું હોય ત્યારે સકળ સૃષ્ટિ સુંદરતાથી છવાઈ જાય છે.

- ધૂમકેતુ

થોડું હોય છતાં જે દાન કરે તેનું દાન હજાર જેવું ગણાય.

- જાતક

જે વ્યક્તિ ઈચ્છાઓથી મુક્ત છે તે હંમેશા સ્વતંત્ર રહેશે.

- લેબુલેય



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે બીજાને ચાહે છે, એને બીજા ચાહે છે. જે બીજાને માન આપે છે તે પોતે માન મેળવે છે, બીજાને ધિક્કારે છે તે ધિક્કારની હવા ઊભી કરે છે.

**- ધૂમકેતુ**

કોઈપણ કાર્યમાં વિજય મળે કે પરાજય એ એટલું મહત્ત્વનું નથી તમે એ કાર્ય માટે કરેલા પ્રયત્નોમાં કેટલો પ્રાણ પૂર્યો હતો એ જ મહત્ત્વનું છે.

**- ચોપશી ઉદેશી**

જે વિચાર આચારમાં ન પરિણમે તે પોથીમાંના રિંગણા જેવા છે. જીવન અખંડ અને અવિભાજ્ય છે. ક્રાંતિ એ આમૂલ પરિવર્તન છે.

**- એરિક ફ્રોમ**

માણસ એ જ સત્ય છે. માણસે પોતાની બહાર કશું જ શોધવાનું નથી. આરંભ અને અંત તેના પોતાનામાં જ છે.

**- હેનરી મિલર**

સાહિત્ય માનવીનો મહિમા ગાય છે. તેનામાં આત્મવિશ્વાસની સ્થાપના કરે છે. દરેક માનવીની ચેતના અલગ હોય છે. પોતાની જાતથી પણ. જગત જેવું છે તેનું નિરૂપણ કરવાનું કામ ભાષાનું છે. સર્જન કરવું હોય તો આપણી જાતનું વિસર્જન કરવું પડશે.

**- સાર્ત્ર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અનાયાસે પ્રાપ્ત થયેલી લક્ષ્મી, પરિશ્રમ તથા પુરૂષાર્થ વગરનું જીવન અને સાચી ભૂખ વિનાનું ક્ષણિક સંતોષ ખાતરનું ખાઉધરાપણું - આ ત્રણેય ભલે થોડો સમય આનંદ આપે પણ સરવાળે તો હાનિકર્તા છે.

**- કન્ફ્યુશિયસ**

ઉપવાસ સહેલો છે પણ સંયમપૂર્વકનો આહાર રાખવો મુશ્કેલ છે. મૌન સહેલું છે પણ સંયમ જાળવીને બોલવું અઘરૂં છે.

**- વિનોબા ભાવે**

તમે હસશો તો સંસાર હસી પડશે, પણ તમે રડશો તો તમારે એકલાએ જ રડવું પડશે કેમ કે આ મૃત્યુલોક કેવળ હાસ્યની જ ઈચ્છા રાખે છે. રૂદન તો એની પાસે ખુદ પોતા પૂરતું જ છે.

**- એલન વ્હીલર વિલકોકરા**

જ્યાં સુધી શરીરમાં પ્રાણ છે ત્યાં સુધી કોઈએ નિરાશ થવું નહિં.

**- ઈરાસમસ**

મોટા શાસ્ત્રજ્ઞ, બહુમુલ શંકાઓનું નિરાકરણ કરનાર પંડિત પણ લોભતરા થઈને દુઃખી બને છે. **- નીતિ**

માનવી પોતે જ પોતાના આનંદનો નિર્માતા છે.

**- થોરો**

આશા અમર છે. તેની આરાધના કદી નિષ્ફળ જતી નથી.

**- ગાંધીજી**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કબજિયાત એ સર્વ રોગનું મૂળ છે માટે તમે હંમેશા પેટ સાફ રાખો.

**- આયુર્વેદ**

મનના હાથીને વિવેક વડે અંકુશમાં રાખો.

**- રામકૃષ્ણ પરમહંસ**

જે સુખ ઈચ્છે છે છતાં તે મેળવવા કાંઈ કરતો નથી તેના જેવો દુ:ખી બીજો કોઈ નથી.

**- ક્લોડિયસ**

સ્ત્રીઓનું સન્માન કરો. તે આપણા પાર્થિવ જીવનને સ્વર્ગીય ફૂલોથી સુગંધિત અને સુંદર બનાવે છે.

**- શિલર**

એક વખત જેણે વિશ્વાસઘાત કર્યો હોય તેનો વિશ્વાસ ન કરવો.

**- શેક્સપિયર**

ફૂલો ચૂંટી લ્યો, કાંટાને છોડી દો.

**- ઈટાલિયન કહેવત**

આપણે વિશ્વાસના આધારે ચાલીએ છીએ, સૃષ્ટિના નહી.

**- બાઈબલ**

સાધક જ્ઞાન વડે જીવનતત્ત્વોને જાણે છે.

**- મહાવીર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે માણસ જીવહિંસા કરે છે, જૂઠું બોલે છે, બીજાનું ધન ચોરે છે, તે અહીં આ જગતમાં જ, આ જન્મમાં જ પોતાને હાથે પોતાનો નાશ નોતરે છે.

**- ધમ્મપદ**

બે વસ્તુઓ માનસિક નિર્બળતા દર્શાવે છે - એક તો બોલવાને વખત શાંત રહેવું અને બીજું શાંત રહેવાના સમયે બોલવું.

**- શેખ સાદી**

છળ અને પાખંડથી મુક્ત આત્મા જ સમકિતના પ્રકાશ કિરણને પામી શકે છે.

**- ભગવાન મહાવીર**

સરળતા એ જ ધર્મ છે અને કપટ એ જ અધર્મ છે. સરળ માનવી જ ધર્માત્મા થઈ શકે છે.

**- મહાભારત**

પાપીની ધૃણા કરશો નહિ પાપની કરજો, તમે પોતે પણ તદ્દન નિષ્પાપ તો નહિં જ હો.

**- ભગવાન મહાવીર**

બીજાનાં પાપો આપણી આંખો સામે રહે છે પણ પોતાનાં પાપો પીઠ પાછળ રહે છે.

**- સેનેકા**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માનવી જે કાંઈ ખોરાક ખાય છે એનાથી બળવાન બનતો નથી પણ જેટલું પચાવી શકે છે તેનાથી બળવાન બને છે. માનવી જે કમાણી કરે છે તેથી નહિ પણ જેટલું બચાવે છે તેનાથી શ્રીમંત બને છે. માનવી જે વાંચે છે તેથી નહિ પણ યાદ રાખે છે તેથી પંડિત બને છે અને જે ઉપદેશ આપે છે તેથી નહિ પણ જે કાંઈ આચરણ કરે છે તેથી ધર્મવાન બને છે.

**- લોર્ડ બેકન**

પ્રેમ સ્વર્ગનો માર્ગ છે, માનવતાનું બીજું નામ પ્રેમ છે, પ્રાણીમાત્ર સાથે પ્રેમ કરવામાં જ સાચી માનવતા છે.

**- બુદ્ધ**

જ્ઞાન અને ક્રિયા જીવનની બે મહત્ત્વપૂર્ણ પાંખો છે જેના વડે માનવ અનંત સુખાવકાશમાં સહજ રીતે ઉડ્ડયન કરી શકે છે.

**- જનદર્શન**

તમારા માર્ગમાં જે મુશ્કેલીઓ આવે તેને દૂર કરવી એ યોગનું પ્રધાન અંગ છે.

**- અરવિંદ ઘોષ**

જે માનવીમાં શ્રદ્ધા નથી તેને જ્ઞાન હોતું નથી. જ્ઞાન વગરનાને આચરણ હોતું નથી. આચરણહીનને મોક્ષની પ્રાપ્તિ થતી નથી અને મોક્ષ મેળવ્યા વિના નિર્વાણપૂર્ણ શાંતિ પ્રાપ્ત થતી નથી.

**- ઉત્તરાધ્યયન સૂત્ર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આખી દુનિયાનાં પાપ દૂર થઈ શકે છે, જો તેનો સાચા દિલથી પશ્ચાતાપ કરીએ તો.

**- મુહમ્મદ સાહેબ**

લોભીને કોઈ ગુરુ કે મિત્ર હોતા નથી, કામાતુરને ભય કે શરમ હોતા નથી, વિદ્યાતુરને સુખ કે ઊંઘ હોતા નથી, ક્ષુધાતુરને સ્વાદ કે સમય હોતા નથી.

**- સંસ્કૃત કહેવત**

સારી રીતે જીવી જાણે તે જ સાચો કલાકાર છે.

**- ગાંધીજી**

એક કામના પૂરી થતાં જ બીજી ઊભી થઈ બાણની પેઠે ભોંકાય છે. ભોગેચ્છાં ભોગ ભોગવવાથી કદી શાંત થતી નથી પણ આગમાં ઘી નાંખતાં ભડકો થાય તેમ વધે છે. ભોગની ઈચ્છા રાખવાથી મોહવાળો કદી સુખી થતો નથી.

**- મહર્ષિ વિશ્વામિત્ર**

શાંતિથી ક્રોધને, નમ્રતાથી માનને, સરળતાથી માયાને તેમ જ સંતોષથી લોભને જીતવો જોઈએ.

**- મહાવીર**

જેમ આપણી જરૂરિયાતો ઓછી હોય છે તેમ દેવો અને આપણી વચ્ચે સમાનતા વધુ રહે છે.

**- સોક્રેટીસ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવન જીવવા માટે છે અને એના જેવો આનંદ બીજો એકે નથી. સંપત્તિ અને વૈભવ માણસને સુખ આપશે એ ભ્રમ છે. સૌંદર્ય અને આનંદથી જ સુખ મળે છે. વાસ્તવિક સૌંદર્ય શાંતિ, પ્રકૃતિ, પવિત્ર આચાર અને પવિત્ર વિચારમાં જ છે. આ વસ્તુ જે માનવીમાં છે તે જ સુખ ભોગવે છે. આ ગુણ મેળવવા માનવીએ રાત-દિવસ સંઘર્ષ કરવો જ જોઈએ. એ જ જીવન છે. - **પ્લેટો**

ચિત્તની શાંતિમાં જ સાચી મુક્તિ છે. - **રમણ મહર્ષિ**

પરમાત્મા હંમેશાં કૃપારૂપ છે. જે શુદ્ધ અંતઃકરણથી તેની મદદ યાચે છે તેને તે અવશ્ય આપે છે. - **વિવેકાનંદ**

વિશ્વાસ જીવન છે, સંશય મોત છે.

- **રામકૃષ્ણ પરમહંસ**

અસત્ય વિજય નીવડે તો પણ તે વિજય અલ્પજીવી હોય છે.

- **લ્યૉનાર્ડ**

જરા જેટલું અસત્ય પણ માનવીનો નાશ કરે છે. જેમ એક ટીપું ઝેર આખા તપેલાના દૂધનો નાશ કરે છે. - **ગાંધીજી**

આળસ અને અજ્ઞાન માનવીના મહાન શત્રુ છે.

- **ભગવાન બુદ્ધ**

ભાગ્યને ભરોસે બેસી રહેવું એ કાયરતાની નિશાની છે.

- **નેપોલિયન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિચાર્યા વિના વાંચવું એ પચાવ્યા વિના ખાધા જેવું છે.

**- એડમંડ બર્ક**

મૃત્યુથી ભય પામનારો મનુષ્ય જીવનથી પણ ભય પામતો હોય છે.

**- ચાંપશી ઉદેશી**

કલાકાર બનવા માટે પહેલી શરત માનવ માત્ર માટે પ્રેમ રાખવો એ છે - કલા માટેનો નહિ.

**- ટોલ્સટોય**

બધી કલાઓમાં જીવન શ્રેષ્ઠ છે. હું તો માનું છું કે સારી રીતે જીવી જાણે તે જ સાચો કલાકાર છે.

**- અજ્ઞાત**

જગત આપણાથી જુદું નથી, આપણે જગતથી જુદા નથી. બધાના એકબીજાના કામની અસર એકબીજા પર પડે છે. અહીં વિચાર પણ કામ છે, અર્થાત્ એક પણ વિચાર વ્યર્થ નથી જતો. તેથી હંમેશા સારા વિચાર જ કરવા જોઈએ.

**- મહાત્મા ગાંધી**

તમારી ભીતિઓને એકલા-એકલા માણજો, પણ તમારી હિંમતની લ્હાણ કરતા રહેજો.

**- રોબર્ટ લૂઈ સ્ટીવન્સ**

જો તમે મગજને શાંત રાખી શકતા હશો તો તમે જગતને જીતી શકો.

**- ગુરૂનાનક**

મરી જાઓ પણ અન્યાય સામે ઝુકશો નહિ.

**- સુભાષચંદ્ર બોઝ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુંદરતાની શોધમાં આખી પૃથ્વી ખૂંદી વળીએ તો પણ એ જો આપણી અંદર નહિ હોય તો હાથ લાગશે નહિ.

- ધૂમકેતુ

જીવનની પ્રત્યેક ક્ષણમાં આનંદ છુપાયો હોય છે તેને મેળવતાં આવડવો જોઈએ. બીજાને સુખી જોઈ સુખી થવું એના જેવું બીજું સુખ એકેય નથી.

- ચાંપશી ઉદેશી

જે વ્યક્તિ બીજાના ગુપ્ત ભેદ તમારી સમક્ષ પ્રકટ કરે તેને તમારા ગુપ્ત ભેદોથી ક્યારેય માહિતગાર થવા દેશો નહી કેમ કે વ્યવહાર એ અન્ય સાથે કરે છે તે તમારી સાથે પણ કરશે.

- હજરત અલી

તમે કેટલીક વ્યક્તિઓને હંમેશા મૂર્ખ બનાવી શકો છો અને બધી વ્યક્તિઓને થોડા સમય માટે મૂર્ખ બનાવી શકો છો પણ તમે બધાને બધો સમય માટે મૂર્ખ બનાવી શકતા નથી.

- લિંકન

હિત કરનારા શત્રુ પણ મિત્ર છે તથા અહિત કરનારા મિત્ર પણ શત્રુ હોય છે. આપણા શરીરમાં ઉત્પન્ન થતો રોગ પણ શત્રુ છે તથા જંગલમાં ઉત્પન્ન થતી ઔષધિ મિત્ર છે.

- વેદ વ્યાસ

આજે વાંચવાનું બધા જાણે છે, પણ શું વાંચવું જોઈએ એ કોઈ જાણતું નથી.

- બર્નાડ શો



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દાન જેવી બીજી વિધિ નથી. લોભ જેવો બીજો શત્રુ નથી, શીલ જેવું ભૂષણ નથી અને સંતોષ સમાન બીજું કોઈ ધન નથી.

**- પંચતંત્ર**

જગતમાં તમારો કોઈ મિત્ર નથી કે શત્રુ નથી. તમારું વર્તન જ મિત્ર કે શત્રુ બનાવવા જવાબદાર છે.

**- ચાણક્ય**

હાસ્ય એક અદ્‌ભુત ઔષધ છે. એ પૌષ્ટિક છે અને એથી બધા પ્રકારનું બળ મળે છે. **- મહાત્મા વોલ્ટન**

જો તમે આજને નષ્ટ કરશો તો સમય એકદિવસ તમને પણ નષ્ટ કરી દેશે. **- શેક્સપિયર**

ક્રોધ એક ક્ષણિક ગાંડપણ છે એને વશમાં રાખો નહિ તો તમને તે વશ કરી દેશે. **- હોટેસ**

જેણે અભિમાન કર્યું તેનું પતન નિશ્ચિત માનવું.

**- મહર્ષિ દયાનંદ**

આળસુ માણસ હંમેશાં દેવાદાર અને બીજાને માટે ભારરૂપ રહે છે.

**- જનરલ ઓબ્રગોન**

જીવનનો કોઈ સારા કાર્યમાં ઉપયોગ કરવો તેમાં જીવનની સાર્થકતા રહેલી છે. **- ટાગોર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે દુ:ખીજનોનો જ વિચાર કરે છે તે પોતાનો વિચાર નહીં કરે. તેને એટલો સમય પણ ક્યાંથી હોય?

**- ગાંધીજી**

અશ્લિલ પુસ્તકો વાંચવા એ ઝેર પીવા બરોબર છે.

**- ટોલ્સટોય**

અસંતોષથી આનંદ દૂર રહે છે. આળસથી જ ગરીબાઈ પ્રાપ્ત થાય છે.

**- મહાત્મા ગાંધી**

વિદ્યા કામધેનુ જેવી છે.

**- ચાણક્ય**

સફળતા પરિશ્રમથી જ મળે છે, વિચાર કરવાથી નહિ.

**- બેન્જામીન ફ્રેંકલીન**

સ્વમાની માનવી માટે અપકીર્તિ મરણથી પણ બૂરી છે.

**- ગીતા**

ઉન્નત બનવું અને આગળ વધવું એ પ્રત્યેક પ્રાણીનું લક્ષ્ય છે.

**- અથર્વવેદ**

તમારે જે કાંઈ જોઈએ તે સ્મિત વેરીને પ્રાપ્ત કરો નહિ કે તલવારના જોરે.

**- શેક્સપિયર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રામાણિકતા સર્વોત્તમ નીતિ છે.

**- ફ્રેંકલીન**

પ્રગતિ એ જ જીવન છે.

**- મહાત્મા ગાંધી**

ભોજન, શાંતિ અને વિનોદ જ સંસારનો સર્વશ્રેષ્ઠ ડૉક્ટર છે.

**- સ્વિફ્ટ**

ઈચ્છાનો ત્યાગ જ ઉત્તમ તપ છે.

**- શ્રીમદ્ ભાગવત**

અન્યાય સહન કરનાર કરતાં અન્યાય કરનાર વધુ દુઃખી બને છે.

**- પ્લેટો**

પડે ત્યારે સઘળું પડે છે.

**- ધૂમકેતુ**

પ્રસન્નતાથી વધુ કયો પોશાક પહેરીને તમે સમાજમાં ફરશો?

**- થેકરે**

બેઈમાનદાર - ઈમાનદારને હાનિ પહોંચાડી શકતો નથી. બેઈમાનદાર કદાચ ઈમાનદારને દગો કરવાનો પ્રયત્ન કરશે તો એ દગો બેઈમાનદારને જ નુકશાન પહોંચાડશે.

**- જેમ્સ એલન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધ્યેય પરત્વેની અસાવધાનતા એનું નામ મૃત્યુ. પ્રાર્થના એ એક પ્રકારનું ભાવાત્મક ધ્યાન છે. જ્ઞાનનો ખરો અર્થ સમજણ નહિ પણ તેવું જીવન. સમદૃષ્ટિ એટલે નિર્લિપ્ત સમન્વયાત્મક દૃષ્ટિ. સાચા સ્વાનુભવમાં જેમ સર્વાનુભવ આવી જાય છે તેમ સ્વકલ્યાણની પ્રવૃત્તિમાં સર્વકલ્યાણની પ્રવૃત્તિ આપોઆપ ભળ્યા કરે છે. ધિક્કાર વૃત્તિ એ પ્રેમની વિકૃત દશા છે યાને ઉલટું પાસું છે. માનવી જેવા વિચારોનું સેવન કરતો હોય છે તેવા વિચારોનાં આંદોલનો, મોજા સ્વાભાવિક રીતે જ એની આજુબાજુના વાતાવરણમાં પ્રસરતાં હોય છે. નિંદા-અતિનિંદા ને લોકવાર્તા સાધકના જીવનને બાધક છે. જે કાંઈ સારૂં-નરસું, ઓછુંવત્તું મળ્યા કરે એના વિશે સંતોષની લાગણી ધરાવવી. આમ કરવાથી સમતા કેળવવામાં મદદ મળશે.

**- પૂજ્યશ્રી મોટા**

સત્યના જયમાં જેમને શ્રદ્ધા નથી હોતી તેઓ દુનિયાની કુટિલતાની ભભકમાં અંજાઈ નિર્લજ્જ બને છે.

**- જેમ્સ એલન**

પોતાના જ દોષને લઈ જેઓ જીવનમાં સફળ થઈ શકતા નથી તેઓ પારકાના દોષ નિહાળે છે.

**- જેમ્સ એલન**

કુદરતને નિહાળો, તેના નિયમોની કદીયે અવગણના કરશો નહીં. કુદરતની સામે થવાનું માણસને ઘણું ગમે છે. આને લીધે જ મનુષ્યનો વહેલો અંત આવે છે.

**- જેમ્સ એલન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કોઈપણ કામ કરતાં તમારે નીચું જોવું પડે તેવું એકપણ કામ કરશો નહીં.

**- જેમ્સ એલન**

મૈત્રી બાંધવામાં ઉતાવળ કરશો નહિ પણ મૈત્રી બાંધો તો છેવટ સુધી નિભાવજો.

**- સોક્રેટીસ**

તૃષ્ણા ઉખાડી નાખનાર આદમી પુનઃ જન્મતો નથી.

**- ભગવાન બુદ્ધ**

એ વ્યક્તિ પરમ સુખી છે જેનામાં સદ્‌બુદ્ધિ છે અને જેની પાસે વિવેકનો વાસ છે.

**- બાઈબલ**

જેણે તૃષ્ણાને જીતી લીધી છે તેણે સમસ્ત દુનિયા પર વિજય મેળવ્યો એમ કહી શકાય.

**- મહાભારત**

જ્ઞાની માણસોનું કામ પોતાના દોષ શોધી કાઢવાનું છે.

**- વિવેકાનંદ**

અહિંસા, ધર્મ, તપ, સંયમ એ સર્વશ્રેષ્ઠ મંગલકારી છે. જેનું મન ધર્મરત છે તેને દેવ પણ નમન કરે છે.

**- ભગવાન મહાવીર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખૂબ જ ગુસ્સો, કટુ વાણી, ગરીબાઈ, સ્વજનો સાથે દુશ્મનાવટ, હલકાં માણસોનો સંગ અને નીચની સેવા આ નરકમાં રહેનારનાં લક્ષણ છે.

**- ચાણક્ય**

ફાયદો થવાનો હોય ત્યારે માનવી પ્રમાણિકતા અને ન્યાયનો વિચાર કરે છે.

**- ફુંગ ફુત્ઝે**

જ્યારે હું ભક્તિમાં તલ્લીન-એકાગ્ર થઈ જાઉં છું ને પ્રભુ સમક્ષ ઊભો રહું છું ત્યારે ઈશ્વરમાં અને મારામાં લેશ માત્ર અંતર મને લાગતું નથી.

**- સંત એકનાથ**

માણસનું ચારિત્ર કાવ્યથી ઘડાય છે, આચારથી વિકસે છે અને સંગીતથી પૂર્ણ થાય છે.

**- ફુંગ ફુત્ઝે**

જે માનવી પુરાણા બંધોને નકામા સમજી તોડી નાંખે છે તેને ઊભરાતા પૂરથી જે નુકશાન થાય છે તે સહન કર્યે જ છુટકો...

**- ફુંગ ફુત્ઝે**

રાજાનું વર્તન પવન જેવું, પ્રજાનું ઘાસ જેવું છે. જે બાજુનો પવન ફૂંકાય તે બાજુ ઘાસ વળે છે.

**- ફુંગ ફુત્ઝે**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જૂનો કોટ પહેરો અને નવું પુસ્તક ખરીદો.

**- થોરો**

સૌથી વીર પુરૂષ સૌથી વધુ ક્ષમાવાન અને ઝઘડાથી દૂર રહેવા પ્રયત્નશીલ રહે છે.

**- થેકરે**

શું તમે કદી એમ સાંભળ્યું છે ખરું કે જેણે જીવનભર નિષ્ઠાપૂર્વક કામ કર્યું હોય અને તે થોડો ઘણો પણ સફળ ન થયો હોય?

**- થોરો**

પુસ્તકપ્રેમી સૌથી વધુ શ્રીમંત અને સુખી છે.

**- થોરો**

જગતમાં સૌથી મોટો અધિકાર સેવા અને ત્યાગથી મળે છે.

**- પ્રેમચંદજી**

ઉધાર એ એવો મહેમાન છે જે એકવાર આવ્યા પછી જવાનું નામ લેતો નથી.

**- પ્રેમચંદજી**

કીર્તિ એ એક એવી તૃષા છે કે જે ક્યારેય છિપાતી નથી. અગસ્ત્ય ઋષિની પેઠે એ સાગરને પી જઈને પણ શાંત થતી નથી.

**- પ્રેમચંદજી**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઠોકર ખાધા વિના માનવીની આંખ ઊઘડતી નથી.

**- પ્રેમચંદજી**

ઈન્દ્રિયોનો સંયમ સ્વર્ગ તરફ દોરી જાય છે. જ્યારે ઈન્દ્રિયોનો અસંયમ નરક તરફ.

**- શ્રીમદ્ ભાગવત**

બધાં જ જાણે છે કે મૃત્યુ અટલ છે પણ માને છે જ કોણ?

**- યહૂદી કહેવત**

ખાનગીમાં બીજાની નિંદા કરવી એ પાપ છે. તમારે તેનાથી દૂર રહેવું. ઘણી ઘણી વાતો મનમાં ઊઠે પણ જો તમે તે વાણીમાં મૂકો તો ધીરે ધીરે તેમાંથી રજનું ગજ થાય છે. જો તમે ક્ષમાદૃષ્ટિ રાખી ભૂલી જાઓ તો બધી વાતનો અંત આવી જાય છે.

**- સ્વામી વિવેકાનંદ**

ધન હોવા છતાં જરૂરવાળાને દાન ન આપનાર અને પ્રજાનું રક્ષણ ન કરનાર કરચોર રાજાઓ નરક તરફ લઈ જાય છે.

**- શ્રીમદ્ ભાગવત**

જ્યાં સુધી શરીર સ્વસ્થ છે, વૃદ્ધાવસ્થા નથી આવી, ઈન્દ્રિયોની શક્તિ ક્ષીણ નથી થઈ અને આયુષ્ય પણ પુરું નથી થયું ત્યાં સુધી સમજુ માનવીએ પોતાનું હિત સાધી લેવું જોઈએ. ઘરમાં આગ લાગ્યા પછી કૂવો ખોદવાથી શું લાભ છે?

**- ભર્તૃહરિ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જગતની બધી જ સેનાઓ મળીને પણ એટલા માનવીઓ અને એટલી સંપત્તિને નષ્ટ નથી કરતી જેટલો નાશ શરાબ પીવાની આદત કરે છે.

**- માર્ક્ટ વેન**

પ્રત્યેક દુષ્ટતા દુર્બળતા છે.

**- મિલટન**

બધી શુદ્ધિઓમાં ધનની પવિત્રતા જ શ્રેષ્ઠ કહેવાઈ છે, કેમ કે જે ધનમાં શુદ્ધ છે તે જ શુદ્ધ છે.

**- ભગવાન મનુ**

જે બીજાને આશ્રયે રહે છે તેનું ક્યારેક તો ખુલ્લું અપમાન થાય છે.

**- જેમ્સ એલન**

પ્રત્યેક માનવીએ પોતાના ખીસ્સામાં ડાયરી અને પેન્સિલ રાખવી જોઈએ અને જે સદ્‌વિચારો આવે તે નોંધવા જોઈએ. જે અનાયાસ આવે છે તે ઘણું કરીને સૌથી વધુ કિંમતી હોય છે. એને સંભાળીને રાખવી જોઈએ કેમ કે એ વિચારો વારંવાર આવતા નથી.

**- બેકન**

તમે કેટલી મહેનત કરો છો તેની વાત કહેશો નહિ. તમે કેટલું કામ પૂરું કર્યું એ કહો.

બીજાની ભૂલ માફ કરવી સહેલી છે પરંતુ આપણી ભૂલ કાઢનારાંઓને માફ કરવા મુશ્કેલ છે.

**- શ્રી રામકૃષ્ણ પરમહંસ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે મહેનતથી આપણને આનંદ મળે છે, તે વ્યાધિના ઔષધરૂપ થઈ પડે છે. વેદનાનું નિવારણ કરનાર થઈ પડે છે.

- શેક્સપિયર

શબ્દો પાંદડા જેવા છે. જ્યાં તે વધારે હોય છે ત્યાં તેની નીચેનો ફળરૂપ અર્થ ભાગ્યે જ માલૂમ પડી આવે છે.

- ના. પોપ

વૈભવ અને એશ-આરામના ઢગલા કરો, પરંતુ તંદુરસ્તી તે કરતાં ચઢી જાય છે.

- જુલિયા વોર્ડ હો.

ઈશ્વર આપણા હાથ ભરેલા છે કે નહીં એ જોતો નથી પણ એ ચોખ્ખા છે કે નહિ એટલું જ જુએ છે.

- કોનેગી

માનવીઓને જુદી જુદી દિશામાં લઈ જનારાં અનેક પરિબળો હોય છે. એને લઈને આધુનિક સમાજમાં ભેદભાવ, સંઘર્ષ, વૈમનસ્ય, યુદ્ધ, સુદ્ધા વધતાં જાય છે પણ માનવીઓને એકતા તરફ લઈ જનાર બળ પણ આધુનિક યુગમાં છે. વૈજ્ઞાનિક, મનોવૃત્તિ, ખુલ્લું મન, વિજ્ઞાનની સચ્ચાઈ, સત્યની બંધુતા આપણા યુગનું એ એક ઉત્કૃષ્ટ મૂલ્ય છે.

- ફાધર વાલેસ

સ્વધર્મ માતા જેવો જન્મ પ્રાપ્ત છે. જેવી રીતે માતાની પસંદગી કરવાની હોતી નથી તેમ સ્વધર્મની પસંદગી પણ કરી શકાતી નથી.

- પાંડુરંગ આઠવલેજી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે પોતાની ભૂલ જોઈ શકતો નથી તે મૂર્ખ છે, અને જે પોતાની ભૂલ જોવા છતાં એને સુધારવા મથતો નથી એ મહામૂર્ખ છે. સફળતાની એક શરત એ છે કે તમે તમારી ભૂલને જુઓ અને ભૂલને સુધારવા સતત પ્રયત્ન કરો.

- સ્વેટ માર્ડન

તમારૂં જીવન તમને આપવામાં આવ્યું છે તે પ્રભુનું કાર્ય કરવા માટે અને પ્રભુના અવિર્ભાવમાં સહાયભૂત થવા માટે આપવામાં આવ્યું છે એ ભાવે એને જુઓ અને સમજો.

- શ્રી અરવિંદ

આનંદ શાશ્વત છે તે ક્યારેય મરતો નથી. શોક ભ્રામક છે તે ક્યારેય ટકી શકતો નથી.

- શ્રી અરવિંદ

ગમે તેવો નાનામાં નાનો પણ સુંદર વિચાર જેવો જીવનમાં ઉતરે કે તરત જ જીવનનું રહસ્ય બનાવવાનું સામર્થ્ય એનામાં આવે છે. ભક્તજનો એને ઈશ્વરીકૃપા કહે, કવિઓ કાન્તદર્શન ગણે, જ્ઞાનીઓ તિમિરછેદન માને. આગળ વધવાની લેશ પણ ઈચ્છા કરનારને, સહાયરૂપ થવાનું, સ્વયં નિર્મિત અદ્રશ્ય પણ અદ્‌ભૂત સત્વ, વિશ્વક્રમમાં નિત્ય હાજર હોય છે. એ જ વેદનું ઋત છે. એ પુરાણનું અવતરણ છે. એ ઈતિહાસનું તત્ત્વજ્ઞાન છે. એને જ જીવનમાં સ્ફુરણા કહે છે.

- ધૂમકેતુ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આગિયાં જ્યાં સુધી ઉડે છે ત્યાં સુધી જ ચમકે છે. એવી જ સ્થિતિ મનની છે. જ્યારે મન રોકાઈ જાય છે ત્યારે આપણે અંધકારમય બની જઈએ છીએ.

- બેલી

જેમ આકાશ માર્ગે પસાર થયેલા પંખીનાં પગલાં શોધી શકાતા નથી, જેમ જલતંરગો પર ગતિ કરતા મત્સ્યના ગમન-માર્ગની ભાળ મેળવી શકાતી નથી તેમ અનુભવ પ્રદેશનાં દ્રશ્ય પાદ ચિહ્નો શબ્દ કે બુદ્ધિ દ્વારા શોધી શકાતા નથી.

- આનંદ

માનવીનું આંતરિક સત્ત્વ એકમાત્ર અનંત તત્ત્વની સર્જનાત્મક અને અધ્યાત્મિક શક્તિનો અંશ છે.

- ફ્રોબેલ

એકને સાંભળીને બેનો ન્યાય ન કરો.

- ગ્રીક કહેવત

ભય હંમેશા અજ્ઞાનમાંથી જ ઉત્પન્ન થાય છે.

- એમર્સન

અનિષ્ટો સામેના યુદ્ધમાં માનવ જીવનની શુભ ભાવનાઓનો ભોગ આપવાની જરૂર નથી.

- બર્ટાન્ડ રસેલ

અમારું મન અમારી વાણીમાં સ્થિર થાઓ અને અમારી વાણી અમારા મનમાં સ્થિર થાઓ.

- ઐતરેય ઉપનિષદ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઉતાવળ સમયની કેદી છે જ્યારે ધીરજ કાલાનીત છે.

**- જે. કૃષ્ણમૂર્તિ**

જે બીજાઓને આઝાદીથી દૂર રાખવા માંગે છે એ પોતે પણ આઝાદ રહેવાને લાયક નથી હોતા અને ઈશ્વરની નજરમાં એ પોતાની આઝાદી વધારે દિવસો સુધી નથી રાખી શકતાં.

**- લિંકન**

બુદ્ધિશાળી અને વફાદાર મિત્રથી વધીને બીજો કોઈ સંબંધી નથી.

**- ફ્રેંકલિન**

કુદરત કોઈ જૂઠનો સ્વીકાર નથી કરતો.

**- કાર્લાઈલ**

બધાં જ પાપ એક પ્રકારનાં જૂઠ છે.

**- સંત ઓગસ્ટિન**

દુનિયામાં ખુશ રહેવાનો એક જ ઈલાજ છે અને એ છે કે આપણે આપણી જરૂરિયાતો ઓછી કરીએ.

**- મહાત્મા ગાંધીજી**

સહુથી મોટી ચતુરાઈ એ છે કે કોઈ ચતુરાઈ કરવામાં ન આવે.

**- ફ્રાંસીસી કહેવત**

પંચાત એ નકલી સિક્કો છે. જે નકલી સિક્કાની જેમ જ તમને તકલીફમાં મૂકી દેશે.

**- ડેલ કારનેમી**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમામ દુર્વ્યચી ઈચ્છાઓનો ત્યાગ કરે છે તેનો આત્મા સમસ્ત સંસારનો આત્મા બની જાય છે.

**- સ્વામી રામતીર્થ**

માનવી + વિલાસ = પશુ અને માનવી + સંયમ = દેવ.

ભૂતકાળ પાસેથી શીખીએ, ભાવિ માટે વિચારીએ પણ વર્તમાનમાં જ જીવીએ.

ભાગ્ય ભણી ન જોશો. એવા પુરૂષાર્થ ભણી લક્ષ્ય આપો. તે તમારા ભાગ્યની રચના કરે છે.

તમારા જીવનનો માલિક કોણ? તમે કે તમારો મિજાજ? તમારો મિજાજ તમારા ઉપર સવાર થઈ જાય, તમને ઈચ્છા વિરુદ્ધ ગમે ત્યાં દોરી જાય, ને તમને ગુલામ બનાવી દે એવું તમે સહન કરશો? એવું કેમ થવા દેવાય? તમે તો માલિક છો.

હાથીથી એકહજાર ફુટ દૂર રહેવું, ઘોડાથી એકસો ફૂટ દુર રહેવું, શિંગડાવાળા પ્રાણીથી દસ ફૂટ દુર રહેવું પણ જ્યાં દુર્જન માણસનો વાસ હોય તેનાથી સદાને માટે દૂર રહેવું.

**- હિતોપદેશ**

હથોડાથી પણ નહીં ખુલતું તાળું એક નાનકડી ચાવીથી ખુલી જાય છે કારણ કે ચાવી તાળાનાં હૃદય સુધી પહોંચી છે.

**- થોરો**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમે જીવનને પુરેપુરૂં જીવો છો ખરા? ગઈકાલનો જ વિચાર કરોને? તમારો એકેએક કલાક શી રીતે વપરાયો? સમયનો દુર્વ્યય કેટલો થયો? જીવન કેટલું વેડફાયું?

સંકટ સમયે સચ્ચાઈ ખોઈ બેસાય એ તો જાણે સમજ્યા... પરંતુ આજનો માનવ તો શોખને ખાતર પણ જૂઠું બોલે છે.

દ્રઢનિશ્ચયીના મનોબળ સામે ભલભલી તાકાતને નમવું પડે છે... ને મોટી મોટી મુશ્કેલીને હટવું પડે છે.

સામાયિકો, સમાચારપત્રો, સિનેમાઓ, નાટકો, ટેલિવિઝન, વીડિયો વગેરે સમાજને સીધે રસ્તે જ દોરવાનું વ્રત લે તો.....

ઓહ.. નરકની બીક અને સ્વર્ગની લાલચ. એકવાત ખરી છે કે આ જીવન વહ્યું જાય છે. એ એક જ વાત ખરી છે અને બીજી બધી ખોટી છે. ખીલેલા ફૂલને હંમેશા કરમાવાનું હોય જ છે.

**- ઉમર ખય્યામ**

વ્યસનની ગુલામી યુવાનને ન શોભે, યુવાન તો વ્યસનને દૂરથી જ સલામ કરે.

ભૂતકાળની વેદનાઓ ભૂલી જઈએ, ભાવિનું રૂડું આયોજન કરીએ ને વર્તમાનમાં કર્તવ્યનિષ્ઠાથી આગળ ધપીએ.

તમારી એકમાત્ર ઝંખના પ્રગતિ માટે હોજો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રવાસમાં તો કયો રસ્તો ક્યાં જશે એની કાળજી રાખીને જ આગળ વધીએ છીએ... પણ જીવન પ્રવાસમાં આવી કાળજી રાખીએ છીએ ખરા?

ગાંધીજી કહી શક્યા - મારું જીવન એ જ મારો સંદેશ છે. આપણે પણ આપણા શબ્દોને નહિ, કાર્યોને જ આપણે વિશે બોલવા દઈએ.

કણ અને ક્ષણનો દુરુપયોગ જીવનને બરબાદ કરશે.

જેવા વિચાર કરશો, તેવા તમે થવાના.

ઉત્પાદક શ્રમ કર્યા વિના ખાવું એ ચોરી છે તેમ બિનજરૂરી વસ્તુઓનો પરિગ્રહ પણ ચોરી છે.

માનવતાનો ઉપાસક હોય, દુઃખીની આંખનાં આંસુ લુંછનારો હોય, સદ્‌ગુણ-વિકાસની કેડી પર ચાલનારો હોય ને તેજસ્વી જીવન જીવનારો હોય એ જ સાચો માનવ કહેવાય.

અનન્ય ધ્યેયનિષ્ઠા, અડગ નિશ્ચયબળ ને અસીમ સત્યનિષ્ઠા વડે જ માનવતા દીપે.

આપણાં વિચારો જ આપણને ઘડે છે.

ક્રોધને જીતવા માટે મૌન જેટલું સહાયક બીજું કંઈપણ નથી.

- ગાંધીજી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શુભ મંગળ હો. શુભ મંગળ હો. ધરતીનાં કણકણ મંગળ હો.
જીવનની ક્ષણક્ષણ મંગળ હો. શુભ મંગલ હો. શુભ મંગલ હો.

કોઈ કામ ઊંચું નથી, કોઈ કામ નીચું નથી, કામ પાછળની ભાવના જ એને ઊંચું કે નીચું બનાવે છે.

પ્રત્યેક કાર્ય, પ્રત્યેક વાતચીત ને પ્રત્યેક વ્યવહાર ધ્યેયનું જીવંત લક્ષ્ય રાખીને જ કરજો.

સત્ય તમારી અંદર જ છે. એને પામવા પ્રેમ કરવો પડશે.

પ્રત્યેક કાર્યમાં આનંદ લેવા પ્રયત્ન કરો, પરંતુ કેવળ આનંદને જ ખાતર કશું ન કરશો.

તમારું ધ્યેય ઊંચું અને વિશાળ ઉદાર અને આસક્તિ વિનાનું રાખો તો જ તમારું જીવન તમારા માટે ને અન્ય સૌને માટે મૂલ્યવાન બની રહેશે.

તમારું જીવન જગતને માટે દષ્ટાંતરૂપ બની રહે એવું જીવી જજો.

ભૂલો - પગથિયાં બની શકે છે.

પ્રત્યેક પરિસ્થિતિમાં મારે ભાગે આવતું પ્રત્યેક કાર્ય સારામાં સારી રીતે કરવાનું લક્ષ્ય રાખીશ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અગાઉથી મુશ્કેલીનો જ વિચાર કરશો તો આપમેળે જ મુશ્કેલી આવી પડશે. હિંમતથી આગળ વધશો તો મુશ્કેલી આપોઆપ ભાગશે.

જ્ઞાન મેળવતાં રહો - પારણાંથી કબર સુધી.

**- કુરાને શરીફ**

પુષ્કળ પ્રવૃત્તિ અને નરી નિવૃત્તિ, આ બંને એક સરખા હાનિકારક છે.

**- અનુશ્રુતિ**

ચોક્સાઈ અને પ્રમાણિકતા - એક જ માતાની બે દિકરીઓ છે.

**- સિ. સિમન્સ**

જે તમે નથી જાણતાં એ તમે નથી જાણતાં - એવું કબૂલ કરો એનું નામ પણ જ્ઞાન છે.

**- કોન્ફ્યુશિયસ**

આપણી યાદશક્તિ કેટલી સારી છે, તેનો આપણને ત્યારે જ ખ્યાલ આવે છે જ્યારે આપણને કશુંક ભૂલવા પ્રયત્ન કરતા હોઈએ.

**- ઈનાત્સુ**

માતાના ખોળામાં અને ગુરૂની છાયામાં જે જ્ઞાન અને આનંદ મળે છે તે વેદોમાં ગોથા મારવા છતાંય મળતું નથી.

**- પરાશર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શત્રુ કરતાં મિત્રોને, સગાને કે અંગત સ્નેહીને ક્ષમા આપવાનું કામ વધુ કપરું છે.

**- ડોરોથી ડીલ્યુમ**

ભગવાનને પ્રાર્થના કરો : 'મને હાજર જવાબી જીભ આપવાને બદલે હાજર જવાબી હાથ આપો.'

**- ત્રિગીલા**

નાસીપાસ ન થાઓ. ઘણીવાર ઝૂડામાંની છેલ્લી ચાવી જ તાળું ખોલી આપે છે.

**- ટીરીલેક**

મોટો માણસ પોતાનામાં જ રહેલી શક્તિની શોધ અને સદુપયોગ કરે છે અને નાનો માણસ બીજાઓ પાસે તે શોધ્યા કરે છે.

**- કોન્ફ્યુશિયસ**

સમય પ્રત્યે ખૂબ જ શુભેચ્છા હોવા છતાં તેને માટે જે માણસ નિર્ણય લઈને કાંઈ જ કરી શકતો નથી, તેનું મન શુભેચ્છાના સ્મશાન જેવું છે.

**- જહોન ફોસ્ટર**

હું ક્યારેય ભવિષ્યનો વિચાર કરતો નથી કારણ કે વિચારવામાં જ ભવિષ્ય વર્તમાન બની જાય છે.

**- આઈનસ્ટાઈન**

આપણી કીર્તિ ગાનારને આપણે ચાહીએ છીએ પરંતુ આપણે જેની પ્રશંસા કરીએ છીએ તેને ભાગ્યે જ ચાહતાં હોઈશું.

**- શેરીફ કોલ્ડ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સત્ય અને અસત્યની ટક્કર પત્થર અને માટીના ઘડાની અથડામણ જેવી છે. પત્થર પર માટીનો ઘડો પડે તો તે ફૂટી જાય છે અને પત્થર ઘડા પર પડે તો પણ ઘડો ફૂટે છે.

**- હીતોપદેશ**

હજાર ખોટી હા કરતાં એક સાચી હા વધારે કીંમતી છે.

**- એડનરિચ**

માનવી જેટલે અંશે સારો દેખાવા મથે છે એટલે અંશે ખરેખર સાચો કે ખોટો બનવા મથતો નથી.

**- અનુશ્રુતિ**

આપણે કેવું જીવવું છે? થોડુંક કે લાંબું? લાંબું જીવવું હશે તો થોડુંક 'જીવતાં' તો શીખવું જ પડશે...

**- થિયોડોર**

આળસ એ આરામ નથી. કંજુસાઈ તે કરકસર નથી અને ઉડાઉપણું તે ઉદારતા નથી.

**- અજ્ઞાત**

માણસ કોઈ રહસ્ય ખુલ્લું કરે તો તેના પાછળનો મુખ્ય હેતુ તે રહસ્ય પોતાની જાણમાં હતું એ જાહેર કરવાનું મિથ્યાભિમાન હોય છે.

**- સેમ્યુઅલ જોન્સન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સુખ તો માર્ગમાં જ સાંપડે છે, માર્ગ ને અંતે નહીં.

**- એમર્સન**

પિતૃકુળની પરંપરામાં પોતાના એક નામનો કેવળ ઉમેરો જ કરે એને દીકરો કહેવાય, કિંતુ કુળ પરંપરા જો પોતાની તેજસ્વી પ્રતિભાથી દીપાવી જાણે એને કુલદીપક કહેવાય.

**- રોશા**

જેને કોઈ જોઈ શકતું નથી છતાં આપવાથી વધે છે, કોઈ લુંટી શકતું નથી અને જગતના તમામ દ્રવ્યોને સમૃદ્ધિમાં સર્વશ્રેષ્ઠ છે એનું નામ વિદ્યા છે.

**- પૌરાણિક ઉક્તિ**

તમારા મિત્રો મૃત્યુ પામે ત્યાં સુધી તમારા મુખમાં રહેલી સાકરને સંઘરી ન રાખો.

**- ચીની કહેવત**

જેઓ ખીલેલી વનરાજી તરફ, ઊંચા આકાશમાં દેવોના કાવ્યસમા ચંદ્રતારક તરફ કે દૂર ઝડી ગયેલી ક્ષિતિજ તરફ ઊંચું માથું કરીને જોઈ શકતા નથી તેમને ભુંડની સંજ્ઞામાં મુકવામાં આવે છે.

**- રવીન્દ્રનાથ ટાગોર**

વિવેક વિનાની વિદ્યાનું પરિણામ કેવળ શ્રમ હોય છે.

**- સંત તુલસીદાસ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભૂતકાળ એક મૃતદેહ છે, ને વર્તમાનકાળ ઉછળતું કૂદતું શૈશવ છે.

- **અનુશ્રુતિ**

જેને પૂછીએ ને તો જ કહે તે પંડિત, પરંતુ જે પોતે જે કાંઈ જાણે છે તે પ્રજાના કલ્યાણાર્થે સામે ચાલી કહે તે ઋષિ.

- **પાંડુરંગ શાસ્ત્રી**

જીવનમાં સૂર્યનો પ્રખર તાપ પણ જરૂરી છે અને ચંદ્રનો ઝાંખો છતાં શીતળ પ્રકાશ પણ જરૂરી છે.

- **હો. ચિ. મિન્હ**

જે પ્રેમ નિત્ય પાંગરતો નથી એ રોજ કરમાતો જાય છે.

- **જિબ્રાન**

મૌન એ જેનું ખંડન કરવું અતિશય કપરૂં હોય એવી દલીલો પૈકી એક છે.

- **જોન બીલીંગ્ય**

વાડને બહુવાર જોયા કરવાથી કૂદી જવી સહેલી બની જતી નથી.

- **સર એન્થની એડન**

કુદરત એક વસ્તુ કહે અને ડહાપણ બીજું જ કંઈ કહે - એવું કદી બનતું નથી.

- **જુનેવાલ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વીરતા મારવામાં નહિ પરંતુ મરવામાં છે. બીજાની પ્રતિષ્ઠા તોડી પાડવામાં નહિ પરંતુ બચાવવામાં છે.

- ગાંધીજી

નિંદા અને નિંદ્રા ઉપર વિજય મેળવે તે જ સતત ભક્તિ કરી શકે.

- જ્ઞાનસૂત્ર

સફળતાનું રહસ્ય તો હું નથી જણાવી શકતો, પણ નિષ્ફળતાનું રહસ્ય જરૂર જણાવી શકું છું - દરેકને ખુશ કરવાની કોશિશ..

- હર્લર્ટ સ્વરૂપ

જે પંખી શિયાળે ઠરતું નથી, ઉનાળે તપતું નથી અને ચોમાસે પલળતું નથી તે આકાશ વીંધી શકતું નથી.

- અનુશ્રુતિ

જીવવાનાં સાધન મેળવવા જતાં માણસ જીવવાનું ભૂલી જાય છે.

- માગરિટ ફુલર

અદેખાઈ તો અજાણતાં થઈ જતી પ્રશંસા જ છે.

- ખલિલ જિબ્રાન

ગઈકાલે બનેલી ચિંતાજનક ઘટના જે ભૂલી જાય તેની યાદશક્તિ ઉત્તમ કહેવાય.

- અનુશ્રુતિ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આશા એ જાગતાં માણસનું સ્વપ્ન છે.

- **એરિસ્ટોટલ**

માણસ પૈસા બચાવે એ જરૂરી છે પણ એ પૈસાથી માણસ-માણસને બચાવે એ ય જરૂરી છે. - **ડોંગરેજી મહારાજ**

વિશ્વમાં એટલી બધી ખરાબ ચીજ કોઈ નથી, કે જેમાં સારાપણું સહેજ પણ ન હોય. - **યહૂદી કહેવત**

વિરાટ શિખર વરસાદના તુચ્છ ટીપાંનો પ્રહાર શાંતિથી સહી લે છે, જેમ સંતો મૂર્ખ માણસોના વચનો સહી લે છે તેમ.

- **તુલસીદાસ**

જે માણસ જરાય સમય ગુમાવતો નથી તેને સમયના અભાવ વિશે ફરિયાદ કરવાનો વારો નહિ આવે.

- **થોમસ જેફરસન**

બધી કલાઓમાં જીવન જીવવાની કલા શ્રેષ્ઠ છે. સારી રીતે જીવી જાણે તે જ સાચો કલાકાર છે. - **થોરો**

હૃદયની કોઈ ભાષા નથી હોતી. હૃદય હૃદયથી વાતચીત કરે છે.

- **ગાંધીજી**

જીવન એટલે પ્રેમ અને શ્રમની સરિતાઓનો સંગમ.

- **સ્વેટ માર્ડન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે બીજાને જાણે છે તે શિક્ષિત છે પણ જે પોતાને ઓળખે છે તે બુદ્ધિમાન છે.

**- લાઓત્ઝે**

ધીરજ એક ઉત્તમ ગુણ છે, તે અનેક આપત્તિઓ ટાળવાની ગુપ્ત વિદ્યા છે.

આકાશ આપણી આંખોનો રોજનો ખોરાક છે.

**- ભૃગુસંહિતા**

સમેટાઈ સમેટાઈને વર્ષાનું બધું જ જળ જુઓ પેલા ગહન તળાવમાં જઈ રહ્યું છે, જાણે કે સદ્‌ગુણો સ્વયં દોડીને સજ્જનને આવી મળે છે.

**- રામચરિત માનસ**

ઋષિ સંસ્કૃતિ અને કૃષિ સંસ્કૃતિ આ બંને ભારતનો આત્મા છે.

**- અવનીન્દ્રનાથ**

અધર્મના માર્ગે ધન કમાઈને ધર્માદામાં આપવા કરતાં એમ ન કરવું વધુ સલાહભર્યું છે.

**- અનુશ્રુતિ**

એક ક્ષણ, અર્ધી ક્ષણ કે તેનીય અર્ધી ક્ષણ જો સજ્જનો સાથે વિતાવવા મળે તો કોટિકોટિ અપરાધ થતાં અટકે છે.

**- તુલસીદાસ**

ભડભડ પ્રગટતી અગ્નિજ્વાળાઓનું શરૂઆતનું સ્વરૂપ તો માત્ર તણખો જ હોય છે, જે બુઝાવવો શક્ય હોય છે.

**- અનુશ્રુતિ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સતત હસતાં રહેવું, ખેલ કરતાં રહેવું અને ધ્યાન ધરતા રહેવું આ જ અહર્નિશ બ્રહ્મજ્ઞાનનો માર્ગ છે. - ગોરખનાથ

જે સ્વયં ખરી જાય છે ને મહેંક મૂકી જાય છે એને લોકો ફૂલ કહે છે અને જે અક્કડ રહીને જ્યાં હોય ત્યાંથી 'હું અહીં છું' એમ કહીને ભોંકાય છે એને લોકો કંટક કહે છે. - ધૂમકેતુ

મનુષ્ય કાં તો મૃત ભૂતકાળમાં પડ્યો હોય છે અથવા તો જેનો જન્મ જ થયો નથી તેવા ભવિષ્યમાં રાચતો હોય છે પરંતુ જીવંત વર્તમાન તરફ તેનું લક્ષ્ય જ જતું નથી. - કોલરિજ

ધીરતા વિના વીરતાનું કાઠું બંધાતું નથી અને વીરતા ધીરતાને પગ આવતા નથી. ધીરતા અને વીરતાનો સમન્વય કરવો જ રહ્યો. - ખલિલ જિબ્રાન

પ્રસન્ન ચિત્તવાળાની બુદ્ધિ જલદી સ્થિર થાય છે. - શ્રીમદ્ ભાગવત ગીતા

વનમાં અને જીવનમાં જો માર્ગ એક જ વાર ભૂલ્યા તો આખો ભવ ભૂલ્યા જ સમજો. - સ્વામી આનંદ

વનમાં કે જીવનમાં અંધકાર હોય ત્યારે ગતિ થઈ શકતી નથી. - આનંદવર્ધન

ભાગ્યશાળી લોકો પર જ વહેલી સવારના સૂર્યકિરણોનો અભિષેક થાય છે. - ટી. ટી. એહબ્પિલિડ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સત્ય અને અસત્ય એવી સગી બહેનો છે જે ઘરની બહાર નીકળે છે ત્યારે પોતાના વસ્ત્રો પરસ્પર અદલાબદલી કરી લે છે.

**- ખલિલ જિબ્રાન**

જીવનમાં નિયમિતતાનું મૂલ્ય વિધાતાથી સ્હેજ પણ ઓછું આંકવા જેવું નથી.

**- અનુશ્રુતિ**

માણસ નિરાંતની પળોમાં નવરાશની પળોમાં શું કરે છે એના પરથી એનું વ્યક્તિત્વ પ્રગટ થાય છે.

**- એમર્સન**

અભિમાન જ્યારે નમ્રતાનો ડોળ ધારણ કરે છે ત્યારે વધુ ધૃણાસ્પદ બને છે.

**- કમ્બરલેન્ડ**

ચિંતા મધમાખી જેવી છે, તેને જેટલી હટાવો તેટલી જ તે વધારે ચોંટે છે.

**- સુદર્શન**

આશા એવો તારો છે જે રાત્રે અને દિવસે એમ બંને વખતે દેખાય છે.

**- એમ. જી. મિલ્સ**

રત્નની પરખ કરવામાં ભૂલ થાય તો ઝવેરી અને રત્ન બંનેના મૂલ્ય ઘટે છે અને આ સ્થિતિ જોઈ પત્થર હરખાય છે.

**- નીતિશતક**

શરીરને નીરોગ રાખવા જેટલા સજાગ રહીએ છીએ તેનાથી અડધા ય જો મનને નીરોગી રાખવા સજાગ રહીએ તો આનંદ અનુભવાય.

**- રામકૃષ્ણ પરમહંસ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જગતમાં સમસ્યાઓ સર્જતા બે કારણો છે, મૂર્ખાઓ વિચાર્યા વગર અમલ જ કર્યા કરે છે અને વિદ્વાનો ઉત્તમ કરવાના ખ્યાલમાં દ્વિધામાંથી જ બહાર આવતા નથી. **- અનુશ્રુતિ**

કીડીના પગમાં ઘૂંઘરું વાગે તો તે પણ પરમાત્મા સાંભળે છે તો મનુષ્યને તો તે સાંભળે જ, એવો વિશ્વાસ રાખો.

**- સંત કબીર**

ધાર્મિકતા અને માર્મિકતા આ બંને જેનામાં છે તેઓ માનવ તરીકે પરમ સૌભાગ્યને પ્રાપ્ત કરનારા છે. **- અનુશ્રુતિ**

સૌંદર્ય એ જગન્નિયતાની સૃષ્ટિનું શ્રેષ્ઠ સર્જન છે.

**- મનુ**

ઉદાસ ચહેરે તું અમૃત પીરસે તો એ મને ન ખપે, પ્રસન્ન થઈ તું ઝેર આપે તો હું ગટગટાવી જાઉં. **- ખલિલ જિબ્રાન**

હજારો તોફાન આવે કે વીજળી અનેક તૂટી પડે, જે ફૂલ ખીલવાનું છે તે ખીલીને જ રહે છે. **- સાહિલ લુધ્યાન્વી**

મૌન વાર્તાલાપની મહાન કલા છે.

**- હેઝલિટ**

એક માતા સો શિક્ષક સમાન હોય કે ન હોય, પરંતુ એક માતાનું વાત્સલ્ય હજારો દેવોના આશીર્વાદ સમાન હોય છે.

**- ટાગોર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૂર્ખાઓ દ્વારા પોતાની પ્રશંસા સાંભળવાને બદલે, બુદ્ધિશાળીઓ દ્વારા તિરસ્કાર વધુ ફાયદાકારક છે.

**- બાઈબલ**

સમયની રેખાનું વર્તુળ બની ગયા પછી આરંભને શોધી શકાતો નથી એટલે પ્રારંભ જ શુભ સંકલ્પની રળિયામણી ઘડી છે.

**- અનુશ્રુતિ**

જગતમાં જે કંઈ સુંદર છે તેને હું ચાહું, અને જે સુંદર નથી તેને ચાહી ચાહીને સુંદર બનાવું એવા આશિષ આપો હે પ્રભુ.

**- સુંદરમ્**

જીવન સ્વપ્ન નથી. હકીકત છે. છતાંય વધુમાં વધુ લોકો એને સ્વપ્ન માને છે એ પણ હકીકત છે.

**- ખલિલ જિબ્રાન**

સત્યનો આદર કરવાથી હરિશચંદ્ર થવાય કે ન થવાય પણ સાર્વત્રિક રીતે અરધો પરિશ્રમ તો ઓછો થઈ જાય છે.

**- રામકૃષ્ણ પરમહંસ**

દરેક દિશાએથી અમને શુભ અને સુંદર વિચારો પ્રાપ્ત થાઓ.

**- ઋગ્વેદ**

જે ખરો પ્રભુભક્ત છે તે મુક્તિ ઈચ્છતો નથી. મનુષ્ય જન્મનો આદર કરીને પુનઃ પુનઃ આ રમ્ય પૃથ્વી પર અવતરવાની ઈચ્છા રાખે છે.

**- નરસિંહ મહેતા**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિવેકની સૌથી પ્રત્યક્ષ ઓળખાણ સતત પ્રસન્નતા છે.

- મોન્તેજ

ચારિત્ર્ય એટલે સારી ઈચ્છાઓનો વિકાસ પામેલો સમૂહ.

- ટાગોર

હિંમત અંતરમાંથી ઊભી થતી વસ્તુ છે, સંખ્યામાંથી નહિ.

- ડ્રાયડન

પુષ્પોની અંદર સુંદરતા અને મધુરતા મુકવાના કાર્યમાં પરમાત્મા એટલો તો લીન બની ગયા કે ફૂલોમાં વાચા મુકવાનું જ તેઓ વિસરી ગયા.

- એચ. બીચર

પરસેવાની કમાણી સર્વશ્રેષ્ઠ ધન છે. પરંતુ વિદ્યા તેથી ય શ્રેષ્ઠ ધન છે. જો તેને બીજાને સોંપતાં આનંદ થાય તો.

- ભર્તૃહરિ

ભૂતકાળના પર્ણો જેના પરથી ખરતા નથી તેવા વૃક્ષને પ્રસન્ન ભવિષ્ય સરીખી વસંત બેસતી નથી.

- ટી. ટી. એહબપિલિડ

વિજય પતાકા લહેરાવતી કીર્તિ જ્યારે આવે છે, ત્યારે એ જેના પર કૃપા વરસાવે છે તેનામાંથી સહિષ્ણુતા હણી લે છે.

- થિયોડોર વુલ્ફ

શાંતિથી ક્રોધને, નમ્રતાથી માનને, સરળતાથી માયાને તેમજ સંતોષથી લોભને જીવતો જોઈએ.

- મહાવીર સ્વામી



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે પુરપાટ દોડે છે, તે જ પડે છે. ધીરા ને છતાં મક્કમ કદમ ભરનાર પડતો નથી. દરેક મહત્ત્વાકાંક્ષા સાથે ધૈર્ય અનિવાર્ય છે.

**- શો-ડેસ**

કોઈના ય આત્માને દુ:ખ ન પહોંચાડવું એ સર્વશ્રેષ્ઠ માનવધર્મ છે.

**- ગૌતમ બુદ્ધ**

મહાન બનીને મહાનતાના અહંકારથી એકાકી રહેવા કરતા, માનવ બનીને નમ્રતાપૂર્વક માનવીના દુ:ખ દૂર કરનારી સેવામાં જ મને તો સાર્થકતા દેખાય છે.

**- ટોલ્સટોય**

હું સૌથી વધુ તો ઈશ્વરથી જ ડરું છું, પરંતુ બીજા નંબરે એવા લોકોથી ડરું છું કે જેઓ ઈશ્વરથી ડરતા નથી.

**- શેખ સાદી**

ક્ષમા કેવી રીતે આપી શકાય તે કેવળ શૂરવીર જ જાણે છે, ડરપોક કદી ક્ષમા ન આપી શકે. તે તેના સ્વભાવમાં જ નથી.

**- સરદાર વલ્લભભાઈ પટેલ**

બહારના આનંદથીય અધિક આનંદ મનુષ્યના હૃદયમાં છે. જો જરાક ગહન થઈ ડૂબકી લગાવે તો તે પોતાનામાં જ પરમ શાંતિ પામી શકે છે.

**- સંત કબીર**

મનુષ્યના તમામ પ્રકારના ધર્મમાં શ્રેષ્ઠ ધર્મ પરિશ્રમ અને પુરૂષાર્થ છે. પરિશ્રમ અને પુરૂષાર્થ જે આશીર્વાદ આપે છે તેવા આશિષ કદાચ કોઈ આપી શકતું નથી.

**- મહર્ષિ કર્વે**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવનો જગત સાથેનો સંબંધ સાચો નથી. જીવ ભગવાનનો છે. જીવ પરમાત્માનો અંશ છે. જગત સાથેનો જીવનો સંબંધ કલ્પિત છે. જન્મ પહેલાં કોઈ સંબંધી હતું નહિ, મૃત્યુ પછી કોઈનો સંબંધ રહેતો નથી. **- શ્રી ડોંગરેજી મહારાજ**

યોગ, કર્મ અને ભક્તિ ઉપરાંત વિદ્યાના માર્ગથી જે મને પ્રાપ્ત કરે છે તે મને અતિપ્રિય છે. **- શ્રી કૃષ્ણ**

જે માણસને પોતાની જાત સાથે વાત કરતાં આવડતું હોય તેને ક્યારેય એકલવાયાપણું સતાવતું નથી. **- અનુશ્રુતિ**

વિરાટ આકાશમાં સ્હેજ આંખ ઊંચી કરીને દર્શન કરનાર વ્યક્તિ, જો તેનું દર્શન સાક્ષાત્કાર સાથેનું હોય તો ક્યારેય અભિમાની બની શકતો નથી. **- કાલેલકર**

કેટલાક લોકોનો અભિગમ એવો હોય છે, કે તેને પીંછાની દયા આવે છે પણ પંખી મરે તે દેખાતું નથી. **- બર્ક**

જીવન તો સૌ પોતપોતાની આશાએ જ જીવે છે પણ બીજાની આશાઓ સાકાર કરવા જે નિઃસ્વાર્થ થઈને જીવે છે તેને ઈતિહાસ આદર આપે છે, ને જગત વંદન કરે છે.

**- ખલિલ જિબ્રાન**

જ્યારે પણ ક્રોધ ચડે ત્યારે એક મિનિટ માટે જો પુર્નવિચાર કરવામાં આવે તો જગતના અડધા સંઘર્ષો અટકી શકે છે.

**- સ્વેટ માર્ડન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધર્મ એટલે વ્યક્તિનો આંતરિક વિકાસ. અમુક સારી ગણાતી દિશામાં તેની જાગૃતિની વૃદ્ધિ. **- જવાહરલાલ નેહરુ**

ઉતાવળને ખોળે અકસ્માત જન્મે છે, નિરાંતના ખોળે આત્મ વિશ્વાસ જન્મે છે પરંતુ વિલંબનો ખોળો તો સદાય ખાલી જ રહે છે.

**- જીવનાનંદદાસ**

માત્ર જીવનનિર્વાહ ચલાવવા પૂરતી વિદ્યા તે વિદ્યા નથી, વ્યવહાર છે; વિદ્યા તો સ્વયં એક ધન છે. એનું નાણાંમાં રૂપાંતર ન થાય તો ય વિદ્યાધર પરમ સુખી આત્મા છે. **- જે. કૃષ્ણમૂર્તિ**

આરસીનો ઉપયોગ તમારૂં મુખ જોવા માટે કરો અને કલાકૃતિ તમારો આત્મા નિહાળવા માટે. **- બર્નાડ શો**

તમને બધા સારા કહે તેમ તમે ઈચ્છતા હો તો તમે પોતે પોતાને સારા ન કહો. **- પૈસ્કલ**

આનંદ એક એવી બાબત છે કે જેને માણ્યા પછી પસ્તાવો કરવો પડતો નથી. **- સોક્રેટીસ**

આળસ એ એક પ્રકારની હિંસા છે.

**- ગાંધીજી**

જીવન આરસી જેવું છે. તેના તરફ મલકો તો મોહક લાગશે, તેની સામે ઘૂરકો તો તે બેડોળ દેખાશે. **- એડવિંગ ફોલિજ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આકાશમાં ગતિ કરી રહેલા પક્ષીઓ તમે જુઓ ને જીવનને પણ એમ જ પ્રશાંત ગતિએ જીવતા શીખો, તો જગત થોડું વધુ સુંદર અને વધુ રસિક લાગશે.

**- લાઓત્સે**

પૃથ્વી ઉપર ખીલેલા અનેક સુગંધી ફૂલો કરતાં ય વતનની માટીની મહેંક મને વધુ પ્રિય લાગે છે.

**- વીર સાવરકર**

નમ્રતા તમામ સદ્‌ગુણોનો સુંદર પાયો છે.

**- કોન્ફ્યુશિયસ**

પ્રભુને જે ગમે છે તેમ થાય છે. વળી તે આપણાં પૂર્વ કર્મોને કારણે જ થાય છે. એટલે તેમાં હરખ કે શોક કરવાનો કોઈ અર્થ નથી.

**- નરસિંહ મહેતા**

પૂર્ણતા એક આદર્શ છે, વાસ્તવિકતા નથી, પરંતુ પૂર્ણતા તરફ નિરંતર ગતિ કરવી તે સર્વોચ્ચ માનવધર્મ છે.

**- રામકૃષ્ણ પરમહંસ**

પવિત્ર હૃદયમાંથી નીકળેલી પ્રાર્થના ક્યારેય નકામી જતી નથી. હૃદયની સાચી પ્રાર્થનાથી આપણને સાચા કર્તવ્યનો ખ્યાલ આવે છે. છેવટે તો કર્તવ્ય કરવું એ જ પ્રાર્થના બની જાય છે.

**- મહાત્મા ગાંધીજી**

જે ધર્મ વિધવાનાં આંસુ લુછી ન શકે કે અનાથના મુખમાં રોટલીનો ટુકડો મુકી ન શકે એવા ધર્મમાં મને શ્રદ્ધા નથી.

**- સ્વામી વિવેકાનંદ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપણા નસીબને યોગ્ય આકાર આપવો, એ આપણી શક્તિની બહારની વાત નથી, માનવી ધારે તો બધું જ કરી શકે.

**- જોન કેનેડી**

કલાનું સૌથી મોટું કામ આપણી સામે સભ્ય માણસનું ચિત્ર રજૂ કરવાનું છે.

**- રસ્કિન**

જીવનનો અર્થ શોધવા નીકળેલા માણસને જો જીવનમાં રસ ન પડે તો એ શોધ અવળા માર્ગની છે અને જો જીવન દિન-બ-દિન વધુ ને વધુ રસિક લાગે તો એ શોધનો માર્ગ સાચો છે.

**- સ્વામી વિવેકાનંદ**

જે મને અપૂર્વ સુંદર વિચાર સંભળાવે છે તે મને સુંદર ઉપહાર આપે છે.

**- બૂવી**

શક્તિ બહારના કાર્યનો પ્રારંભ જ ન કરવો એ બુદ્ધિનું પ્રથમ લક્ષણ છે અને જે કાર્યનો પ્રારંભ કર્યો તેને પુરું કરવું એ બુદ્ધિનું બીજું લક્ષણ છે.

**- પ્રાચીન સુભાષિત**

પાપનો પ્રારંભ ભલે પ્રાતઃકાલની જેમ ચમકતો હોય પરંતુ તેનો અંત તો રાત્રિની જેમ અંધકારમય જ હોય છે.

**- સ્પેનિશ કહેવત**

સત્યની ઉપાસના કરવી, કલ્યાણ તરફ ગતિ કરવી અને જીવનને પરિપૂર્ણ સુંદરતમ્ જાણવું તે ભારતીય પ્રણાલિકા છે.

**- સ્વામી વિવેકાનંદ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બે ધર્મો વચ્ચે ક્યારેય ઝઘડો હોતો નથી. બધાં ધર્મોનો અધર્મ સાથે જ ઝઘડો હોય છે.
**- વિનોબા ભાવે**

પ્રેમ સૌ પર રાખો, વિશ્વાસ થોડાંક પર રાખો, પણ દ્વેષ કોઈ જ પ્રત્યે ન રાખો.
**- શેક્સપિયર**

પરિશ્રમ એ જીવનની સફળતાનું રહસ્ય અને આત્માનું રત્ન છે.
**- પ્રેમચંદજી**

વારંવાર માતાના ઉદરમાં શયન કરવું, ફરી ફરી જન્મ લેવો, ફરી ફરી મૃત્યુ પામવું આ વિષયકની પારાવાર પીડામાંથી મુક્ત થવા હે મૂઢ માનવ તું ગોવિંદનું ભજન કર, પરમાત્માનું સ્મરણ કર.
**- આદ્ય શંકરાચાર્ય**

જે માણસ સૌથી વધારે વિચારે છે, સુન્દરતમ ભાવનાઓ રાખે છે અને સર્વોત્તમ રીતથી કામ કરે છે તે મનુષ્ય જ સૌથી વધારે જીવે છે.
**- બેલી**

સુખ સર્વ સ્થળે છે અને તેનું ઉદ્‌ભવસ્થાન આપણાં પોતાના જ હૃદયમાં છે.
**- રસ્કિન**

જો કોઈ હીરાની પ્રશંસા કરવામાં ન આવે તો શું તેનાથી તેની ચમક ઘટી જાય છે?
**- માર્કસ ઓરેલિયન**

ઉત્તમ પુરુષોની રીત એ છે કે તેઓ ક્યારેય કોઈ કામ અધુરું નથી મૂકતા.
**- વીલેન્ડ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રેમભરી ભાષા એ જ ધર્મની ખરી ભાષા છે.

**- સેબેટીયર**

અજાણે પરિચિતોનું વર્તુળ દોર્યું, અમે બહાર રહી ગયા, અમે પ્રેમનું વર્તુળ દોર્યું, તેમાં સૌ સમાઈ ગયા. **- એડવિન માર્કહમ**

આપણામાં જો દોષ ન હોત તો તેને અન્યમાં શોધવામાં આપણને આટલો બધો આનંદ ન આવત. **- રોશેફ ફીલ્ડ**

ખરેખર મહાન માણસ તે છે જે કોઈના ઉપર સવાર થતો નથી અને જેના ઉપર કોઈ સવાર થઈ શકતું નથી. **- ખલિલ જિબ્રાન**

મંદિર-મસ્જિદથી પણ, તેને બનાવનારો મહાન છે. ગોળી ચલાવનારાઓ તમે કેટલા નાદાન છો, ચેતનને મારે, જડની જીવાડે, વાહ! તારી કમાલ છે! સર્વને અભય આપે, નિર્ભય કરે - તે જ સાચો ઈન્સાન છે. **- શ્રી યોગભિક્ષુજી**

સાચો પ્રેમ એક ભૂત જેવો છે, જેના વિશે સૌ વાત કરે છે પણ જેને નજરે કોઈએ જોયો નથી, એ તો માત્ર એક અનુભૂતિ છે.

**- સેનેકા**

તમારા લક્ષ્યને ભૂલી ન જાઓ. નહિ તો તમને જે કાંઈ મળશે, તેનાથી સંતોષ માનવા લાગશો. **- બર્નાડ શો**

જીવન એટલે પ્રેમ અને શ્રમની સરિતાઓનો સંગમ.

**- સ્વેટ માર્ડન**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવનની મહત્ત્વની ચીજો એકત્ર કરવાનું શ્રેષ્ઠ સ્થાન માનવ હૃદય છે.

**- રુડયાર્ડ કિપ્લિંગ**

માનવ જાતિને સત્ય કોઈ શીખવી શકતું નથી, તેની અનુભૂતિ તેની જાતે જ થાય છે.

**- જે. કૃષ્ણમૂર્તિ**

ધર્મ જીવનથી અલગ નથી, જીવન એ જ ધર્મ છે. ધર્મ વિનાનું જીવન મનુષ્ય જીવન નથી પરંતુ પશુજીવન છે.

**- ગાંધીજી**

જીભનું મૌન એ સાચું મૌન નથી, મનને પણ મૌનની દીક્ષા આપવી જોઈએ.

**- મહાવીર સ્વામી**

જે પુસ્તક તમને સૌથી વધુ વિચારવા માટે વિવશ કરે છે તે પુસ્તક તમારા માટે સૌથી વધુ સહાયક નીવડે છે.

**- થિયોડૉર પાર્કર**

પોતાના સંતાનોને જે ઉદ્યમીપણાની ટેવો પાડે છે, મોટા વારસા કરતાં પણ વધુ સારી વસ્તુ તેમને આપે છે.

**- વ્હેટલી**

પોતાના મનગમતા કામને તો મોટામાં મોટો મૂર્ખ પણ પાર પાડી શકે, પરંતુ જે દરેક કામને મનગમતું બનાવી શકે તે બુદ્ધિશાળી છે.

**- સ્વામી વિવેકાનંદ**

સમયના વિશાળ સાગરમાં ઉભી કરવામાં આવેલી દિવાદાંડી એટલે પુસ્તકો.

**- ઈ. પી. વિપિલ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આરસપહાણના ટુકડાઓ માટે જેવી શિલ્પકલા છે તેવી જ માનવ આત્મા માટે કેળવણી છે.

**- એડિસન**

મનની શાંતિનું મૂલ્ય સંપત્તિ અને સ્વાસ્થ્ય કરતાં ઘણું વધારે છે.

**- ડૉ. રાધાકૃષ્ણન**

જ્યાં ક્ષમા નથી ત્યાં પ્રેમ માત્ર વિટંબણા જ છે.

**- પ્રેમચંદજી**

જે માણસ જૂઠું બોલતા ડરે છે તે પછી બીજા કશાથી ડરતો નથી.

**- ફ્રાઉડ**

દિવસની શરૂઆતમાં કરવા યોગ્ય સારામાં સારી પ્રાર્થના એ છે કે આપણે એ દિવસ એકપણ ક્ષણ વ્યર્થ ગુમાવીએ નહીં.

**- રસ્કિન**

તું તારા બહારના દુશ્મનોને જીતવાને દિગ્વિજય કરવા નીકળ્યો છે પરંતુ પળભર થોભીને વિચાર, તારા અંદરના દુશ્મનોને જીતવા માટેનું યુદ્ધ તું ક્યારે આરંભીશ ? પહેલાં સ્વમાં રહેલા દુર્ગુણો સામે વિજય મેળવ તો તું તારા સામ્રાજ્યનો અધિપતિ જ છે.

**- પૃથ્વીચંદ્ર ચરિત્ર**

હજારો ગુણ પ્રાપ્ત કરવા સહેલા છે પરંતુ એક દોષને દૂર કરવો મુશ્કેલ છે.

**- બ્રુચર**

ચિંતા એ જીવનની શત્રુ છે.

**- શેક્સપિયર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શિક્ષણ પણ સાહિત્ય, કલા આદિ અનેક માધ્યમોની જેમ પરકાયા પ્રવેશની અધ્યાપકને મળેલી અણમોલ ભેટ છે... પ્રાથમિકથી માંડી ઉચ્ચ શિક્ષણ સુધીનું શિક્ષણનું માળખું અલગ અલગ એકમ તરીકે ન રહેતા, એક સજીવ દેહના એકબીજા સાથે સંલગ્ન એવા જુદા જુદા ચેતનાભર્યા અંગોરૂપ હોવું જોઈએ. - **સ્નેહ રશ્મિ**

જેનામાં માનવતા નથી તેનામાં જરા પણ ધાર્મિકતા નથી.

- **અરબી કહેવત**

કદરૂપા મન કરતાં કદરૂપો ચહેરો સારો. - **જેમ્સ એલન**

કોઈપણ હાલતમાં પોતાની શક્તિ ઉપર અભિમાન ન કરવું જોઈએ કારણ કે બહુરૂપી આકાશ હરક્ષણે હજારો રંગ બદલે છે.

- **હાફીઝ**

કાંઈ પણ ન કરવું એ ખોટું કૃત્ય કરવાની શરૂઆત અથવા તો ઉમેદવારી છે. - **ડબલ્યુ. એફ. કેફટસ**

સમાજની વ્યાખ્યા શી છે? સાચી સમજ ધરાવે તે સમાજ બાકીનું તો ટોળું. - **સોક્રેટીસ**

દયા કરવી એટલે ઊંચે જવું, પરંતુ દયાપાત્ર બનવું એટલે પોતાના તેજને ઓછું કરવું. - **સંત તુલસીદાસ**

ધીરજ અને ખંત હોય તો બધી જ પ્રાર્થનાઓ સફળ નીવડે છે.

- **ગાંધીજી**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવનનો સામનો ધિક્કારપૂર્વક કરવો તે જિંદગી જીવવાની નબળામાં નબળી રીત છે. **- થીયોડોર રૂઝવેલ્ટ**

આવતા ભયને ઠેલ્યા કરવાથી આફત ટળતી નથી. ભયની સામે ઉભા રહેવા માટે અભય જોઈએ. **- સોક્રેટીસ**

નિરંતર આગળ વધવાની ટેવ અને અવિચળ શ્રદ્ધા સઘળી મુશ્કેલીઓને હંફાવી નાંખે છે. **- કૉલીઅર**

જેઓ સુંદર વસ્તુઓમાંથી સુંદર અર્થ ખોળી કાઢે છે તે સંસ્કારી છે.
**- ઓસ્કાર વાઈલ્ડ**

પરસેવો પાડ્યા વિનાની પ્રાપ્તિ સુખ અને શાંતિની સમાપ્તિ કરે છે.
**- ગ્રેવિલ**

કુદરતે બક્ષેલી જીવનની શાંતિમાં જે માનવી આનંદ માણી શકતો નથી અને આવી કુદરતી શાંતિને જે અશાંતિમાં ફેરવી નાંખે છે તેવો માનવી પોતાની જાતનો બહુ બુરો અંજામ લાવે છે.
**- ગોથે**

જેઓ આફતથી દૂર ભાગે છે તેઓ બમણી આફત ભોગવે છે.
**- પોર્ટ્સ**

નિશાન ચૂકી જવાય તો તે માફ કરી શકાય છે પરંતુ નીચું નિશાન માફ ન કરી શકાતું નથી. સિદ્ધિઓ અને મહત્વકાંક્ષાઓ હંમેશા ઉચ્ચ હોવી જોઈએ. **- અનુશ્રુતિ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

શત્રુતાના કારણે ઉત્પન્ન થતી આગ એક પક્ષને સંપૂર્ણ નષ્ટ કર્યા વિના શાંત થતી નથી અને આવી આગની વધુમાં વધુ જ્વાળાઓ નિર્દોષ જીવનને ભસ્મ કરી નાંખે છે, આથી માનવમાત્રએ શત્રુતાથી દૂર રહી, મિત્રભાવ કેળવવો જોઈએ.

**- ભગવાન વેદ વ્યાસ**

સંકટ સમયમાં હિંમત ધારણ કરવી એ અડધી લડાઈ જીતવા સમાન છે.

**- પ્લોટસ**

જ્યારે શ્રદ્ધાનું જળસિંચન થાય છે ત્યારે જ પરિશ્રમનું વૃક્ષ સારાં ફળ આપે છે.

**- સુદર્શન**

જે માનવી સત્તા, સંપત્તિ અને અહંકારનો બોજ જાતે ફેંકી દે છે, તે મહાપુરૂષ છે.

**- રવીન્દ્રનાથ ટાગોર**

કીડીનો સ્વભાવ તો જુઓ કેટલો સારો છે. રહે છે, રખડે છે, ધૂળમાં પણ સાકર સિવાય બીજું કાંઈ એને પ્રિય નથી. ધૂળમાં રહીને યે મીઠાશ-મધુરતા માણવાનું તે આપણને કરવા કહે છે.

**- શ્રી રામકૃષ્ણ પરમહંસ**

સહનશીલતા એ સંતોષની ચાવી છે.

**- મદમેટ**

માનવીનો પોતાનો સાચો મિત્ર એની દશેય આંગળીઓ છે. ઈશ્વરે મનુષ્યને બે હાથ એટલા માટે આપ્યા છે કે એક હાથે તે પોતાનું અને બીજા હાથે બીજા માટે પરમાર્થનું કામ કરી શકે.

**- રોબર્ટ કેલિઅર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવનની સાચી કળા સુખની સગવડ મેળવવામાં નથી, દુઃખી ન થવાની આવડત કેળવવામાં છે. - **અનુભવાનંદજી**

કર્મશક્તિ અને ઈચ્છાશક્તિ પ્રાપ્ત કરો, કઠિન પરિશ્રમ કરો તો તમે નિશ્ચિતરૂપે લક્ષ્ય ઉપર પહોંચી જશો.

- **સ્વામી વિવેકાનંદ**

જે બીજાની ભલાઈ કરે છે તે પોતાની ભલાઈ સ્વયં કરી લે છે કારણ કે ભલાઈ કાર્યમાં હોય છે, પરિણામમાં નહિ.

- **સેનેકા**

સૌથી મોટો દોષ, કોઈ દોષનું ભાન ન હોવું તે છે.

- **કાબાંદીલ**

આળસુ માનવીને હંમેશા અસંતોષ રહે છે.

- **અનુશ્રુતિ**

કર્મના સ્વરુપનો વિચાર કરવાથી નમ્રતા આવે છે અને ધર્મનો વિચાર કરવાથી નિર્ભયતા આવે છે. - **હિતોપદેશ**

જે પોતાની જાત પર અંકુશ રાખી શકતો નથી તે કદીયે સ્વતંત્ર માનવી બની શકતો નથી. - **પાયથાગોરસ**

હું નરકમાં પણ સારા પુસ્તકોનું સ્વાગત કરીશ કારણ કે તેમનામાં એટલી શક્તિ છે કે તે જ્યાં હશે ત્યાં આપોઆપ સ્વર્ગ બની રહેશે.

- **લોકમાન્ય તિલક**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેમનામાં ધીરજ છે, એમનામાં બીજું કશુંક ઘટતું હશે તો ય એમનું ગાડું ચાલશે પણ જેઓ પરિપૂર્ણ હશે ને ઉતાવળા હશે તેમણે પડવા આખડવાનું વધુ રહેશે. તેમાંય પરિપૂર્ણતા અને ધીરજ બંને ગુણો એકસાથે હોય તો જીવન કેટલું ધન્ય થઈ જાય.

**- સ્વામી આનંદ**

એ કદીયે ન ભૂલશો કે તમે એકલા નથી, પ્રભુ તમારી સાથે છે અને તમને મદદ કરી રહેલા છે. માર્ગ બતાવી રહેલા છે. એ એક એવો સાથી છે જે કદીય તમારો સાથ ત્યજતો નથી. એ એક એવો મિત્ર છે જેનો પ્રેમ આશ્વાસન આપે છે, બળ આપે છે, શ્રદ્ધા રાખો તમારે માટે તે બધું કરી દેશે. **- શ્રી માતાજી**

જેમ ઉકળતા પાણીમાં આપણે આપણું પ્રતિબિંબ જોઈ શકતા નથી તેમ ક્રોધ અને મોહથી ડહોળાયેલાં જીવનમાં આપણે પરમાત્માને પામી શકતા નથી. **- મનુસ્મૃતિ વિવેચના**

જ્ઞાન અને કર્મ જીવનની બે મહત્ત્વપૂર્ણ પાંખો છે, જેના વડે માનવ અનંત સુખાવકાશમાં સહજ રીતે ઉડ્ડયન કરી શકે છે.

**- જૈન દર્શન**

આપણું જ્ઞાન અસંખ્ય, અપરિમેય માનવ ચિત્તના સંચિત્ત વિચાર અને અનુભવનો સરવાળો છે. **- એમર્સન**

પ્રેમના બંધને બંધાઈને જ્યાં સુધી લોકો એક થયેલા હોય છે ત્યાં સુધી તો ગમે તેવા ઝેરને પણ તેઓ પચાવી જઈ શકે છે.

**- રવીન્દ્રનાથ ટાગોર**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવન એ કોઈ તળાવ જેવું બંધિયાર જળ નથી પણ એક ઉછળતાં કૂદતાં નાજુક ઝરણાં જેવું છે. જેમાં ઊંચેથી નીચે પછડાવા છતાં ય આનંદપૂર્વકની ગતિ જાળવવાની છે. ને આખરે ગતિશીલ રહીને જીવંતને ચેતનવંતા બનાવવાનું છે. ઝરણું કેટલું સહજ રીતે ગતિ કરે છે! ઝરણાનો ગતિમાં ઘોંઘાટ નહિ, સંગીત હોય છે.

**- ખલિલ જિબ્રાન**

જ્ઞાન, કર્મ, ભક્તિ અને યોગ આ સર્વ માર્ગો આખરે મને પ્રાપ્ત કરવા માટે જ છે પરંતુ હે અર્જુન! જેઓ આ બધામાં જ્ઞાન માર્ગે મને ઉપાસે છે તેઓ મને અધિક પ્રિય છે, કારણ કે જ્ઞાનના માર્ગે આત્માની ઉન્નતિ કરવી વધુ કઠિન છે. તર્ક વિતર્કના અનેક વિષખંડ પસાર કરેલો જ્ઞાની જ પરમ આનંદ પામે છે.

**- શ્રી કૃષ્ણ (ભગવત્ ગીતા)**

ઈશ્વરનીં કૃપા હોય તો ઝેર પણ અમૃત થઈ જાય, દુશ્મન પ્રત્યે પણ મૈત્રી દાખવો, ગાયના પગ જેટલી જગ્યામાંથી સમુદ્ર મળી આવે અને અગ્નિ પણ શીતળતા આપે. **- સંત તુલસીદાસ**

સમય બરબાદ કરવો તે સૂક્ષ્મ અર્થમાં હપ્તા પદ્ધતિની આત્મહત્યા છે ને સમયનો પરિપૂર્ણ ઉપયોગ કરવો તે એક જ આયુષ્યમાં અનેક જિંદગી જીવવાની અદ્‌ભૂત કળા છે. **- અનુશ્રુતિ**

એ બહુ મહત્ત્વનું નથી કે આપણે અત્યારે ક્યાં પહોંચ્યા છીએ, પરંતુ એ જ વધારે મહત્ત્વનું છે કે આપણે હવે કઈ દિશા તરફ જઈ રહ્યા છીએ. સિદ્ધિના આનંદ કરતાં લક્ષ્યની સ્પષ્ટતા વધારે જરૂરી છે.

**- ઓલિવર વેન્ડલ હોમ્સ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સદ્‌ભાગ્ય સદાય પરિશ્રમની સાથે અને પાછળ જ હોય છે.

**- ગોલ્ડ સ્મિથ**

સૂર્ય ઉગે અને આથમે ત્યાં સુધીમાં આપણે આપણી જાતને એક નાજુક પ્રશ્ન પૂછી જોવો જોઈએ. શું આજે ભરેલા અનેક ડગલામાંથી એકાદ પગલું ય પરમાત્મા તરફ ભર્યું છે? **- અનુશ્રુતિ**

ગુલમ્હોર પાસેથી ઘણું શીખવાનું છે, ઉનાળામાં જો જો, જેમ તડકો વધુ પડશે એમ ગુલમ્હોર વધુને વધુ ખીલવા લાગશે. સંતો અને સજ્જનો પણ જેમ વધુને વધુ સંકટ આવે તેમ વધુને વધુ પ્રસન્ન રહે છે. ભારે આપત્તિમાં ય મુસ્કુરાતા રહેવું તેનું ગુલમ્હોર જાણીતું દૃષ્ટાંત છે.

**- અનુશ્રુતિ**

હજારો માઈલની લાંબી યાત્રાની શરૂઆત તો હંમેશા એક ટૂંકા કદમથી જ થાય છે. વિભુતાનો આરંભ લઘુતા હોઈ શકે.

**- ચીની કથન**

દરેક મિનિટે જાણવા જેવી, અત્યંત જરૂરી વાત એક જ છે કે હમણાં જ તમે જીવનની કિંમતી એવી ૬૦ સેકન્ડસ ગુમાવી કદાચ એ જો આનંદમાં પસાર કરી હોત તો! **- ડેલ કાર્નેગી**

જીવન ક્યાંથી આવે છે એની ચિંતા ઘણા કરે છે, જીવન કઈ તરફ જઈ રહ્યું છે એની ચિંતા ય ઘણાં લોકો કરે છે, પણ અત્યારે જીવન જે ક્યાંય બીજે નહીં પણ અહીંને અહીં જ આપણી આસપાસમાં છે એની ચિંતા ભાગ્યે જ કોઈ કરે છે. **- અનુશ્રુતિ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સૃષ્ટિ અનંત છે, વિરાટ છે, આંખો ઊંચી કરીએ તો આકાશમાં નક્ષત્રો ઝૂલી રહ્યા છે ને દૂર ક્ષિતિજો ઝુકી રહી છે, આસપાસમાં પ્રસન્ન વનસ્પતિ મ્હોરી ઉઠી છે, સર્વ દિશાએથી વિરાટ હંમેશા વામન મનુષ્યને આધાર આપી આપીને આનંદ મગ્ન થવા કહે છે. વામન સ્હેજ આંખ ઉંચી કરે તો વિરાટ એને કેટલું સુલભ થઈ જાય!

આ પવન અમને દિવ્ય ઔષધિઓની મહેંક લાવી આપે અને આ સૂર્ય અમારું જીવન સંબંધોની ઉષ્માથી છલકાવી દે, આ ચંદ્ર અમારા મનનેય શીતળતા આપનારો બને અને આ આકાશ અમારા હૃદયને વધુ ને વધુ ઉદાર બનાવે, આ અગ્નિ અમારા અજ્ઞાનને બાળી નાંખે ને ભાવિ પર પ્રકાશ ફેંકે અને આ જળ અમારા અન્નકોશનું શાશ્વત આશ્વાસન બને એ જ અમારી નિત્ય પ્રાર્થના છે.

**- અનુશ્રુતિ**

વિકાસના, આનંદમાં કે જીવનના લક્ષ્ય તરફ છલાંગો ભરવાથી પહોંચી શકાતું નથી પરંતુ નિયત ધ્યેય તરફ નિત્ય નિયમિત એક તો એક કદમ પણ નિષ્ઠાપૂર્વક ભરવાથી એક દિવસ સોનેરી સૂર્ય ઊગે છે. આ જગતમાં છલાંગો કરતાં કદમ વધુ મહત્ત્વના છે.

**- અનુશ્રુતિ**

સંઘર્ષ જીવનનો એક સંપૂર્ણ અનુભવ છે. સંઘર્ષ એટલે અથડામણ નહીં પણ સંઘર્ષ એટલે મંથન. મંથનમાંથી ઝેર પણ મળે અને અમૃત પણ મળે. સજ્જનો સંઘર્ષમાંથી અમૃત તારવે છે, ને અમૃત મેળવવાનો એક માર્ગ મંથન છે. ખરા અર્થમાં સંઘર્ષ જ જીવનનું ચેતનવંતુ રસાયણ છે જે જીવનને જીવન બનાવે છે.

**- અનુશ્રુતિ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આમ જુઓ તો સોયનાં નાકામાંથી ઊંટને પસાર કરવા જેટલું કઠિન છે જીવન. ને આમ જુઓ તો એક કળીમાંથી ફૂલના ખીલવા જેવું સહજ છે. જીવન સોયના નાકામાંથી ઊંટને પસાર કરવા કરતાં ફૂલની જેમ સહજ રીતે સરળ રીતે ખીલતા રહીએ તો!

સૌંદર્ય પામતાં પહેલાં સુંદર બનવું પડે છે. સુંદરતા અંતરમાં ન હોય તો સુંદરતા બહારથી નજરે જ ન ચડે. હૃદયમાં જે હોય તે જીવનમાં સામે મળે છે. **- સુંદરમ્**

જેમના ચરિત્રનું માત્ર સ્મરણ કરવાથી જ ધૈર્ય, વીરતા, પ્રસન્નતા, શાંતિ અને કરૂણા જેવા અનેક ગુણોનો સાગર ઉમટી પડે છે તેવા મર્યાદાપુરુષોત્તમ શ્રીરામને હું વારંવાર વંદન કરું છું.

**- સંત તુલસીદાસ**

સજ્જનો અને દુર્જનો વચ્ચેનો ભેદ સામાન્ય જ છે. દુર્જનો પોતાના વ્યક્તિત્વની સ્થાપના માટે પોતાના વિશે જ સતત બોલતા રહે છે, જ્યારે સજ્જનો એ જવાબદારી હંમેશા બીજા પર છોડે છે.

**- તિરુવલ્લુવર**

આકાશ આંખોનો રોજનો ખોરાક છે પણ દુઃખની વાત છે કે માણસ શરીરને સાર્વત્રિક રીતે પોષણ આપે છે પણ બિચારી આંખો તો તરસી જ રહે છે. આકાશદર્શન કદાચ દેવદર્શન કરતાં ય મહત્ત્વનું છે.

**- આકાશ દર્શન**

જે માણસને પોતાની જાતનું સંપૂર્ણ જ્ઞાન ન હોય, તે બીજાને સાચી રીતે સમજી ન શકે. **- નોવાલિક્**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હીરાને ઘસીએ નહિ ત્યાં સુધી તેનું તેજ પ્રગટે નહિ તેમ કસોટીઓ અને મુશ્કેલીઓમાંથી પસાર થયા વિના માણસ પૂર્ણ બનતો નથી.

**- ચીની કહેવત**

કાયમી વિજય - જેમાં કોઈ જાતનું મનદુ:ખ રહેતું નથી, એ વિજય આપણી જાત ઉપરનો હોય છે. **- નેપોલિયન**

કામગરા માણસને એક જ ભૂત પજવે છે, આળસુને હજાર ભૂતો પજવે છે. **- સ્પેનિશ કહેવત**

મને મળતી દરેક વ્યક્તિ કોઈનેકોઈ બાબતમાં મારાથી ચડિયાતી છે એમાં મારે એની પાસેથી શીખવાનું છે.

સમય અને ભરતી કોઈના માટે ટકતાં નથી.

હજારો માઈલની મુસાફરીનો આરંભ તમે જ્યાં ઊભા હો ત્યાંથી જ કરવાનો રહે છે.

પ્રસન્નતા બધા જ સદ્ગુણોની માતા છે. **- ગટે**

એકવાર જો તમે તમારી જાતને પૂર્ણ રીતે જોશો તો સંઘર્ષો દૂર થઈ જશે અને તદ્દન ભિન્ન ગુણવત્તાવાળી ઊર્જાનો આવિર્ભાવ થશે.

આપણે જેવા છીએ તેવા પોતાની જાતને જોતાં અટકીએ તે માટે ઘણા લોકો પોતાનાં મનને રોકાયેલું રાખવા માંગે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવનની પ્રત્યેક ક્ષણમાં આનંદ છુપાયેલો છે તેને મેળવતા આવડવું જોઈએ. - **ચાંપશી ઉદ્દેશી**

તમે હંમેશા જે નવું છે તેને જૂની પરિભાષામાં ઉતારવાનો પ્રયત્ન કરો છો અને તેથી તમે નિરંતર સંઘર્ષમાં રહો છો.

તરસ્યાને પાણી પાવું, ભૂખ્યાને રોટલો આપવો અને આંધળાને રસ્તો બતાવવો એ દાનના ઉત્કૃષ્ટ પ્રકાર છે. - **બાઈબલ**

જે સમસ્યાઓની સામે હારતો નથી તે યુવાન છે. જે ભૂતકાળની સ્મૃતિઓમાં વહે છે અને ભાવિના સ્વપ્નમાં ક્ષીણ થાય તે વૃદ્ધ છે.

કમ ખાઓ અને શરીર નીરોગી રાખો, ગમ ખાઓ અને મન નિરોગી રાખો.

ધ્યેય જેટલું મહાન, તેટલો જ તેનો માર્ગ લાંબો અને વિકટ.

- **સાને ગુરુજી**

ક્ષમા કેવી રીતે આપી શકાય તે ફક્ત શૂરવીર જ જાણે છે. ડરપોક કદી ક્ષમા ન આપી શકે. તે તેના સ્વભાવમાં જ નથી.

- **ભર્તૃહરિ**

દરેક દુઃખ જાગ્રત અને જીવંત માણસને સુખનો નવો જ આસ્વાદ માણવાની શક્તિ આપે છે.

કેળવાયેલી માતા સો શિક્ષકની ગરજ સારે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જૂઠું બોલવું એ તલવારના ઘા જેવું છે. ઘા તો રુઝાઈ જાય છે પણ તેની નિશાની કાયમ માટે રહી જાય છે.

**- શેખ શાદી**

ચારિત્ર્ય એક એવો હીરો છે જે દરેક પ્રકારના પત્થરને ઘસી શકે છે.

**- બર્ટલ**

કોઈપણ વસ્તુની સામે તમે તરત જ ઊભા રહો છો ત્યારે ભય હોતો નથી. જ્યારે વિચાર આવે છે ત્યારે જ ભય હોય છે.

આદર્શને પકડી રાખવાનો એકહજાર વખત પ્રયત્ન કરો ને હજારવાર નિષ્ફળ જાઓ તો પણ ફરીથી પ્રયત્ન કરજો.

શાંતિનો મૂળ આધાર શક્તિ છે. **- મહાભારત**

માનવીની અંદર રહેલા ક્રોધ અને ધિક્કારને ભેગા કરીએ તો ઘડીના છઠ્ઠા ભાગમાં દુનિયા નાશ પામે. એ ભેગા નથી થતાં તેથી જ દુન્યવી વ્યવહાર ચાલે છે. **- ધૂમકેતુ**

આ અદ્‌ભુત પૃથ્વી જે આટલી ભરી ભરી છે, આટલી સમૃદ્ધિ અને સુંદર છે એ પૃથ્વી પર હું જીવવા ઈચ્છું છું.

**- જે. કૃષ્ણમૂર્તિ**

'આનંદ' જે એક એવી વસ્તુ છે જે એના ઉપયોગથી વધે છે, બીજાને આપવાથી પણ વધે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અધિકાર, ભય અને ધમકીથી કોઈપણ કામ ટૂંક સમય માટે થાય છે. પ્રેમથી કરાયેલું કામ કાયમી થાય છે. નસીબના ભરોસે બેસી રહેવું એ કાયરતાની નિશાની છે. **- નેપોલિયન**

દુર્જન અને સર્પ એ બંનેમાં સર્પ સારો છે કારણ કે સર્પ તો કોઈક સમયે જ ડસે છે પણ દુર્જન તો ડગલે ને પગલે.. **- ચાણક્ય**

માણસ પાસે કેટલું છે તે નહિ પણ કેટલું એ ભોગવી શકે છે તેના ઉપર એના સુખનો આધાર છે.

જે આપણાં હક્કનું ન હોય એવું કેટલું આપણને પ્રાપ્ત થયું છે એનો વિચાર કરીએ તો જે નથી મળ્યું તેનો ડંખ કદાચ ભૂલી શકીએ.

જ્યારે કંઈક મેળવવા માટે દોડો ત્યારે જરા અટકીને વિચારજો કે એની સામે તમે શું ગુમાવી રહ્યા છો? શું ખર્ચી રહ્યા છો? જે કંઈ મળવાનું છે એ કેટલું કીંમતી છે?

તમારી અંદર જ સંઘર્ષનું અને દુઃખનું કારણ તથા તેના ઉપાય રહેલા છે. તમે જ તે સર્જ્યા છે. ફક્ત તમે જ તેમને મુક્ત કરી શકો.

મનુષ્યનું ખરૂં ભૂષણ વિદ્યા છે ને તે વિદ્યાથી જ માણસ શોભે છે.

વિદ્યા વિનાનો મનુષ્ય પશુ સમાન ગણાય છે.

ધર્મના બે માર્ગ છે : ગૃહસ્થધર્મ અને સાધુ ધર્મ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્ઞાની તથા જ્ઞાનનો વિનય તથા બહુમાન કરવું.

ખોટું કામ કરવા માટે હજુ સુધી સાચો રસ્તો કોઈ શોધી જ નથી શક્યું. **- એલચી - ઈશિતા**

જે બીજાને જાણે તે શિક્ષિત પણ પોતાને ઓળખે તે બુદ્ધિમાન.

પુષ્પોમાં એક ખૂબી છે, પુષ્પગુચ્છ બીજાને ભેટ આપનારાના હાથમાંય પુષ્પોની થોડી સુવાસ રહી જાય છે.

વિચાર વ્યક્ત કરતી વખતે વૈભવ દાખવે અને આચારના અવસરે છટકબારી શોધે એ વ્યક્તિ સંત નહીં શેતાન છે.

બે સમસ્યામાંથી એકની પસંદગી કરવાની હોય, છતાં જે વ્યક્તિ બંને પર પસંદી ઉતારે તેનું નામ નિરાશાવાદી.

તમે સુખી હો છતાં તમને તમારા સુખનું કારણ ખબર ન હોય તો માની લેજો કે તમે ખરેખર બહુ સુખી છો.

કીર્તિ અને કલદારના આગમન સાથે જ હંમેશા સ્મૃતિ અદશ્ય થઈ જતી હોય છે.

મોટાભાગના નેતાઓ ઢાલ જેવો હોય છે, જે પ્રજાના સુખમાં આગળ પણ પ્રજાના દુઃખમાં હંમેશા પાછળ જ રહે છે.

વિદ્યાગુરુને વિસારવા નહિ તેમજ જ્ઞાનીનો વિનય કરવો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેટલી સગવડ સુવિધા આપણે વધારે ઈચ્છીએ તે જ આપણા માટે વધુ આફત નોતરે છે, કારણ કે સહજ રીતે મહેમાન બનીને આવતી સગવડ રોકાણ લંબાવીને યજમાન બની જઈ આપણાં ઘરમાં કાયમી વસવાટ કરીને આપણને જ ગુલામ બનાવી દે છે.

રાતોરાત મળેલી સફળતા પાછળ વર્ષોના ઉજાગરા પણ કામ કરતા હોય છે.

જે આપણી પ્રશંસા કરે છે તેને આપણે મનોમન ચાહવા લાગીએ છીએ પરંતુ આપણે જેમની પ્રશંસા કરીએ એ હંમેશાં આપણને ચાહતો હોય તે કંઈ જરુરી નથી.

તમે ક્યાંથી આવો છો તેના કરતાં તમે ક્યાં જઈ રહ્યા છો તેનું મહત્ત્વ વધારે છે.

સુખની વ્યાખ્યા શું? - હાથવગા ફૂલોમાંથી ગજરો બનાવવાની કળા એટલે સુખ...!!

તમે સતત બદલાઓ છો માટે તમારી જાતને સતત જોયા કરો. શાંત મન જ જાતને બરાબર જોઈ શકે છે.

તમે જો તમારું શરીર નકામું થઈ જાય એમ ન ઈચ્છતા હો તો તમારી શક્તિઓને અર્થ વિનાની ઉશ્કેરણીમાં બગાડશો નહીં.

**- માતાજી**

સત્ય વગરના પ્રાણીઓ અને હાટ વગરનો વાણિયો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે પોતાનું કામ નિષ્ઠાપૂર્વક કરે છે એને ક્યારેય ઊંઘની ગોળીની જરૂર પડતી નથી.

એવી કોઈ આવતીકાલ છે નહિ કે જેમાં આપણે શાંતિમાં હોઈશું આપણે તો આ ક્ષણે જ વ્યવસ્થિત થવાનું છે.

ધન મેળવવું મુશ્કેલ છે, તેને જાળવી રાખવું વધુ મુશ્કેલ છે અને તેને યોગ્ય રીતે વાપરવું સૌથી વધુ મુશ્કેલ છે.

જીભથી કરેલો ઘા તલવારના ઘા કરતાં વધુ કપરો છે. તલવાર માત્ર શરીરને અસર કરે છે પણ જીભનો ઘા તો અંતરાત્માને પણ.

**- પાયથાગોરસ**

બીજા લોકો મને ન જાણે તેની મને પરવા નથી પણ હું મારી જાતને ન જાણું એ અસહ્ય છે. **- કોન્ફ્યુશિયસ**

કોઈ તમારા માટે ફૂલ લઈને આવશે એની રાહ જોઈને બેસી રહેવા કરતાં તમારો પોતાનો જ બગીચો શા માટે નથી બનાવતા?

જીભ ત્રણ ઈંચ જેટલી જ લાંબી છે પણ એ છ ફૂટના માણસને મારી નાંખે છે. **- જાપાની કહેવત**

એક હાથે દ્યો અને બીજા હાથે લ્યો.

મન મનુષ્યને બહાર લઈ જાય છે, મૌન મનુષ્યને અંદર લઈ જાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમારા વિશે બધું જ જાણવા છતાં જે તમને ચાહે છે એ જ વ્યક્તિ તમારી મિત્ર છે.

બળદની સામેની બાજુએ સાવચેત રહેવું. ગધેડાની પાછળની બાજુએ અને ઠગથી બધી બાજુએ.

ઉંમર વધવાની સૌથી મોટી મજા એ છે કે યુવાનીમાં જે વસ્તુઓની તીવ્ર ઈચ્છા હતી પણ પોસાતી નહોતી તે વસ્તુઓની હવે જરૂર જ જણાતી નથી.

જેને એવો કોળિયો મળે, જે માટે એણે ભગવાન સિવાય બીજા કોઈનો આભાર માનવાનો ન હોય તે માણસ ખરેખર સુખી છે.

**- સર્વાન્ટિસ**

આવી પડેલી કમનસીબી સહન ન કરી શકવી એ સૌથી મોટી કમનસીબી છે. **- બાયરન**

હાલ તુરત જે નાનાં કામો તારી સામે આવ્યાં હોય તે કરવા માંડ, પછી મોટાં કામો તને શોધતાં આવશે. **- ઈરાની કહેવત**

કામકાજ એ સદ્‌ગુણનો જાગૃત ચોકી પહેરો છે અને આરામ એ સદ્‌ગુણોની ઘોર નિંદા. **- ટેસો**

આટલું તમારા માટે હાનિકારક છે, વધારે બોલવું અને ઓછું જાણવું, વધારે ખર્ચવું અને ઓછું કમાવું, પોતાના માટે વધારે પડતો ઊંચો ખ્યાલ રાખવો અને ખરેખર લાયક ઓછા હોવું.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હું પ્રથમ ઈશ્વરથી ડરું છું અને જેઓ ઈશ્વરથી ડરતા નથી એવા માણસોથી બીજા નંબરે ડરું છું. **- સાહી**

જંગલના સિંહને જબરદસ્તીથી વશ કરી શકાય છે, પણ ગમે તેટલી જબરજસ્તીથી એક ફૂલ નથી ઉગાડી શકાતું.

નિરાશાવાદીને આંખ કરતાં આંસું મોટા હોય છે.

પ્રસન્ન ચિત્ત અને ચહેરો પોતાને ને બધાને આનંદ આપે છે. હાસ્યનો અર્થ હંમેશા હી-હી કરીને દાંત દેખાડવા એમ નથી.

દર્દ અને દેવાનો જલદી ઉપાય ન થાય તો તે અમર્યાદ વધી જાય છે.

પ્રત્યેક વસ્તુને બે બાજુ હોય છે, હંમેશા ઉજળી બાજુને જ જુઓ. સદા હકારાત્મક ચિંતન કરો.

આત્મવિશ્વાસ ઉત્તમ વ્યક્તિત્ત્વનું પરિચાયક છે.

ખરાબ શબ્દો ગળી જવાથી કોઈને પેટનો દુ:ખાવો થયો હોય એવું હજુ સુધી તો બન્યું નથી.

કાયદામાં કશું નક્કી નથી હોતું, માત્ર ખર્ચ જ નક્કી હોય છે.

જે માણસ કેસની પોતાની બાજુ જ જાણે છે તે બહુ ઓછું જાણે છે.

**- જે. સ્ટુઅર્ટ ગીલ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ત્યાગ મનુષ્યનો સર્વોત્તમ ગુણ છે, ઉદારતા વ્યક્તિનો ઉત્તમ ગુણ છે.

આશાવાદી બનો, નિરાશાવાદી વિચારધારા વ્યક્તિત્વને રુંધે છે.

તમારે પચાસ મિત્રો છે, એ પૂરતું ન કહેવાય. તમારે એક દુશ્મન છે - એ વધારે પડતું કહેવાય.

નસીબનું ચક્ર ગોળ ફર્યા કરે છે એટલે 'આજે હું સૌથી ઉપર જ હોઈશ' એવું કોણ કહી શકે? - **કોન્ફ્યુશિયસ**

સાચું શું છે એ જોવું અને પછી તે આચરવું નહિ એનું નામ જ કાયરતા.

સાનુકૂળ સંયોગોના ધક્કાથી જ આગળ વધે છે તે પ્રતિકૂળ પરિસ્થિતિમાં પીછેહઠ કર્યા વગર રહેતો નથી.

કોઈપણ અપમાન આપણાં સ્થાનેથી આપણને નીચે ઉતારી શકતું નથી. આપણને નીચે ઉતારનાર જો કોઈપણ હોય તો તે આપણો પોતાનો સ્વભાવ છે.

પ્રારબ્ધના વેગે યા તો કોઈ પુરુષાર્થના વેગે સાધનો ખૂબ વધે, પણ જો અંતરની સાધના નહિ વધે તો શાંતિ નહિ મળે.

વિશ્વમાં એક જ જાતિ છે - માનવતા, એક જ ધર્મ છે - પ્રેમધર્મ

સફળતા શાશ્વત હોતી નથી, નિષ્ફળતાનું પણ એવું જ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દુઃખ વધ્યું નથી, સહન શક્તિ ઘટી છે.. એટલે દુઃખ વધુ લાગે.

ઘરમાં દીવાલ ભલે હોય, ઘરમાં રહેનારના દિલ વચ્ચે દીવાલ ન ચણાય તેની કાળજી રાખવી.

જગતનાં હિત કે નુકશાન કરનાર મુખ્ય વસ્તુ 'અભિપ્રાય' છે. વસ્તુઓ વિશેના આપણાં ખોટા અભિપ્રાયો જ આપણી બરબાદી કરે છે.

**- માર્કસ એન્ટોનિયસ**

હે લક્ષ્મણ, જેમ શરદ ઋતુમાં કોઈક જ જગ્યાએ વરસાદ પડે છે તેમ મારી ભક્તિ કોઈક જ પામે છે. ભક્તિ વિરલ સુયોગ છે.

**- રામચરિત માનસ**

નિરંતર વહેતા રહેતા ઝરણાંને જોઈને સતત આનંદના અનુભવ કરતા પંખીઓનું જીવન મનુષ્યથી વધુ ધન્ય છે. જે મજા ઝરણાંમાં છે તે નદી કે સમુદ્રમાં નથી આ રહસ્ય પ્રકૃતિએ કેવી ખૂબીથી છુપાવ્યું છે.

**- ખલિલ જિબ્રાન**

દુર્ભાગ્ય છે એ માણસનું જેને દીર્ઘદૃષ્ટિ અને કરકસરનું ભાન નથી.

શ્રદ્ધા પ્રાર્થના પ્રેરે છે. પ્રાર્થના હૃદય વિશુદ્ધ કરે છે, પવિત્ર હૃદયમાં પરમંતત્ત્વનો અજવાસ પ્રસરે છે અને એમ જીંદગી પ્રસન્નતાથી છલકી ઉઠે છે.

**- અનુશ્રુતિ**

ધર્મજ્ઞાનની પ્રાપ્તિ બહારની દુનિયાને જાણવાથી થતી નથી, પણ અંદરની દુનિયાને જાણવાથી થાય છે.

**- સ્વામી વિવેકાનંદ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આકાશ આપણી આંખોનો રોજનો ખોરાક છે. રોજ નહિ તો ક્યારેક મનુષ્યએ ઊંચા આકાશની ગહેરાઈમાં ડૂબકી લગાવવી જોઈએ.

**- ખલિલ જિબ્રાન**

સ્વધર્મ માતા જેવો જન્મપ્રાપ્ત છે. જેવી રીતે માતાની પસંદગી કરવાની હોતી નથી તેમ સ્વધર્મની પસંદગી પણ કરી શકાતી નથી.

**- પાડુંરંગ આઠવલેજી**

સુખ અને દુઃખ બંને અસ્થિર સ્વભાવનાં છે પણ તેમાં દુઃખનું આયુષ્ય સુખ કરતાં ટૂંકું છે માટે દુઃખ પડે ત્યારે ગભરાઈ જવાની જરૂર નથી.

**- જુબર્ટ**

હે પરમાત્મા! મને એવી આંખ આપ કે જે સંસારના સઘળાં પદાર્થોને પ્રેમની દ્રષ્ટિથી જુએ.

**- વેદ**

અહિંસા એટલે જીવમાત્ર પ્રત્યે પૂર્ણ પ્રેમ. **- ગાંધીજી**

કસોટી હીરાની થાય છે, કોલસાની થતી નથી.

જીવનનું રસાયણ હંમેશા સુખકર હોતું નથી કારણ કે સુખ એ જીવનનું લક્ષ્ય નથી. સર્વરસનું સમતાપૂર્ણ અનુભવ જગત એ જ તો આત્માની માનવીય અનુભૂતિ છે.

જેવું ચિંતવશો તેવા જ થશો. હાલનું જીવન પૂર્વના ચિંતનનું જ ફળ છે. તમારા વિચારો એ જ તમારું પ્રારબ્ધ છે.

**- સ્વામી રામતીર્થ**





Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બીજાઓ સાથે ધીરજ રાખો પણ પોતાની જાત પરત્વે અધીરા બનો.

**- સ્વામી શિવાનંદ સરસ્વતી**

હે રિદ્ધિ-સિદ્ધિના સ્વામી, દેવોમાં બહુશ્રુત વિદ્વાન, ત્રિલોકમાં વિવેક શિરોમણી, વિઘ્નહર્તા, સર્વોત્તમ માતૃ-પિતૃ ભક્ત અને સદાય પ્રસન્નકર ગણેશ, તમે સર્વ રીતે અમારૂં કલ્યાણ કરો.

નમ્રતા સાથે મૈત્રી બાંધો, પછી જગતના લોકો તમારા મિત્ર બનશે.

**- સ્વામી શિવાનંદ સરસ્વતી**

જીવન એક રણક્ષેત્ર છે. પ્રશ્નો અને સમસ્યાનો વંટોળ છે, સંઘર્ષોની હારમાળા છે જે કોઈ તેની સામે માનસિક સ્વસ્થતાથી ઊભો રહે છે, અભય થઈને સામનો કરે છે, અપમાન કે પ્રતિષ્ઠાની બીકે સંજોગોથી નાસી જતો નથી, તે હંમેશા જીતે છે.

**- સ્વામી શિવાનંદ સરસ્વતી**

કાર્ય પહેલાં ડાહ્યાં થવું તે ડહાપણ છે, કાર્ય દરમ્યાન ડાહ્યા થવું તે સાવચેતી છે, કાર્ય પત્યા પછી ડાહ્યા થવું તે મૂર્ખાઈ છે.

**- અનુશ્રુતિ**

કોઈપણ અપમાન આપણાં સ્થાનેથી આપણને નીચે ઉતારી શકતું નથી. આપણને નીચો ઉતારનાર કોઈપણ હોય તો તે આપણો સ્વભાવ છે.

દ્રઢતાથી એકની એક વાતને એકાગ્રતાપૂર્વક વળગી રહેવાથી જ હંમેશાં સિદ્ધિ પ્રાપ્ત થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દરેક પુસ્તકને એનો વાચક મળે, દરેક વાચકને એનું પુસ્તક મળે.

જે માણસ વખતની કીંમત પોતાના મન સાથે બરાબર કરી જાણે છે તેને કોઈપણ જાતના કામકાજમાં કદી અડચણ પડતી નથી.

જે યુવાનો હંમેશાં ઉમદા વિચારો પર લક્ષ્ય આપતાં નથી તે નીચે જ પડવાના. એમને પછી કોઈ સારી વસ્તુ સૂઝશે નહિં.

યુવાન વયે આવતા વૃદ્ધત્વને અટકાવવા દરેકે અવિરત શ્રમ અને કામધંધામાં વધુ ચીવટવાળા બનવું એ શ્રેષ્ઠ ઉપાય છે.

સારી રીતભાત અને સદ્‌વર્તનથી ચાલવું એ જીંદગીનો મોટામાં મોટો ઉદ્દેશ હોવો જોઈએ.

સુવિધાઓની સાથે જવાબદારીઓ પણ જરૂરી છે. અધિકારીઓની સાથે ઉત્તરદાયિત્વ પણ જોડાયેલું છે. પોતાના અધિકારોની રક્ષા સાથે નાગરિકોએ એકતાની રક્ષા માટે પણ જવાબદારી વહોરવી પડશે.

- ગાંધીજી

સુખી થવા માટેની પહેલી શરત એ છે કે માણસે સુખી થવાનો સંકલ્પ કરવો જોઈએ.

પોતાના દુશ્મનનું બુરું સાંભળવા માણસ આતુર હોય છે. એટલે જો કોઈ તેનું ઘસાતું બોલે તો તરત જ તે માની લે છે.

જેને પચ્ચકખાણમાં આવવું ગમે તેને જ સંસારમાંથી નીકળવું ગમે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે માણસ પોતાની કોથળીને પૂછીને વાત કરતો નથી તે જરૂર બીજા માણસના પૈસા ઉપર જ નિભાવ કરતો હોવો જોઈએ.

હું ધ્રુવના તારાની જેમ સ્થિર છું જો તમે આલ્પ્સને ખસેડી શકો તો તમે મને ખસેડી શકશો.

**- જુલિયસ સિઝર**

સારી કે નરસી નવી પાડેલી ટેવમાં તો કરોળિયાના પડ જેટલીયે તાકાત નથી હોતી, પણ ટેવ બંધાઈ ગયા પછી તો તે લોખંડની સાંકળની પેઠે આપણને જકડી લે છે.

શ્રદ્ધાળુઓ મીઠાં સ્મરણોમાં જુએ છે કે ઈશ્વર દુઃખરુપી કડવાં ઔષધો આપે છે. તેની જ સાથે મૈત્રીનાં મીઠાં અનુપાનો પણ આપ છે.

**- ગાંધીજી**

જીવ, જગત અને ઈશ્વરના સ્વરૂપ અંગેની ભાવનાઓનાં પુનઃ પુનઃ પરિશીલ નથી. નિર્મમત્વ અને સમસ્ત સિદ્ધ થતાં જાય છે પછી સમત્વયુક્ત ધ્યાન સાધના દ્વારા આત્મવિકાસની ગતિ વેગ પકડે છે.

**- આનંદ**

કોઈપણ દેશની પ્રગતિ એના ચિંતકોના કેટલાક વિચારો યુવાનોનાં જીવનમાં ચરિતાર્થ થાય છે એના આધારે જ શક્ય બને છે.

**- સ્વામી સત્યમિત્રાનંદજી**

જે રીતે નાના દીપકનો પ્રકાશ દૂર સુધી પ્રસરે છે તેવી રીતે જ આ બુરી દુનિયામાં ભલાઈ દૂર સુધી ચમકે છે.

**- સાઈરસ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સંજોગો તમારૂં સર્જન કરે તેને બદલે તમે સંજોગોનું સર્જન કરો.

- રામકૃષ્ણ પરમહંસ

આપણને ગ્રહણ કરવામાં મૃત્યુ પણ મગરૂર બને એવું કંઈક કરીએ. આ કામ અઘરૂં છે પણ કરવા જેવું છે.

આપણે માણસ છીએ, ભૂલ થઈ જાય એ સ્વાભાવિક છે. પણ હંમેશની બેદરકારી એ ગુનો જ છે.

ખોટા રંગો વધુ ચમકે છે, એવું જ ખોટા માણસોનું છે.

આખી દુનિયાનો ભાર માથા પર ન રાખો. જરા હસો, દુનિયા જરૂર હળવી થઈ જશે.

વીતરાગની સેવા એ વિષયોની સેવાની પ્રતિસ્પર્ધી છે.

દુનિયાનાં દુઃખો આત્માને વધારે ઉપકારક બને છે કેમ કે ભગવાનને ભૂલાવનાર તત્ત્વોથી એ દૂર રાખે છે.

દ્રવ્ય સ્તવ કરતાં ભાવ સ્તવ વધારે ઉત્કૃષ્ટ છે કારણ કે દ્રવ્યસ્તવ કરતો હોય પણ આજ્ઞાને વિરાધના કરતો હોય તો તરવાને બદલે ડૂબી જાય છે.

અનુમોદના એ સુકૃતનું બીજ છે.

ખાવાની ભૂખ વારંવાર ખાવાથી નથી મટતી પણ છોડવાથી મટે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભગવાનનાં ગુણો જેમ જેમ સાંભળીએ તેમ તેમ રાગદ્વેષનાં ઝેર બહાર નીકળે અને અમૃતનો સંચાર થાય.

ભગવાનની આજ્ઞાને નજર સામે રાખીને વિચારણા કરશો, તો ભૂલા નહિ પડાય.

જીવને સમજાવો કે ભલા રે જીવ.. જીંદગીભર ઉકળાટનો સ્વભાવ રાખીશ તો પછી ઉપશમનો અભ્યાસ ક્યારે કરીશ?

જેટલું સહન કરીએ તેટલું કમાયા, સામનો કર્યો તો ગુમાવ્યું.

તીવ્ર રાગદ્વેષનો સંકલેશ થાય એને બ્રહ્મા-ભગવાન પણ સમજાવી ન શકે.

માનવ તરીકે જીવન જીવવું હોય તો મોહની નિદ્રામાં સુવાનું બંધ કરો.

આત્માનાં બંધનોનાં સંસ્કારો ઘટાડવામાં મનુષ્ય જીવનની સફળતા છે, વધારવામાં નહિ.

જે ભાગ્યશાળી તપ કરે છે તેને બીજાનાં ટોણાં-ઠપકાં-તિરસ્કાર-અપમાન સાંભળવા પડતા નથી.

જેમ જેમ વૈરાગ્ય વધે તેમ તેમ ભગવાનની નિકટતા વધે.

મોટાની સામે હાર થાય એ હાર નથી જીત છે. અને જીત થાય એ હાર છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે વચનશક્તિથી મહાપુરૂષોનાં ઉમદા ગુણગાન કરી શકાય, પ્રભાવક સ્તોત્રો ગણી શકાય એનાંથી લખલૂટ પુણ્ય વધે. એ વચનક્તિ બીજાને મીઠું લગાડવામાં ગટરમાં ફેંકી રહ્યો છે. આ રીતે પુણ્યશક્તિ અને પુણ્યધન બેયને વેડફી રહ્યો છે.

જગતને સુધારવા જતાં પહેલાં તારા આત્માને સુધાર.

સંસારમાં સૌથી પહેલા જીતવા જેવો કોઈ હોય તો પોતાનો આત્મા છે. એ એવો બળવો કરે છે કે પોતાની સામે કે એને સાતમી નરકમાં લઈ જાય છે અને જો એને જીત્યો હોય તો ચારે ગતિથી પર થઈ પંચમગતિમાં લઈ જાય છે.

બહિરાત્મભાવથી અંતરાત્મભાવમાં આવવું હોય તો કાયાને અને કાયાને લગતી વસ્તુમાં 'હું અને મારૂં' નાં લેબલ ઉખેડીને આત્માને અને આત્માને લગતી બાબતમાં 'હું અને મારૂં' નાં લેબલ લગાડવા જોઈએ.

જગતનાં પદાર્થને ઈષ્ટ અનિષ્ટ કરવામાં કાયાની દષ્ટિ પોષાય છે.

બહિરાત્મભાવ ઉપર કંટાળો આવે તો અંતરાત્મભાવ ઉપર પ્રેમ થાય.

અંતરાત્મભાવવાળો બાહ્યની બહુ કવિતા ન ગાય.

ક્રિયા એ પરિણતી જગાડવાનું ઉત્તમ સાધન છે.

વિધિનું પાલન નથી એટલે અરિહંત ઉપર બહુમાન થતું નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમે ગમે તેટલાં અધ્યાત્મી હો પણ દુન્યવી વાતોમાં જો લપસ્યા તો અધ્યાત્મભાવ નષ્ટ થાય છે.

જેમ જેમ અંતરાત્મભાવની અંદર સ્થિર થઈએ તેમ તેમ પરમાત્મભાવની નિકટ થવાય.

હું પદના હિમગિરિને ઓગાળી શકીએ તો સુખનો રસ્તો સાવ સમીપ જ છે.

માણસ દુઃખી થવા માટે કોઈની મદદ લેતો નથી, કારણ કે પોતાની જાતને દુઃખી કરવાની એની તાકાત ઓછી નથી.

જપ, સ્તોત્ર અને સ્વાધ્યાય આ ત્રણ બહિરાત્મભાવ છોડવા માટે અને અંતરાત્મભાવ જગાવવા માટેનાં સાધન છે.

રાગદ્વેષ વધે એ સંકલેશ છે અને વૈરાગ્ય વધે એ વિશુદ્ધિ છે.

કર્મસત્તાએ જીવને પાંચ ઈન્દ્રિયો રૂપી ચપ્પણીયા પકડાવી દીધા છે અને જીવરૂપી ભિખારી એ ચપ્પણીયામાં ઈન્દ્રિયોનાં વિષયની ભીખ માંગે છે.

એક કાચી સેકંડમાં કર્મસત્તા બધુ ફરર... ફુ.. કરી નાંખે છે.

જેને પૈસા બહુ ગમે છે તેને દાન ગમતું નથી. દાન તેને જ ગમે છે જેને પૈસો બહુ ગમતો નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમારામાં રહેલી દિવ્યતાનો આવિષ્કાર કરો. બધું સંવાદમય થઈ જશે.

માણસને સો વર્ષ આનંદપૂર્વક જીવવાનો અધિકાર છે પણ જીવવાની કળા પામ્યા વગર લાંબું જીવવું એ અભિશાપ ગણાય.

સુખનું કેન્દ્ર નજીકના માણસો છે. દુઃખનું કેન્દ્ર પણ નજીકના માણસો છે. તેમને નહી જીતી શકો તો એના જેવી બીજી કોઈ નિષ્ફળતા નથી.

જ્યાં સલક્ષ્ય પુરૂષાર્થ હોય છે ત્યાં કોઈપણ કાર્ય અસંભવ હોતું નથી.

અંતરાત્મભાવમાં રમનારો જાતે તો તરે છે અને બીજાને પણ તારે છે.

દુર્જન સામે દુર્જન ન થવાય - આ હિસાબ છે અંતરાત્મરૂપવાળો.

એક જ વિષય એકવખત રાગ કરાવે છે અને સમય જતાં એ જ વિષય એનાં ઉપર દ્વેષ કરાવે છે.

જેટલું સુખ ભોગવો તેટલી પુણ્યની મૂડી સાફ, જેટલું કષ્ટ ભોગવો તેટલાં પાપના કચરા સાફ.

ઝેર જેમ ચેતન રહિત કરે છે તેમ જગતનાં પદાર્થો દિલમાં પેસી આત્માની જે શુદ્ધ ચેતના છે એને નષ્ટ કરે છે.

સંસારના મહાસુખોની તરફ મહાનફરત લાવવી પડે ત્યારે અપૂર્વકરણ આવે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવ માત્ર આ જગતનાં કર્મના રમકડાં છે.

કર્મસત્તા ભારે કિન્નાખોર છે.

કર્મસત્તા કહે છે કે જ્યાં સુધી હું બેઠી છું ત્યાં સુધી તારા એકપણ કોડ પૂરા કરવા નહિં દઉં.

મુત્સદી એક એવી વ્યક્તિ છે કે જે તમને બધું જ બોલવા દે છે અને પોતાને જોઈતું મેળવી લે છે.

જેણે કદી જોખમ ખેડ્યું નથી તે પોતાની હિંમત વિશે કશી ખાતરી રાખી શકે નહીં.

જે માણસ સહજ રીતે હસી શકતાં નથી એ માણસ સહજ રીતે કશું કામ પણ કરી શકતો નથી.

હજારો વર્ષોથી પૃથ્વી પર સત્ય અને અસત્યનો સંઘર્ષ ચાલે છે. ખુદ અસત્ય પણ જાણે છે કે એના પર સત્યનો વિજય થવાનો છે છતાંય જેઓ અસત્યના પડખે ચડે છે એના હાલ મહિષાસુર જેવા થાય છે અને જેઓ સત્યને ઉપાસે છે તેઓ દેવી દુર્ગાની જેમ વિજયંત નીવડે છે.

**- સ્વામી રામતીર્થ**

યા દેવી સર્વભૂતેષુ શક્તિરૂપેણ સંસ્થિતાઃ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ  યા દેવી સર્વભૂતેષુ માતૃરૂપેણ સંસ્થિતાઃ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમસ્તસ્યૈ નમો નમઃ

**- દેવી સ્તુતિ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમકિત વિષય-કષાયને ભૂંડા મનાવે છે. સંસારનું વૃક્ષ એ કષાયો દ્વારા ફલેફૂલે છે.

દુનિયામાં પુણ્ય જોઈને મન અસ્થિર બને છે તેની આગળ પરમાત્માનું પુણ્ય વિચારો તો પછી દુનિયામાં પુણ્ય ફિક્કા લાગશે.

માણસને કાયાથી પાપ થોડાં, મનથી પાપ પાર વિનાના. મનથી અઢળક ધર્મ થઈ શકે, પરંતુ એ બુદ્ધુને ન આવડે...

જગતની સમૃદ્ધિ જીવને પોતાનું કર્તવ્ય ભૂલાવે છે. પરલોકનો વિચાર ભૂલાવે છે અને ભગવાનને પણ ભૂલાવે છે માટે એ નગુણી છે.

તમારી નિરાશાનું કારણ એ જ છે કે તમે તમારા સુખને માટે જ જીવવા માંગો છો.

પ્રશંસા દરેકને ગમે જ છે પણ દરેક ખુશામતના ભયજનક આક્રમણ સામે સાવધ રહેવું જોઈએ.

કોઈના પર ખૂબ ગુસ્સો આવે ત્યારે જરા થોભો. મનમાં એકથી દસ સુધી ગણી જાઓ.

પ્રત્યેક નવા દિવસને પ્રભુનો આશીર્વાદ માનો. આ શ્રદ્ધા ટકી રહે તો ગમે તેવી વિષમતામાંય ચમત્કાર બન્યા વિના નહીં રહે.

બારી ઊઘાડી રાખશો. જીવનનાં ઉઘાડ ભીતરમાં પ્રવેશવા ઉત્સુક છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપણે સાચું જીવન ગુજારવા માંગતા હોઈએ તો માનસિક આળસ છોડીને આપણે મૌલિક વિચાર કરવો જોઈએ. પરિણામ એ આવશે કે આપણું જીવન બહુ સરળ થઈ જશે. **- ગાંધીજી**

સ્ત્રી એ પુરૂષનો પોષાક છે અને પુરૂષ એ સ્ત્રીનો શણગાર છે.

**- મિલ્ટન**

હું કોઈમાં વિશ્વાસ કરતો નથી. મારો વિશ્વાસ ફક્ત મર્યાદામાં, પરંપરામાં અને સાધનામાં છે. **- આચાર્ય શ્રી તુલસી**

તર્કબુદ્ધિ અપકીર્તિને સહન કરવાની સલાહ આપે છે. હિંમત સાથે થાય છે. પરંતુ ધીરજ તો એની ઉપર વિજય મેળવી લે છે.

**- સ્પેન્સર**

આ જગત નિર્માલ્યો માટે નથી, નાસી છૂટવાનો પ્રયત્ન ન કરશો.

**- સ્વામી વિદિત્માનંદજી**

દરેક વ્યક્તિ પોતાનું આંગણું વાળી રાખે તોય દુનિયા ચોખ્ખી થઈ જાય. **- ગટે**

જ્યાં સલક્ષ્ય પુરૂષાર્થ હોય ત્યાં કોઈપણ કાર્ય અસંભવ હોતું નથી.

**- આચાર્ય શ્રી તુલસી**

જીવનનો અર્થ છે વહેતા રહેવું. ગમે તેવો રસ્તો હોય, આગળ વધવું સ્થગિતતા એટલે મૃત્યુની નજીક વહેતા રહેવું, એટલે જીવંતતા.

**- અનુશ્રુતિ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સમયનો નાશ સર્વનાશ બરાબર છે.

એક દિવસ માછલીને આકાશમાં તરવાનું મન થયું ને એકાએક સમુદ્ર સુકાઈ ગયો.

જગતમાં કશુંય અસુંદર નથી અને હોય તો એને પ્રેમથી સુંદર બનાવી શકાય છે.

જેઓ ગઈ-ગુજરીને જ ભાથું બનાવીને જીવવા મથે છે તેમનું કદી કોઈ ભવિષ્ય હોતું નથી.

તક પાછળ દોડવામાં સમય વેડફી દેવાનાં બદલે થોડો સમય જાતને સમૃદ્ધ કરવામાં પણ ગાળો.

આપણે બધા તકની શોધમાં છીએ પણ આપણે બધા લાયકાતની મથામણમાં નથી.

સૌંદર્યનું એક સનાતન મંદિર આપણે સર્જી શકીએ તો હૃદયની આંખને ઉપવાસ નહીં કરવા પડે.

બગીચો તો બગીચો છે જ પણ અપેક્ષા વિના મ્હોરેલો સંબંધ એ પણ આપણા જીવનની આસપાસ રચાયેલો બગીચો છે.

સંસાર જીવનની પ્રત્યક્ષ પાઠશાળા છે.

સેવાથી શત્રુ પણ મિત્ર થઈ જાય છે. **- વાલ્મિકિ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કેળવણીનું કામ સહજવૃત્તિઓને કેળવવાનું છે, દબાવવાનું નહીં.

**- બર્ટાંરસેલ**

શ્રદ્ધા વિકસાવો, નમ્રતા ધારણ કરો, નિયમિત પ્રાર્થના કરો અને તેની ઈચ્છાની બિનશરતી તાબેદારી સ્વીકારો.

**- સ્વામી શિવાનંદ સરસ્વતી**

અન્યાયની સામે કંઈ જ ન બોલવું એ નામર્દાઈની નિશાની છે.

**- ગાંધીજી**

વિપદા જેવી કોઈ મહાશાળા નથી આ પૃથ્વી પર.

**- પ્રેમચંદ**

મેં જીવનને ખૂબ ચાહ્યું છે. શા માટે મૃત્યુને તેથી અધિક ન ચાહું?

**- રવીન્દ્રનાથ ટાગોર**

વિદ્યાઓ તીવ્ર ઈચ્છાથી, સાધનાથી, કષ્ટથી અને દેવકૃપાથી સિદ્ધ કરી શકાય છે. પરમ વિદ્યાઓ એને જ વરે છે જેનું હૃદય નિર્મળ, મન નિશ્ચલ અને વૃત્તિ ઉજ્જવળ હોય છે.

**- ગરૂડ પુરાણ**

ઉત્તમ ધનુર્ધર એને કહેવાય જેના બાહુઓમાં, ધનુષ્યમાં, તીરમાં અને દ્રષ્ટિમાં એકમાત્ર નિશાન કે લક્ષ્યની જ તરસ હોય. લક્ષ્ય કેન્દ્રી વ્યક્તિ જ ઉત્તમ ધનુર્ધર અને પારંગત યોદ્ધો બની શકે. આજ નિયમો જીવનની સફળતાનું રહસ્ય છે.

**- અગ્નિ પુરાણ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હાસ્યની સુંદર પૃષ્ઠભૂમિ પર જુવાનીનાં પુષ્પો ખીલે છે. જુવાનીને તાજી રાખવા માટે હંમેશા હસતા રહો. - **બર્નાડ શો**

સંપત્તિ એક એવા પ્રકારનો અગ્નિ છે જે વ્યય થતો હોય તો બાળે અને સંઘરી રાખો તો ય બાળે, એટલે જ સંતોષને સંતોએ સાચી સંપત્તિ માની છે. જેઓની પાસે સંતોષની સમૃદ્ધિ છે એને ધન આવે તોય શું અને ન આવે તોય શું? ધન્ય છે એ સંતોષી જીવોને.

- **વિષ્ણુ પુરાણ**

વિશ્વાસઘાતી અને ધોખાબાજ મિત્ર ઉપર ક્યારેય ભરોસો મુકવો નહિ કારણ કે આવો મિત્ર જ્યારે પણ તમારાથી રિસાઈ જશે ત્યારે બધા જ ભેદ ખોલી નાંખશે. - **ચાણક્ય**

મેં મારી ઈચ્છાઓ પર દમન કરીને સુખ મેળવવાનું શીખી લીધું છે તેની પૂર્તિ દ્વારા નહીં. - **સ્ટુઅર્ટ મિલ**

જે માણસ સિપાઈગીરી નથી જાણતો તે સેનાપતિ નથી થઈ શકતો. જે માણસ અધ્ધર ચડે છે તેને તો પડવાનો પણ ભય છે પણ જે જમીન ઉપર ચાલે છે તેને ભય નથી. પણ પગથિયે-પગથિયે ચાલનાર માટે મોટો અવકાશ છે. - **સરદાર પટેલ**

અડધી દુનિયાનો ખ્યાલ એવો છે કે બીજા પાસેથી સેવા લેવામાં સુખ છે. પરંતુ ખરેખર સુખ તો બીજાને સેવા કરવામાં જ છે.

- **હેનરી ડ્રમંડ**

પૈસા બને એટલા કમાઓ, બને એટલા સંઘરો અને બને તેટલા આપો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મને ચિંતા એ વાતની નથી, ઈશ્વર તો આપણી સાથે જ છે. ચિંતા એ વાતની છે કે આપણે ઈશ્વરની સાથે ક્યારે થઈશું?

માણસ પોતાની જાતને સુધારવાની કોશિશ ભાગ્યે જ કરે છે. એ એમ જ માને છે કે આજુબાજુનાં બધાએ સુધરી જવું જોઈએ.

નમાજ.. બંદગી એ શું છે, કોઈનું થોડું પણ સારું કામ કરીએ, કોઈ દુ:ખીના બે આંસું લૂછીએ એના જેવી નમાજ.. બંદગી કઈ?

કોઈ ભૂલ એવી નથી કે જે માફ ન કરી શકાય પણ ભૂલને સંતાડવા માટે આપણે જે હરકતો કરીએ છીએ તે માફ કરી શકાય નહીં.

યુવાન માણસ પોતાની મૂર્ખાઈ અને અણઆવડતને લીધે યુવાનીનો ખરો લાભ ઉઠાવી શકતો નથી અને જ્યારે તે કંઈક સમજે છે ત્યારે યુવાની વીતી ગઈ હોય છે.

એવા પણ માણસો છે કે બીજાના અનુભવોમાંથી તો ઠીક, પોતાના અનુભવોમાંથી પણ કંઈ શીખતા નથી.

ધ્યેય વગરનો માણસ અટવાય છે, અથડાય છે, કુટાય છે પણ ક્યાંય પહોંચતો નથી.

જેણે પ્રારંભનાં પચાસ વર્ષ વેડફી ન માર્યા હોય એવી વ્યક્તિ જ પાછલી ઉંમરને ઉમંગ, અસંગ અને સત્સંગ વડે શણગારી શકે.

તમે ઓછી વાત કરશો તો તમને વધુ સાંભળવામાં આવશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વ્યક્તિ જ્યારે પોતાને પૂર્ણ રીતે સમજે છે ત્યારે સંઘર્ષનો અંત આવે છે.

પૂરી સચ્ચાઈથી કોઈની ટીકા ન કરનાર માણસની પ્રશંસાથી ચેતતા રહેવું જોઈએ.

આ દુનિયામાં મનગમતી મૈત્રીથી વધારે સુંદર ચીજ જડવી મુશ્કેલ છે.

કોઈના સાચા વખાણ કરવામાં કે કોઈની પ્રમાણિકપણે આલોચના કરવામાં માણસ દિલચોરી કરે તે માણસ કશુંક ચૂકી જાય છે.

ટીકા એ ભયંકર ચિનગારી છે જે મગરૂરીના દારૂગોળામાં પડતાં જ ભયંકર ધડાકો થાય છે.

સંત પણ અસંતથી દૂર ન રહે તો કાળક્રમે અસંત બની જાય છે.

માણસને એક એવી મૈત્રીની જરૂર રહે છે જેમાં લાખ રૂપિયાનો હિસાબ માંડી વાળવાનો વૈભવ હોય અને કોડીની બક્ષિસ પણ લાખેણી લાગે.

સાધુની પધરામણી વખતે અમથાં ઝૂકી પડતાં અને દેખાદેખી ચરણ સ્પર્શ કરનારા અનુયાયીઓ તેની સાધુતાની હત્યા જ કરતા હોય છે.

સંબંધ સત્વગુણી બને ત્યારે માણસ ઝરણાનું સંગીત પામે છે. સંબંધ ગુણાતીત બને ત્યારે સાધુ મહાસાગરનું મોતી પામે છે.

સુખનો પ્રદેશ ઘણીવાર દુ:ખની નદીના સામા કાંઠા પર જ હોય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

હસમુખા દાદા-દાદી કરતાં રૂપાળી ઘટના જગતમાં જડવી મુશ્કેલ છે.

ડાહ્યા માણસો આંખોને સાથે લઈને ફરે છે. મૂર્ખાઓ આંખો હોય તો પણ અંધારામાં અટવાયા કરે છે.

જોખમ ગણતરીપૂર્વક લેવું. ગણતરીપૂર્વકના જોખમમાં અને ધસી જવામાં ઘણો તફાવત છે.

પચાસ પછી જે માણસ ધીરે ધીરે વળગણમુક્ત ન થઈ શકે તે દુઃખી થવાનો જ.

દૂર દૂર જે કંઈ ઝાંખું દેખાતું હોય તે જોવાનો પ્રયત્ન કરવો એ આપણું કર્તવ્ય નથી. આપણું કર્તવ્ય તો નજીકમાં આવી પડેલ બાબતને સ્પષ્ટતાથી જોવાનું છે.

સત્યનો ભંગ અસત્ય બોલવાથી જ થાય એવું નથી, મૌન રહેવાથી પણ એનું એટલું જ ઉલ્લંઘન થાય છે.

જીવનમાં કયો ભાગ ભજવવાનો છે તે આપણે પસંદ કરવાનું હોતું નથી. આપણો ભાગ આપણે બરાબર ભજવીએ એટલી જ આપણે માથે ફરજ છે.

હાસ્ય એ અંતરની પ્રેમપૂર્વકની અભિવ્યક્તિ છે.

પૈસા મેળવવાનો એકમાત્ર લાભ એ છે કે તે વાપરી શકાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

તમે કોઈ જ નિશાન નહિ રાખો તો તમે કશું જ પ્રાપ્ત નહિ કરી શકો.

સામાન્ય અભિપ્રાયો ઘણીવાર સામાન્ય સમજથી વિરૂદ્ધ જતાં હોય છે કારણ કે ઘણાખરા લોકોની બુદ્ધિ તેમના પૂર્વગ્રહોનો સામનો કરી શકે એવી સભર હોતી નથી.

ઉંમરની ગણતરી વર્ષોથી નહિ, તમે જીવનમાં કેટલો આનંદ લૂંટ્યો એનાથી કરો.

જે લોકો હસીખુશી અને આનંદ કરી શકતા નથી તેમણે આત્મનિરીક્ષણ કરવું જોઈએ.

હું જ્યારે કોઈ યુવાનની ભારે બુદ્ધિપ્રતિભાનાં વખાણ સાંભળું છું ત્યારે પહેલાં પ્રશ્ન એ પૂછું છું - એ કંઈ કામ કરે છે?

હું સ્વચ્છ હાસ્ય ટુચકાને બાઈબલના દસ હુકમો જેટલા સન્માનની નજરે જોઉં છું.

સામાન્ય સ્ત્રીઓ અને પુરૂષોના જીવનમાં એકાએક ક્રોધ ભભૂકવાથી જે હોનારત સર્જાય છે એવી હોનારત બીજી કોઈ વસ્તુથી સર્જાતી નથી.

ટેવની સાંકળ હૃદયની આસપાસ સાપની માફક ભરડો લે છે ને પછી એને ગૂંગળાવી નાંખે છે.

આંકડા... આંકડા વડે તમે ગમે તે વસ્તુ સાબિત કરી શકો માત્ર સત્ય સિવાય.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

દરેક વસ્તુને ઉજળી બાજુ હોય છે. આપણને તે શોધી કાઢતાં આવડવી જોઈએ.

માત્ર એક વિચાર, એક ઉત્સાહપ્રેરક શબ્દ, એક સ્મિત ઘણો બધો બોજો હળવો કરી નાંખે છે.

પ્રાતઃકાળનો સૂર્ય, મધ્યરાત્રિનો ચંદ્ર અને અમાસના તારા દરેક નિરાશ માણસને હજારો આશાઓ આપી ઉત્સાહ અને ઉમંગ આપે છે.

**- અનુશ્રુતિ**

મનુષ્ય સમાજ બે બાબતો પર નિર્ભર છે. જ્ઞાન અને વિશ્વાસ. વિજ્ઞાન આપણને જ્ઞાનના ક્રમિક વિકાસથી પરિચિત રાખે છે અને ધર્મ આપણને પરસ્પરમાં અને જીવનમાં વિશ્વાસ પ્રેરે છે. પરંતુ વિજ્ઞાન ક્યારેય કેટલાય પ્રયોગો કરીને એ કહી શકશે નહીં કે જીવનનો ઉદ્દેશ્ય શું છે? એ માટે આપણે ધર્મને જ પૂછવું ને અનુસરવું પડશે. **- આલ્બર્ટ આઈન્સ્ટાઈન**

જગતમાં જે કંઈ દેખાય છે તે જ છે એવું નથી. દ્રશ્ય જગત કરતાં અનેકગણું વિરાટ અદ્રશ્ય જગત છે. માટે સૃષ્ટિને હંમેશા જે છે એની ભીતર પણ ડોકિયું કરીને જુઓ તો પ્રકૃતિના પરમ રહસ્યોનો ભેદ પામી શકાય. **- અનુશ્રુતિ**

ફૂલો પ્રકૃતિનું હૃદય છે. ઉન્નત આકાશ એનું મસ્તક અને ધરતી એના ચરણની રજ છે. આપણી આસપાસનાં જગતમાં પરમતત્ત્વ ઉદ્દીપ્ત છે અને વ્યાપ્ત છે. એનો એકાદ ક્ષણનો અહેસાસ પણ ચિરંતન આનંદકારી હોય છે. **- અનુશ્રુતિ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેઓ પૃથ્વી ઉપર થૂંકતા હોય કે અપશબ્દો બોલતાં હોય તેમના હે રામ! તારે હોઠ કાપી લેવા. - **અગ્નિ પુરાણ**

બાળકો સાથે દિવસમાં થોડીવાર પણ હસતાં રમતાં આવડે તો આપણામાં રહેલી હિંસકતા તબક્કાવાર નામશેષ થઈ જાય. પ્રકૃતિના પ્રફુલ્લિત અને ઉજાસભર્યા રૂપનું પ્રતીક છે - દરેક શિશુ.

- **અનુશ્રુતિ**

જેનું મન પ્રાણીમાત્ર પર દયા કરવાથી રાજી થઈ જાય છે, એને જ્ઞાન અને મોક્ષ મેળવવાની કે લાંબી લાંબી જટા ધારણ કરવાની કે શરીર પર રાખ લગાવવાની શી જરૂર છે. - **ચાણક્ય**

ફૂલોને ધારીધારીને જોઈ જુઓ, કદાચ એમાં તમારું હૃદય હશે. પવનના સૂસવાટાને કાન દઈને સાંભળો, કદાચ એમાં અનાદિ સૂર હશે. હેતાળ સ્નેહીના હાથમાં હાથ મુકી જુઓ કદાચ એમાં ભવોભવનાં સંઘર્ષમાં સાથ આપનારી હૂંફ હશે. - **અનુશ્રુતિ**

પૃથ્વી પર દરેક નવું જન્મતું બાળક એ વાતની ખાતરી કરાવે છે કે ઈશ્વરે હજુ મનુષ્યમાંથી વિશ્વાસ ગુમાવ્યો નથી. પ્રકૃતિને હજુ આશા છે કે મનુષ્ય આ સમગ્ર બ્રહ્માંડનો અધિષ્ઠાતા બનીને સર્વોપરિ સુખની ચિરંતન સ્થાપના કરશે. - **રવીન્દ્રનાથ ટાગોર**

દાન દેવાની ટેવ, મધુર વાણી, બહાદુરી અને વિદ્વતા આ બધુ ગુણો સ્વાભાવિક હોય છે, સ્વભાવથી જ હોય છે, કદાચ કોઈક ઈચ્છે કે હું આ ગુણોને અભ્યાસ કરીને પ્રાપ્ત કરી લઉં તો એ ક્યારેય શક્ય નથી.

- **ચાણક્ય**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વૈરાગ્યમાં એક જ વાર નિર્ણય કરવાનો હોય છે. સંસારમાં વારંવાર નિર્ણયો કરવાના હોય છે. વૈરાગ્ય તેના પ્રથમ પગલે જ કઠિન છે, જ્યારે સંસાર દરેક પગલે આકરો છે. છતાંય એવા અત્યંત દ્વિધાયુક્ત અને મુંઝવણભર્યા સંસારમાં જેઓ નિષ્કલંક રીતે જીવી શકે છે, તેઓ ધન્ય છે. - **અનુશ્રુતિ**

દુન્યવી સંબંધોની, ધન-દોલતની કીર્તિ અપકીર્તિની અને દેહની નશ્વરતાનું ભાન જેટલું વધુ ઉગ્ર, તેટલો વૈરાગ્ય વધુ દ્રઢ થાય અને જેટલો વૈરાગ્ય વધુ દ્રઢ તેટલો આત્મજ્ઞાનનો પ્રકાશ વધુ નજીક તેમજ વધુ ઉજ્જવળ, એ પાયા પર જ ધર્મની ઈમારત ઉભી રહે છે. તાપને તપમાં પલટી શકે તે જ્ઞાની. ધર્મના રહસ્યને તે પામી શકે.

- **અનિરુદ્ધ**

ગુરૂના ચરણોમાં અડધું સ્વર્ગ, માતાપિતાના ચરણોમાં પૂર્ણ સ્વર્ગ અને દેવોના ચરણોમાં સવાયું સ્વર્ગ છુપાયેલું છે.

ઊંચી મતી, ઊંચી કૃતિ, ઊંચા વિચારો જ્યાં હશે તે ઘર તણાં સૌ માનવી સર્વત્ર મંગલમય થશે.

ખરેખર મકાનને ઘર નથી કહેવાતું, ગૃહિણીને જ ઘર કહેવાય છે. જે ઘરમાં ગૃહિણી નથી તે ઘર વન જેવું જ છે.

- **વેદ વ્યાસ**

સંસ્કાર સૌથી વધુ મહત્ત્વની ચીજ છે. શિક્ષણ-કલા-વિજ્ઞાન અને બહાદુરી આ બધું જ હોય પણ જો સંસ્કાર ન હોય તો શૂન્ય.

- **અનુશ્રુતિ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સાધનાની પદ્ધતિ મૂલ્યાંકનનો જ માર્ગ છે. જ્યાં મતભેદનો પ્રશ્ન છે ત્યાં હજારો સંપ્રદાય ઊભા થઈ જાય છે.

**- યુવાચાર્ય મહાપ્રજ્ઞ**

ભવિષ્ય અને ભૂતકાળ બંનેના પડછાયામાંથી મુક્ત થઈને વર્તમાનનો સંપૂર્ણ સાક્ષાત્કાર એ જ જીવનના નિત્ય આનંદનું રમણીયરૂપ છે. **- અનુશ્રુતિ**

ના... નથી જોઈતો મારે ધર્મહીન કરોડપતિને ત્યાં આવતા ભવે જન્મ. ભલે મને મલે કોઈ ગરીબ ઝુંપડપટ્ટીમાં જન્મ જ્યાં ધર્મની રસછોળ ઊડતી હોય.

જન્મ અને મૃત્યુ વચ્ચેનો સમય એનું નામ જિંદગી નથી એને તો માત્ર આયુષ્ય જ કહે છે. આયુષ્ય તો કાગડાંઓ અને કૂતરાંઓને પણ હોય છે. પરંતુ સર્વોત્તમ જીવનરીતિ અને ઉચ્ચતમ મૂલ્યો એ જ જિંદગી છે. **- અનુશ્રુતિ**

સત્યનો અર્થ માત્ર સાચું બોલવું તે જ નથી, સૃષ્ટિના અનુપમ સૌંદર્ય અને વિરાટ બ્રહ્માંડની સહોપસ્થિતિમાં સતત વર્તમાનમાં ઝબોળાયેલા રહેવું તે પણ સત્ય છે. **- નિત્શે**

અપાર ધનવાન કુબેર પણ જો આવક કરતાં વધારે ખર્ચ કરે તો કંગાળ થઈ જાય છે. ક્ષમતા જેટલું ઉડવામાં જ મજા છે, ક્ષમતા જેટલું જ ડૂબવામાં મજા છે. ક્ષમતાની મર્યાદા ઓળંગાઈ જાય તો ધર્મ, અર્થ, કામ ને મોક્ષ દરેકનો મહા અનર્થ થઈ જાય છે.

**- ચાણક્ય**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વેડફી નાંખશો તો તાજું ફૂલ પણ સુંઘાયા વિના જ ચીમળાઈ જશે.

**- એમર્સન**

સૌંદર્યનો અર્થ માત્ર સુંદરતા નથી. સત્ય, નીતિ અને ધર્મ પણ પૃથ્વી પરનું અનુપમ સૌંદર્ય છે. સૌંદર્યને અખંડ દ્રષ્ટિએ અનુપાન કરતાં શીખવું જોઈએ.

**- અનુશ્રુતિ**

હિંસાનો અર્થ માત્ર હત્યા નથી, બીજાના આત્માને દુઃખ પહોંચે તેવું વર્તન કરવું એ પણ હિંસા છે. અહિંસક મનુષ્ય એને કહેવાય જે ક્યારેય કોઈને ય દુઃખ પહોંચાડતો નથી. અહિંસાનો આ જ આદર્શ છે.

**- વિનોબા ભાવે**

ધર્મ ગમે તે હોય પરંતુ એનાથી ઊંચો ધર્મ છે આપદ્ધર્મ. દરેક મનુષ્ય જે આપદ્ધર્મનું પાલન કરે, પોતાના કર્તવ્યો પરત્વે નિષ્ઠા દાખવે તો આજે ઘોંઘાટભર્યું લાગતું જગત આપોઆપ સંગીતમય થઈ જાય.

**- ટોલ્સટોય**

સંસારને સાગર સાથે સરખાવવામાં આવે છે કારણ કે તેમાં ઉંડે ઉંડે માટી, કાંઠે વિષાદના ખડકો, પેટાળમાં અનેક વિચારોના મત્સ્યો અને ઈચ્છાઓના તોતિંગ મોજાઓ ઉછળે છે અને એટલે જ સાગર કરતાં સંસાર સાગર પાર કરવો કઠિન છે.

**- અનુશ્રુતિ**

ભૂલનો સ્વીકાર કરવો તે ઝાડુથી સફાઈ કરવા સમાન છે. જેનાથી ગંદકીનું નામો-નિશાન સુદ્ધા રહેતું નથી.

**- મહાત્મા ગાંધી**

સ્પષ્ટ હેતું નહિ હોય તો જીવન અર્થહીન અને દુઃખી બની જશે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જો તમે ખોટા મનુષ્યોને જોશો અને તેમની વાતો સાંભળશો તો ત્યાંથી જ ખોટાપણાનો પ્રારંભ થઈ જશે તે સમજજો.

**- જુંગ-ફુ-૮૪**

આપણી ઈન્દ્રિયો જ આપણી શત્રુ છે, પરંતુ જો તેમને જીતી લેવાય તો તે મિત્ર બની જાય છે. **- ભગવાન શંકરાચાર્ય**

હે પરમાત્મા - મને એવી આંખ આપ કે જે સંસારના સઘળાં પદાર્થોને પ્રેમની દ્રષ્ટિથી જુએ.

ક્ષમા દંડ કરતા મહાન છે. દંડ આપનાર માનવી છે જ્યારે ક્ષમા આપનાર દેવતા છે. દંડમાં ઉલ્લાસ છે પણ શાંતિ નથી. ક્ષમામાં તો ઉલ્લાસ અને શાંતિનો સમન્વય છે. **- ભર્તૃહરિ**

જીવનનો અર્થ માત્ર કાર્ય નથી. કાર્ય વિરામ પણ છે. કાર્ય અને વિરામનું સપ્રમાણ જ જીવનને પરિપૂર્ણ રૂપે વ્યક્ત કરે છે.

**- વિનોબા ભાવે**

સમગ્ર સૃષ્ટિના સર્વ સુખોનું સર્જન ઈશ્વરે જેને માટે કર્યું છે તે યુવાન છે. પરંતુ દુઃખની વાત એ છે કે આ સર્વ સુખોની પરવા કર્યા વિના તે વ્યસનો અને દુરાચારનો ગુલામ થઈ રહ્યો છે. નિર્વ્યસની અને સદાચારી યુવાનનો દરેક શબ્દ સિંહની ગર્જના સમાન હોય છે.

**- સ્વામી વિવેકાનંદ**

ટીકા એ પાળેલાં કબૂતર જેવી છે. પાળેલાં કબૂતર પોતાના માલિકને ત્યાં જ પાછા ફરે છે. **- બાળ્ઝા**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

કસરત એટલે કે વ્યાયામ એ શરીરની સાચી પૂજા છે. જેઓ વ્યાયામ કરતા નથી એમના શરીર પછીથી એમના આત્મા સાથે વેર લે છે. આત્મા અને શરીરની મૈત્રીના સુખી સિદ્ધાંતનું નામ છે વ્યાયામ.

**- અનુશ્રુતિ**

ધૈર્ય કોને કહેવાય? શંકરાચાર્ય કહે છે, ઘાસની એક સળી લઈને સમુદ્રકિનારે બેસો ને સળી પર પાણીનું એક એક ટીપું લો. ધૈર્ય હશે અને નજીકમાં ટીપાં સચવાઈ રહે તેવી ખાઈ હશે તો કાળે કરીને સમુદ્ર ખાલી થશે. આ લગભગ પૂર્ણ ધૈર્યનું દ્રષ્ટાંત છે.

**- ગાંધીજી**

બાણ કેવી રીતે મારવામાં આવે છે? જ્યાં સુધી ધનુષની દોરી ખેંચી રાખીએ છીએ ત્યાં સુધી તીર આપણા હાથમાં જ રહે છે. જ્યારે તેને છોડી દઈએ છીએ ત્યારે સૂસવાટા કરતું જઈને લક્ષ્યસિદ્ધિ કરે છે. તમારા હૃદયમાં અનેક જાતની વાસનાઓ ઈચ્છાઓ છે પણ જ્યારે તેમને છોડી દેશો ત્યારે જ તે ફળીભૂત થશે. કામનાઓને જ્યાં સુધી ખેંચી રાખશો, વાસનાઓ માટે ઝંખ્યા કરશો ત્યાં સુધી તે સિદ્ધ થશે નહીં. તમારી ઈચ્છાઓને છોડી દો. તેમને ઓળંગી જાઓ.

**- સ્વામી રામતીર્થ**

ધર્મ, અર્થ, કામ અને મોક્ષ આ ચારેય પુરુષાર્થોમાં પ્રભુ ભક્તિ સિવાય સુખ કે શાંતિ પ્રાપ્ત થતાં નથી. પ્રભુનો સાક્ષાત્કાર ન થાય તો કંઈ નહિં પરંતુ એ બહાને આત્મશુદ્ધિ અને જીવનશુદ્ધિ થાય એ કેટલી મોટી સિદ્ધિ છે. **- વિનોબા ભાવે**

હંમેશા હસાય એટલું હસો, એ તદ્દન સસ્તું ઔષધ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભાવનાના માધ્યમથી ખુદ પોતાને બદલી શકાય છે અને બીજાઓને પણ બદલી શકાય છે. આજુબાજુની વ્યક્તિને બદલી શકાય છે, વાતાવરણને બદલી શકાય છે. **- યુવાચાર્ય મહાપ્રજ્ઞ**

સુંદરતા માટે તો પ્રશંસા સિવાય અન્ય કોઈ શણગાર યોગ્ય નથી.
**- લેડી બ્લેસિંગ્ટન**

મારો રસ ભવિષ્યમાં છે, કારણ કે મારી બાકીની જીંદગી હું ત્યાં ગાળવાનો છું. **- એમર્સન**

ગેરસમજૂતીથી હું ગુસ્સે થાઉં છું, દયા ખાઉં છું આ બધું છોડી, ધીરજ રાખીને ગેરસમજૂતી દૂર કરવી એ જ એક મારો ધર્મ નથી શું? **- ગાંધીજી**

ધ્યેય માટે જીવવું એ ધ્યેય માટે મરવા કરતાં વધુ મુશ્કેલ છે.
**- સ્વામી વિવેકાનંદ**

જેના ચિત્તમાં સંકલ્પબદ્ધતા, મનમાં સ્થિરતા, ચરણમાં વેગ, હાથમાં કુશળતા અને નેત્રોમાં નિર્મળતા છે તે જ સાચો યુવાન છે.
**- સ્વામી વિવેકાનંદ**

માંદગી અને બીજા અનિષ્ટો સામે હું વિનોદના શસ્ત્ર દ્વારા સતત લડતો રહું છું. જેટલીવાર માણસ હસે છે એટલીવાર એના જીવનમાં કશુંક ઉમેરાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ઈન્દ્રિયોનું દમન માનવીને પોતાની અંદરના વૈભવ તરફ લઈ જાય છે. જ્યાં પ્રેમનું અવિચલ સામ્રાજ્ય છે. ત્યાં માનવીની શૂન્યતા ભરાઈ જાય છે.

હાસ્યથી આંખોનું તેજ વધે છે, છાતી પહોળી થાય છે, તંદુરસ્તી સુધરે છે. વિનોદી દાક્તર દવાની ગોળીઓ કરતાં વધારે અસરકારક નીવડે છે.

સાચો ધર્મ આનંદપૂર્ણ છે. ઈશુ ખ્રિસ્ત કે બીજા કોઈ ધર્મ ઉપદેશકોએ એરંડિયું પીધું હોય એવું મોં કરીને બેસવાનું કહ્યું નથી.

તમારા ઓરડાની દિવાલ પર દુઃખી અને નિરાશાવાદી ચિત્રો ન ટાંગો. હતાશા અને નિરાશાવાદી લોકોથી દૂર રહો.

વસ્તુની ઉજળી બાજુ સામે જ જુઓ. ઉજળી બાજુ ન હોય તો એને ઘસીઘસીને ઉજળી બનાવો.

નોકરીને કે ધંધાને ઓફિસે જ રાખવાની ટેવ પાડો તેને કદી ઘરે ન લાવશો.

શ્રેષ્ઠ માટે જ, પૂર્ણ માટે જ મથો. ક્યારેય પણ સેકન્ડ બેસ્ટથી સંતોષ ન પામો.

ઊંડા વિચાર અને સખત મહેનત સિવાય કશું જ નક્કરપણે સિદ્ધ થતું નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

સારો માનવ સંબંધો વ્યક્તિગત રીતે તો લાભદાયી છે જ, કોઈપણ સાહસની સફળતા માટે પણ અત્યંત જરૂરી છે.

માણસની શાંતિની પરીક્ષા સમાજમાં થઈ શકે છે, હિમાલયમાં નહીં.

આપણને આપણી કદર થાય એટલા અમૃતથી તૃપ્તિ નથી થતી. આપણને ખુશામતનું ઝેર પણ જોઈએ જ છે.

આપણે માણસ છીએ, ભૂલ થઈ જાય એ સ્વાભાવિક છે પણ હંમેશની બેદરકારી એ ગૂનો જ છે.

માર્ગમાં તમને જે તોફાનો ભેટ્યાં એમાં જગતને રસ નથી, તમે નૌકા પાર ઉતારી કે નહીં?

પીગળવા ન ઈચ્છતી મીણબત્તી પ્રકાશ આપી શકે નહીં, પ્રકાશ આપવો હોય તો પીગળવું જ પડે.

સ્વચ્છ વાણી અને સ્વચ્છ ચિત્ત હોવું એ માણસની કીર્તિ પતાકા છે.

સારા બનવા કરતાં સારા દેખાવાની ઈચ્છા રાખે તે દંભ, સારા દેખાવા કરતાં સારા બનવાની ઈચ્છા રાખે તે પ્રમાણિકતા.

જે કંઈ કરો તેમાં તમારી તમામ શક્તિ રેડી દો. તમારી જાતને ઓગાળી દો.

જરૂરત વગર જે દુઃખી છે તે જરૂર કરતાં વધારે દુઃખી થાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પ્રભુ આપણી પાસેથી જે કામ લેવા માંગતો હોય તેને અનુરૂપ બુદ્ધિ અને શક્તિ તે આપે જ છે.

હું કદી અંધકારમાં જીવતો નથી. મને માણસો અને સમય પર શ્રદ્ધા છે.

કોઈપણ વ્યક્તિએ કોઈપણ સંજોગોમાં નિરાશ થઈ જવાની જરૂર નથી. તમારાં શરીરમાં કે દિમાગમાં અકસ્માતે કોઈ ક્ષતિ પહોંચી ગઈ હોય તો નાસીપાસ થતાં નહીં. તમે જિંદગી જીવી રહ્યા છો તો ભવિષ્યમાં તમારી પાનખર ખરી જઈને તમારાં જીવનમાં વસંત અવશ્ય ટહુકશે જ.

એક દુર્ગુણને પોતાનામાંથી નિર્મૂળ કરીએ, તેનાથી પચાસ શિક્ષકો પાસે કેળવણી લઈએ તે કરતાં વધુ ડહાપણ આપણામાં આવે છે.

દરેક જાતની મુશ્કેલીમાંથી પસાર થવા છતાં જે પોતાના મગજનું સમતોલપણું જાળવી રાખે છે એનું નામ મર્દ. સ્વર્ગસુખ કે ગોળીનો ઘા સરખા જ સ્વાદથી માણે એનું નામ જવાંમર્દ.

મૌનનું મહત્ત્વ હું દરરોજ જોઉં છું. મૌન સૌને માટે સારું છે, પણ જે કામમાં ડૂબેલો રહે છે તેને માટે મૌન સોના જેવું છે.

- ગાંધીજી

પોતાને ઓળખવા માટે માણસે પોતામાંથી બહાર નીકળી તટસ્થ બનીને પોતાને જોવો જોઈએ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

માણસ પોતાની લાગણીઓ પર કેવી રીતે કાબૂ મેળવે છે તેના આધારે તેના બળનું માપ નીકળે છે.

રાજા હોય કે ખેડૂત જેને ઘરમાં શાંતિ પ્રાપ્ત થાય છે, તે દુનિયાનો સૌથી સુખી માણસ છે.

અનિર્ણાયકતા એ ચારિત્ર્યની સૌથી મોટી નબળાઈ છે.

સાચો તંદુરસ્ત માણસ એ છે જે કુદરતી વાતાવરણમાં મરજી મુજબ હરી ફરી શકે અને પોતાના અસ્તિત્ત્વ માટે ભગવાનને ધન્યવાદ આપે.

ભગવાનમાં વિશ્વાસ એટલે દુનિયા પર વિશ્વાસ એટલે આત્મા પર વિશ્વાસ એટલે સત્ય પર વિશ્વાસ.

તમામ સાહિત્યના અભ્યાસથી અથવા આખા વિશ્વનાં વિજ્ઞાનથી જે સમાધાન મળવાનું નથી તે આત્મસંશોધનથી મળે છે.

ઓ પ્રભુ! આ જગતને સુધારજે પણ તેની શરૂઆત મારાથી કરજે.

પાંચ પ્રકારનો પૈસો ઝેર સમાન છે. (૧) પાપનો, (૨) થાપણનો, (૩) દીકરીનો, (૪) ધર્માદાનો, (૫) બીજાનાં ભાગનો

સુખી થવાનો એક જ ઉપાય છે - સુખની તમન્ના ત્યજો!

વધુ કામથી કંટાળી જતી વ્યક્તિ ક્યારેય મોટું કામ કરી શકતી નથી.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

Words Begin With A,B,C, Numbers Begin with 1,2,3
Music Begins with Sa, Re, Ga.. But Friendship Begins with YOU N ME.

નદીની રેતમાં મળતું નગર મળે ન મળે,
ભરીલો શ્વાસમાં ભીની સુગંધનો દરીયો,
પછી આ માટીની ભીની અસર મળે ન મળે.

**- આદિલ મન્સુરી**

શું વૃદ્ધાવસ્થા એટલે તાકી તાકીને મરણને જોયા કરવાની અવસ્થા છે?

**- ન્યુરોગ્રાફ મૃગેશ વૈષ્ણવ**

What is your GOAL - તમે શું કામ કરો છો તે મહત્ત્વની વાત નથી. અસલ વાત તમે શું કરવા માંગો છો તે છે.

આધિ (દુ:ખ) નસીબથી આવે, વ્યાધિ (રોગ) નસીબથી આવે, ઉપાધિ (ટેન્શન) પોતે ઊભી કરેલી તકલીફોથી આવે છે.

અનિવાર્ય નિરાશાનો આપણે જરૂર સ્વીકાર કરીએ પણ સાથે અનંત આશાનો લોપ કદી ના થવા દઈએ.

ઈજ્જત બનાવવા માટે આખી જિંદગી જાય છે પણ એને બગાડવા માટે એક ભૂલ પૂરતી છે.

સજ્જનો બીજા તરફથી પ્રાપ્ત થતાં દુ:ખો ભોગવીને રાજી થાય છે જ્યારે દુર્જનો બીજાને ભયંકર દુ:ખો આપીને રાજી થાય છે.

**- વિષ્ણુ પુરાણ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

આપનું 'આતિથ્ય' એ જ અમારૂં સદ્ભાગ્ય હોય છે.

પ્રાપ્તને ભોગવો અપ્રાપ્તની ચિંતા કરશો નહીં.

દલીલ જીતીને માણસ હારવા છતાં ક્યારેક દલીલ હારીને માણસ જીતવો વધારે જરૂરી હોય છે.

મુકામે પહોંચવાની ઉત્સુકતાને કારણે રસ્તો અડચણવાળો લાગે છે પણ એ ભુલવું ન જોઈએ કે મુકામે પહોંચાડનારૂં એ જ સાધન છે.

પાપ શું છે? - જે કરતાં દિલમાં ખટકે તે.

પરીક્ષાની જિંદગી પૂરી થયા બાદ જિંદગીની પરીક્ષા શરૂ થાય છે.

મૈત્રી હંમેશા સરખા સ્વભાવ અને સરખાં સુખ-દુઃખવાળાઓની સાથે જ થાય છે.

**- પંચતંત્ર**

ફક્ત કશું ન કરનાર માણસને જ આળસુ કહેવાય એવું નથી પણ જેને સારું કે અગત્યનું કામ કરવાનું હોવા છતાં તેને છોડી બીજા કામમાં રચ્યો-પચ્યો રહે તે પણ આળસુ કહેવાય.

**- સોક્રેટીસ**

સુખ અને આનંદ એ બે એવી જાતના અત્તર છે જે બીજાઓ ઉપર જેટલાં વધારે છાંટો એટલી વધારે સુગંધ તમને પોતાને સાંપડે છે.

**- રાલ્ફ વાલ્ડો એમર્સન**





Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે માણસ કોઈનોય બોજો હલકો કરે છે તે નકામો નથી.

વાતો કરવી એના કરતાં મૌન રહેવું એ પણ એક બળ કેળવવા જેવું છે.

સાપ અને માણસમાં શો ફેર? સાપ પેટે ચાલે છે, માણસ પગ પર ટટ્ટાર રહીને ચાલે છે. પણ આ દેખાય છે જે માણસ મનથી પેટે ચાલે છે તેનું શું?

નબળાં વિચારો જ માણસને નબળો બનાવે છે. વિચારોની દ્રઢતા એ જ પુરૂષત્વ અને પુરૂષત્વવાળો માણસ ધારે તે કરી શકે છે.

આપણે જેને સાચું ને શુભ માનીએ તે જ કરવામાં આપણું સુખ છે, આપણી શાંતિ છે, નહિ કે બીજા કહે કે કરે તે કરવામાં.

જે અંતરમાં ખરેખર સ્વચ્છ છે તે બહાર અસ્વચ્છ હોઈ જ ન શકે.

વધુ સુવિધાઓ એટલે સુખ એ માન્યતા ભ્રામક છે. સુખ ઊંડાણથી અનુભવવાની, સરળતાથી માણવાની, મુક્તપણે વિચારવાની અને ઉપયોગી થવાની ક્ષમતામાંથી જન્મે છે.

આપણી અંદર જ એવો આનંદ હોઈ શકે છે જે કોઈ આદતોથી ભાંગી પડતો નથી, એવી એક સભરતા હોઈ શકે છે જેને બહારની સમૃદ્ધિ સાથે કોઈ સંબંધ નથી.

માણસ મુશ્કેલીમાં આવી પડે ત્યારે તેને સૌથી વિશેષ જરૂર હોય છે કોઈની સહૃદયતાની.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ખરી વસ્તુ પાછળ વખત આપવાનું આપણને ખૂંચે છે. નકામી વસ્તુ પાછળ ખુવાર થઈએ છીએ ને ખુશ થઈએ છીએ.

માણસનું ખૂન કરવું એના કરતાં એના વિશ્વાસનું ખૂન કરવું એ વધુ ભયંકર છે.

વાત જાણવી અને સમજવી એ બે વચ્ચે આભ-જમીનનો ફરક છે.

વિશ્વની મહાન કરુણ ઘટનાઓ સત્ય અને અસત્યના સંઘર્ષથી નહીં પણ બે સત્ય સામસામે આવી જાય ત્યારે ઉદ્‌ભવે છે.

તમે કેટલી મહેનત કરો છો તેની વાત કહેશો નહિ, તમે કેટલું કામ પૂરૂં કર્યું એ કહો.

જ્યારે બધા એકસરખું વિચારતા હોય તો ત્યારે માનવું કે કોઈ ઝાઝું વિચારતું નથી.

જે લોકો સમયનો અતિશય દુરુપયોગ કરે છે તેઓ જ સમયની તંગીની ફરિયાદ કર્યા કરતા હોય છે.

જો આપણાં અનુભવોને આપણી ચુકવેલી કીંમતે વેચી શકીએ તો આપણે બધા જ લાખોપતિ થઈ જઈએ.

આપણું બીજાને આપી દેવું, તેમાં જ હૃદયની સંપત્તિ રહેલી છે, સંગ્રહ કરવામાં નહિં.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

વિચારો કોઈની સંપત્તિ નથી. વિચારોને જે ઉત્તમપણે અભિવ્યક્ત કરે તેના જ તે કહેવાતા હોય છે.

તમે જૂઠું બોલો છો એનો મને અફસોસ નથી પણ અફસોસ એ છે કે હવે પછી તમારી વાત સાચી નહિ માની શકું.

ઝરણું જો ખડકોને ખોળે અથડાતું ન હોત તો એનું કોઈ ગીત ન હોત.

જગતમાં જ્ઞાન અને ડહાપણનાં કોઈ વસિયતનામાં થતાં નથી.

વાંચનાર ને વિચારનાર કરતાં આચરનાર ઉત્તમ છે.

અનુભવની ઊંચી ટેકરીએ ઊભનારને દૂરદૂરનું દેખાય છે, માટે સંસારના ટાઢા-ઊના વાયરા ખાનાર અનુભવીઓની અવગણના કદી ના કરશો.

સત્કાર્યો કરીએ પણ કર્તાપણાથી અળગા રહીએ. ખાંડાની ધાર ઉપર ચાલવા જેવો આ માર્ગ છે. એમાં જરા જેટલી પણ ગફલત પતન કરાવશે.

કેટલાક કહે છે ઘણું પણ કરતા નથી કંઈ. કેટલાક જેટલું કહે છે એટલું કરી બતાવે છે ને કેટલાક કશું કહ્યા વિના માત્ર કર્યા જ કરે છે. આપણે કેવા છીએ?

જ્યારે બે જણ તકરાર કરે છે ત્યારે હંમેશાં બેઉ ખોટા હોય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

પોતાને સર્વશ્રેષ્ઠ સ્થાપિત કરવાનો અહંકાર જ માણસને શ્રેષ્ઠ થતો રોકે છે.

આણે સારું કર્યું કે ખરાબ કર્યું તેમ ચુકાદો તો આપી શકાય પણ માણસ થઈને માણસ વિશે ચુકાદો તોળવાનું શું હંમેશાં યોગ્ય હોય છે?

વ્યક્તિ જ્યારે પોતાને પૂર્ણ રીતે સમજે છે ત્યારે સંઘર્ષનો અંત આવે છે.

તમારે ખરેખર સમૃદ્ધ રીતે જીવવું હોય તો એવા દિવસની પ્રાર્થના કરો કે જેમાં મન ભૂત અને ભાવિથી મુક્ત હોય.

પ્રાચીન કાળમાં ઉત્તર ધ્રુવ લોકોનું કુળચિહ્ન ત્રિકમ હતું અને તેમનો કુળમંત્ર હતો. 'હું મારો રસ્તો શોધી લઈશ અને રસ્તો નહિ હોય ત્યાં કરીશ'.

કઠિનતાની કલ્પના કરીને કોઈ કામ છોડી ન દેશો. કામની કઠિનતા તમારો ઉત્સાહ વધારનારી બનવી જોઈએ.

આફત સામે અટ્ટહાસ્ય કરી અડગ ઊભો રહે, એ જ સાચો યુવાન.

યુવાનનો હાથ જોશ બતાવવામાં નહિ, પુરૂષાર્થમાં લાગેલો રહે.

અઘરૂં કામ જ યુવાનને ગમે.

આવડતના સ્વાભિનવાળા કરતાં પોતાની અણઆવડતના ભાનવાળો ખંતપૂર્વક મહેનત કરી મેદાન મારી જાય છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

અંતરની શાંતિને બીજાને મદદરૂપ થઈ શક્યાનો સંતોષ જ સેવાનો સર્વોચ્ચ પુરસ્કાર છે.

નાણાં અભાવે માનવી જેટલો મુશ્કેલીમાં મુકાય છે એથી વધુ કરકસરને અભાવે મુકાય છે.

જે અન્યાય કરે પણ નહિ ને અન્યાય સહે પણ નહિ, જે ખોટું કરે પણ નહિ ને ખોટું ચલાવી લે પણ નહિ એ જ સાચો યુવાન.

સામટું આવે ને ભલે જગતનું અંધારું તોયે હૈયાની હિંમત ના હારું આખર સંતાન સૂર્ય તણું છું કોડિયું નાનું ભલે ને હું...

વિચારોને સારી રીતે સમજી લેવાનું ને સમજાયેલા વિચારોને આચરણમાં ઉતારી દેવાનું નક્કી કરી લેજો.

કરવાનું તે કરવાનું એમાં પણ બળ નહિ,
કરવાનું બસ કરવાનું તે કરવાનું.

આળસુ જીવને ઉદ્યમી બનાવવા સરકારનો કોઈ કાયદો કામ આવતો નથી. ઈચ્છા થાય તો જાતે જ પ્રયત્ન કરવો રહ્યો.

આ કામ મારે લાયક નથી, મને કોઈ સારું કામ આપવું કે મળવું જોઈએ વગેરે બહાનાં કાઢનાર કાયર અને નામર્દ છે.

માણસના જીવનમાં ત્રણ વસ્તુ મહત્ત્વની છે : નિરામય-આરોગ્ય-સુયોગ્ય જીવનસાથી અને આર્થિક ક્ષેત્રે સ્વતંત્રતા.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જગતમાં જેટલું બોલાય છે એથી અડધું કામ થતું હોય તો સંસારની સિકલ જ બદલાઈ જાય.

જેટલું આચરણમાં ઊતર્યું એટલું જ ખપનું.

યુવાન - તું લક્ષ્યને વશ ના થઈશ, ને ધાકધમકીથી ડરી ના જઈશે. સત્યને પંથે સ્થિરતાપૂર્વક ચાલ્યો જજે.

જીવનમાં પળે પળે આત્મારામની સલાહ જ લેજો. મનીરામની સલાહ ના લેશો. મનીરામ તો દગાખોર છે.

ઈસ દેશકો દુશ્મનોં સે નહિ, ગદ્દારો સે ખતરા હૈ.
ખજાને કો ચોરો સે નહિ, પહેરેદારોં સે ખતરા હૈ.

સુખી થવું છે? - તો હું સુખી બનું એવા હલકા વિચારમાંથી બહાર નીકળો, અને સુખી થઈએ. એ કોચલાને ફોડી નાંખો ને સૌ સુખી બનો એ ભાવનાને હૈયે રાખો.

દુનિયા આખીને છેતરી શકાશે પણ જાતને છેતરી નહિ શકાય.

બીજાને છેતરતાં પહેલા જાતને છેતરવી પડે.

પાપ એટલે સદાચારનાં સંગ્રામમાં હાથે કરીને સ્વીકારેલી હાર.

સુદૃઢ શરીર, સંવેદનશીલ હૃદય, સ્વસ્થ મન ને ઉદાત્ત અંતરાત્મા આ છે યૌવનનો આદર્શ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જેઓ માણસ મટીને ઈશ્વર થવાનો અભરખો રાખે છે તેઓ ક્યારેક એમની પૂજા કરનારાઓ કરતાંય નીચી કક્ષાના બની રહે છે.

હું અમુક કામ ચોક્કસ કરીશ એવો મનમાં વિચાર લાવવાથી જ તે કામ કરવાની શક્તિ આપણામાં પ્રગટે છે.

દરેક યુવાન માણસના દિલમાં ઠસવું જ જોઈએ કે બીજાની મદદ અને પારકા આશ્રયથી કંઈ લાભ થવાનો નથી.

માણસની પરીક્ષા માટે વેપાર-ધંધામાં જેવી થાય છે, તેની ચાલ વેપારની કસોટી ઉપર જેવી રીતે કસાય છે તેવી અન્ય કોઈ કાર્યમાં કસાતી નથી.

કાંઈ અસંભંવ નથી વિશ્વમાં જો નિશ્ચય કરવામાં આવે, સંકલ્પોના નવા જોમથી મક્કમ ડગ ભરવામાં આવે, શું મજાલ છે તોફાનોની? તેની દિશા બદલાઈ શકે છે.

યુવાનો - જેવા જગતમાં જીવવું ગમતું હોય એવા જગતના નિર્માણ પાછળ સમર્પિત બની જજો.

જેણે પોતાની જાતને નથી સુધારી એ સમાજને શું સુધારશે?

નાનામાં નાના કામમાં ઝીણવટ - ચીવટ અને કળા ખિલવી હશે તો જીવનમાં ઉપયોગી થશે.

સંપત્તિથી કદાચ થોડું સુખ મળશે, સંસ્કારથી ખૂબ શાંતિ મળે છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જમવા બેસો ત્યારે વિચારજો - આ રોટલી કોણે બનાવી, આ લોટ કોણે દળી આપ્યો, એની ગુણ કયા મજૂરી ઉપાડી, એનો દાણો કયા ખેડૂતે ઉગાડ્યો... આ બધાના સુખ માટે મેં શું કર્યું?

યુવાની સ્વેચ્છાચારથી નહિ, સ્વચ્છ આચારથી - સદાચારથી દીપે.

પોતાને ભાગે આવેલું કામ એકાગ્રપણે કરે નીચું જોઈને કરે એ સર્વત્ર પૂજ્ય.

ઓછામાં ઓછું કામ કરી વધુમાં વધુ વળતર મેળવવાની વૃત્તિ સમાજને પતનના માર્ગે લઈ જશે. જરૂરત પૂરતું જ લઈ વધુમાં વધુ મહેનત કરવાની વૃત્તિ જ સમાજને આગળ વધારશે.

જીવનમાં ધન નહિ, ધર્મ મુખ્ય છે.

મૂર્ખ લોકોની વાત પર ધ્યાન ન આપશો. એમની નિંદા કે પ્રશંસા બેય નકામા છે.

બાળકોને ધનનો વારસો આપી ન શકો તો કાંઈ નહિ, સારા સંસ્કારોનો વારસો આપતા જવાનું લક્ષ્ય અવશ્ય રાખજો.

કરવા જેવું ને ન કરવા જેવું એના વિવેકને જીવનમાં સ્થાન આપે એ સાચો ધાર્મિક.

આપણી ઈચ્છા વિરૂદ્ધ આપણી પાસે કોઈ ખોટું કામ કરાવી જાય એ તો કેમ ચાલે?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધ્યેય વિનાનું જીવન એટલે નાવિક વિનાનું નાવડું.

મન તો તન છૂટ્યા પછી પણ સાથે આવવાનું છે માટે એની માવજત કાળજીથી કરજો.

એક સારો વિચાર જીવનમાં ક્રાંતિ લાવી શકે છે. સારા પુસ્તકોનું વાંચન જીવનનું ઘડતર કરી શકે છે.

સદ્‌વિચાર અને સત્કર્મને વળગી રહેનાર પણ ગમે એટલાં સંકટ આવે તોય એના મનની શાંતિ જળવાઈ રહે છે.

ઈતિહાસ વાંચીએ તો છીએ, ઘડીશું ક્યારે?

ખૂબ વાંચ્યું ને ખૂબ વિચાર્યું હવે થોડુંક તો આચરીએ.

ગુમાવેલી સંપત્તિ કદાચ પાછી મળી શકે પણ સમય તો પાછો ન જ મળે.

આત્મનિંદા ને આત્મશ્લાઘા, બે ય અધમ અને અનિચ્છનીય.

પ્રત્યેક પળે તપાસતા રહો... જીવનની ગાડી વિકાસ તરફ જાય છે કે વિનાશ ભણી?

આંતરિક જીવનનું સૌંદર્ય બ્રાહ્યજીવનની દોડાદોડમાં ખોવાઈ ન જાય એટલું સાચવીએ.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જીવન એટલે માણસનો પોતાની સામેનો ને આસપાસની પરિસ્થિતિ સામેનો અવિરત સંગ્રામ.

પદ, પૈસો - પ્રતિષ્ઠા કે વિષયવાસના દ્વારા કદી કોઈને ય શાંતિ કે તૃપ્તિ મળી શકતી નથી.

સાકર અંધારામાં ખાઈએ તોય મોઢું મીઠું થાય, સત્કર્મ અજાણતાં કરીએ તોય મીઠાં ફળ મળે.

આજે જરૂર છે, સંઘશક્તિની - યુવાશક્તિ સંગઠિત બને તો અંધકારને અબઘડી ઉજાસમાં પલટાવી દે છે.

દૃઢ સંકલ્પ કરો, સ્થિર પગલાં ભરો, માંગશો તે દોડતું આવશે.

યુવાન - તારા જીવન પ્રત્યે જ આટલી બધી બેદરકારી? સુવર્ણકાળ સરી જઈ રહ્યો છે. આજે જ સાબદો થઈ જા.

રજાના દિવસનો ઉપયોગ કોઈ અસહાયની આંખનાં આંસું લૂછવામાં, કોઈ સ્વજન-વિહોણાના સ્વજન થવામાં, કોઈ હતાશને હૈયાધરપત દેવામાં કરજો.

શ્રદ્ધા પ્રાર્થના પ્રેરે છે. પ્રાર્થના હૃદય વિશુદ્ધ કરે છે. પવિત્ર હૃદયમાં પરમતત્ત્વનો અજવાસ પ્રસરે છે અને એમ જિંદગી પ્રસન્નતાથી છલકી ઉઠે છે. - **અનુશ્રુતિ**

દુઃખનું ઓસડ દહાડા નહિ, પણ ડહાપણ છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ધર્મજ્ઞાનની પ્રાપ્તિ બહારની દુનિયાને જાણવાથી થતી નથી પણ અંદરની દુનિયાને જાણવાથી થાય છે. **- સ્વામી વિવેકાનંદ**

શ્રેષ્ઠ માટે જ, પૂર્ણ માટે જ મથો. ક્યારેય પણ સેકન્ડ બેસ્ટ થી સંતોષ ન પામો. **- જે. આર. ડી. તાતા**

કોઈની ટીકા કરવી નકામી છે, કારણ કે કોઈને દોષ દેવાથી તે માણસ પોતાનો બચાવ કરવા તૈયાર થાય છે ને પોતે યોગ્ય જ કર્યું છે એમ પુરવાર કરવાની કોશિશ કરે છે.

પ્રેમ વધે એમ કંટાળો ઘટે. જ્ઞાની બહુ જલદી કંટાળે છે. યોગી પણ કંટાળે છે. ભક્ત પ્રમાણમાં ઓછો કંટાળે છે કારણ કે એ પ્રેમાળ છે.

માણસ જ્યારે પોતાની જાત સાથે લડવા માંડે છે ત્યારે તેની કંઈક કીંમત અંકાય છે.

કોઈપણ બેવકૂફ માણસ ટીકા કરી શકે છે પણ બીજાઓને સમજીને માફી બક્ષવા ચારિત્ર્ય અને આત્મસંયમની જરૂર પડે છે.

જીવનમાં સુખનો સૂર્યોદય લાવવો હોય તો બીજાના જીવનમાં સુખની સરવાણીઓ વહેતી કરો. ને રોજેરોજ એક નિઃસ્વાર્થપણે, નિરહંકારભાવે કોક ભલાઈનું કૃત્ય જરૂર કરો.

જગ આખું બગડ્યું છે, આભ આખું ફાટ્યું છે, એમાં થીગડું ક્યાં દેવું? એમ ફરિયાદ કર્યા કરવાથી પ્રશ્નો નહિ ઉકલે. તમારાથી જ શરૂઆત કરો, એક ખરાબ માણસ તો ઓછો થશે ને?



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

ભયંકરમાં ભયંકર આઘાત જીરવવાનો એકમાત્ર ઉપાય છે, કામે લાગી જાઓ.

ટીકા એક ભયંકર ચિનગારી છે, જે મગરૂરીના દારૂગોળામાં પડતાં જ ભયંકર ધડાકો થાય છે.

ખુદા પણ માણસની અજલ આવે નહીં ત્યાં સુધી તેના ઈન્સાફ કરવા માંગતો નથી. મારે ને તમારે શા માટે બીજાઓના કાજી થવું જોઈએ?

બીજાઓને સુધારવા કરતાં પોતાની જાતને સુધારવામાં વધારે લાભ અને ઓછું જોખમ રહેલું છે.

કામમાં રોકાયેલ માણસ પાસે જઈને માત્ર કામ અંગેની જ વાત કરજો.

એકલી શ્રદ્ધા વડે બહુ ઓછું સિદ્ધ કરી શકાય છે, પણ સમુળગી શ્રદ્ધા વિના તો કશું જ સિદ્ધ થતું નથી.

ઈશ્વર મનુષ્યને લાકડીથી નથી મારતો, મારવો હોય ત્યારે એની બુદ્ધિ હરી લે છે.

ક્ષમા એ માત્ર મનુષ્યનો જ ગુણ વિશેષ છે, એ ક્યારેય પશુઓમાં જોવા નહિં મળે. **- જયશંકર પ્રસાદ**

હાસ્ય એ ત્વરિત ઉપલબ્ધ થતું વેકેશન છે. જરા બારીકાઈથી જુઓ, આદમી કેટલો હળવો ફૂલ બની જાય છે. **- અનુશ્રુતિ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

બહુ બહુ દૂર જોઈ શકાતું નથી, બહુ બહુ ઊંચે કૂદી શકાતું નથી, બહુ બહુ લાંબું ચાલી શકાતું નથી, બહુ બહુ ઊંડે ડૂબીને તરી શકાતું નથી, છતાં કેટલાકની મહત્ત્વાકાંક્ષાઓ એટલી હદે વ્યર્થ હોય છે હે પ્રભુ, તું મને મારી ક્ષમતાથી વધારે મોટા સપના દેખાડતો નહીં.

**- અનુશ્રુતિ**

પ્રકૃતિને પોતાના રહસ્યો છુપાવવામાં કોઈ રસ નથી, પરંતુ એ ખોટા માણસોના હાથે જઈને ચડે એની એને ચિંતા છે.

**- ખલિલ જિબ્રાન**

હે ઈશ્વર, તારી આ ક્રૂર અને ઘાતકી દુનિયામાં જ જો મારે જીવવાનું હતું તો આટલું કોમળ હૃદય તે મને જ શા માટે આપ્યું?

**- અનુશ્રુતિ**

જીવનમાં ચોતરફ સંકળાયેલા ઉલ્કાપાતનો કાર્યરત રહી સામનો કરો. સમસ્યાઓથી દૂર ભાગી આત્મવંચના કરવા કરતાં તેનો સામનો કરવામાં એક ઉમદા સંતૃપ્તિ અનુભવાશે.

**- ભગવદ્ ગીતા**

જીવન વહેતાં ઝરણાં જેવું છે, એ ઉછળે છે, પડે છે, ઢળે, છે, ખડકોમાં પછડાય છે, છતાં મંદમંદ મીઠા ગીતો ગાતું રહે છે.

**- ખલિલ જિબ્રાન**

લક્ષ્મી માત્ર વિષ્ણુને જ આધીન નથી. સખત પરિશ્રમ, વિવેકી, ધર્મપાલક, નીતિવાન અને સમયપાલકને પણ આધીન છે.

**- અનુશ્રુતિ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જે માણસ પોતાની જાતને કાબૂમાં રાખી શકતો નથી તે ક્યારેય પરિસ્થિતિ પર કાબૂ રાખી શકતો નથી. - **નેપોલિયન હિલ**

કલા મનુષ્યને પરમતત્ત્વ તરફ લઈ જતી હૃદયકેડી છે, જેઓ કલાની આંગળીએ સૃષ્ટિનો સાક્ષાત્કાર કરે છે તેમને માટે જીવન રમણીય અને સરળ બની જાય છે. - **ખલિલ જિબ્રાન**

જીવન વહેતી નદી જેવું છે. એને જોવામાં જ નહીં, એમાં ડૂબકી મારવામાં અને એને ઓળંગીને સામે પાર જવામાં ધન્યતા છે. - **અનુશ્રુતિ**

પ્રેમનો અર્થ આપવું, વેરનો અર્થ આંચકી લેવું. કશું જ પ્રાપ્ત કર્યા વિના બધુંજ અર્પી દેવાની તૈયારી હોય એ જ જાણે છે પ્રેમનો પ્રથમ અર્થ. - **અનુશ્રુતિ**

સત્ય આચરણ વિના ક્યારેય કલ્યાણ શક્ય બનતું નથી. સત્ય એ જ કલ્યાણનો માર્ગ છે અને સત્ય દ્વારા જ પરમ સૌંદર્ય નિષ્પન્ન થાય છે. - **અનુશ્રુતિ**

પ્રકૃતિની ગોદમાં કેટલી નિરાંત અને કેટલો આનંદ અનુભવાય છે. સ્વર્ગની કલ્પનાઓમાં રાચવા કરતાં કોઈ લીલાછમ ઉપવનમાંથી પસાર થવું વધારે સારૂં છે. - **અનુશ્રુતિ**

જગતમાં કશુંય અસુંદર નથી અને હોય તો એને પ્રેમથી સુંદર બનાવી શકાય.

માંગીને સંકોચમાં પડવું અને સામાને સંકોચમાં નાંખવા એના કરતાં એવી ચીજવસ્તુઓ વગર ચલાવી તો લો.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

મૌન એ તમામ પરિસ્થિતિઓ સામેનું સૌથી પ્રાચીન અમોઘ શસ્ત્ર છે. આ પૃથ્વી પર બોલી બોલીને જે સમસ્યાઓ સર્જાયેલી છે તેનો ઉકેલ મૌનમાં છે. મૌનનો મહિમા સમજાય તો અડધું જગત શાંત થઈ જાય. **- ખલિલ જિબ્રાન**

સાદગીએ જીવનની એક એવી વિદ્યા છે જે મનુષ્યને હંમેશા સ્પષ્ટતા, નિખાલસતા અને નિર્મળતા આપે છે. આડંબર, અભિમાન અને દુર્બુદ્ધિથી દૂર રાખે છે. **- અનુશ્રુતિ**

ટીકા કરવી ભયંકર છે કારણ કે તેનાથી માણસની કીંમતી મગરૂરી જખમાય છે, તેની લાગણી દુઃખાય છે અને તેનામાં ગુસ્સાની લાગણી પેદા થાય છે.

જો તમે બીજાને ગુસ્સે કરી જિંદગી સુધી દુશ્મનાવટ વહોરી લેવા માંગતા હોય તો જ કડવા કટાક્ષ કરજો.

આંખ વિનાનો નહિ, પોતાના દોષ નહિ જોઈ શકનારો અંધ છે.

મિતાહાર અને કસરત બંનેનો અભાવ હોય તો ત્યાં દવાઓને જ મોકળું મેદાન મળે.

તમારામાં જે નથી તેની જે પ્રશંસા કરે છે તે તમારી પાસે જે છે તે છીનવી લેવા માંગે છે.

વિચાર વગરનો અભ્યાસ મિથ્યા છે, અભ્યાસ વગરના વિચારો જોખમકારક છે.



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

જ્યાં શબ્દોનો અંત આવે છે ત્યાં સ્વરનો પ્રારંભ થાય છે. જે વાત શબ્દમાં અધૂરી રહે છે તે સંગીતમાં પૂર્ણ થાય છે. હૃદયની ભાષા માત્ર સંગીત જ જાણે છે, કલાનો આ એક જ પ્રકાર પૃથ્વી અને સ્વર્ગ બંનેના સૌંદર્યનું ગાન કરે છે. **- અનુશ્રુતિ**

જીવનમાં દરેકે દરેક ક્ષેત્રોમાં કે જીવનના પ્રશ્નોને સહેલાઈથી અને સાચી રીતે હલ કરવા કોઈપણ વિદ્યાર્થી માટે શિક્ષણ જ એટલું મહત્ત્વનું સાધન છે કે વિદ્યાર્થીની દરેકે દરેક ક્ષમતાને તીવ્ર બનાવે.

**- મહાત્મા ગાંધીજી**

સાચું બોલવાના હજાર ફાયદાઓ છે, પણ એમાં સૌથી મોટો ફાયદો એ છે કે આપણે ક્યારે કોને શું કહ્યું એ યાદ રાખવાની જરૂર નથી.

**- અનુશ્રુતિ**

જેમ ચોતરફનું બધું જ જળ વર્ષાકાળે સમેટાઈને આપોઆપ તળાવમાં આવી જાય છે, તે જ રીતે સજ્જન થવાનો નિર્ણય કરનાર પાસે આપોઆપ સદ્‌ગુણો વહેતા આવે છે.

**- રામચરિત માનસ**

ધીરજ એક એવો ગુણ છે જે પોતની સાથે અન્ય અનેક ગુણોને ખેંચી લાવે છે. ઉતાવળ એક એવો અવગુણ છે જે પોતની સાથે અનેક ગુણોને ખેંચી જાય છે. **- અનુશ્રુતિ**

જીવનને બહુ જટિલ રીતે સમજવાની જરૂર નથી, એને બાળકની મુગ્ધતાથી કે ફૂલોના હાસ્યથી કે ખુલ્લા આકાશની નિખાલસતાથી માણી લેવાની જરૂર છે. **- અનુશ્રુતિ**



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# ઉમંગ પતંગ રૂપે

મસ્ત મધૂરો ફુલગુલાબી, પચરંગી હતો અમારો પતંગ
**હરખ** સાથ **ધીરજ**પૂર્ણ અનેરી **ઈચ્છા**થી, ચગાવ્યો હતો અમે પતંગ

અવકાશ મળે આકાશે આંબવા, હોંશીલો હતો અમારો પતંગ
સપનાઓને સાકાર કરવા આશભર્યો, ને કોડીલો એ ઉમંગી પતંગ

**ઉ**ડાન ઊંચી... **મં**જીલ ઊંચી... **ગ**તિ પણ હતી તેજ પતંગ
એ તેજગતિના સફળ યાત્રિક, નામ **ઉમંગ** સ્વરૂપ પતંગ

વા... વંટોળને.... વાવાઝોડાનો, સામનો કરતો રહ્યો પતંગ
દોરી કોઈને ભરોસે સોંપતા, અથડાયો અને પછડાયો પતંગ

કોઈએ લૂંટ્યો, કોઈએ ઝૂંટ્યો, છતાં હાથથી નહિં વછૂટ્યો પતંગ
કાળજીપૂર્ણ સંભાળ લેતા, સ્હેજે નહિં ઝૂક્યો અમારો પતંગ

ખૂબ ઘૂમ્યો, ખૂબ ઝઝૂમ્યો પણ, આકાશ નહિં ચૂમ્યો પતંગ
આત્મીયજનોને ખુશ રાખવાં, સદા મુસ્કરાતો ઉડ્યો પતંગ

આશ બંધાણી અરમાન જાગ્યા, ફરી મંજીલે પહોંચવા પતંગ
સૌના આનંદ ઝૂંટાઈ અચાનક, વછૂટાઈ ગયો અમારો પતંગ

આનંદમાં રહ્યો **'આનંદ'** થકી રહ્યો, સ્વજનોનું ઋણ ચુકવવા પતંગ
ઋણાનુંબંધના બંધનો તૂટતા, સ્વયં **'આનંદમાંથી'** વછૂટાઈ ગયો પતંગ

યાદ થકી દિલમાં સૌના, વસી રહેશે અમારો પતંગ
જ્યાં હશે ત્યાં બની મસ્ત મધૂરો ને મુસ્કરાતો રહેશે અમારો પતંગ

**- આત્મીય**

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

# અંતિમ પ્રાર્થના

હે નાથ, જોડી હાથ પ્રાયે, પ્રેમથી સૌ માંગીએ,
શરણું મળે સાચું તમારું, એ હૃદયથી યાચીએ,
જે જીવ આવ્યો આપ પાસે, ચરણમાં અપનાવજો,
પરમાત્મા એ આત્માને, પરમશાંતિ આપજો. (૨)

વળી કર્મના યોગે કરી, જે કુળમાંહે અવતરે,
ત્યાંય પણ પ્રેમે પ્રભુજી, આપની ભક્તિ કરે,
લક્ષ ચોરાશીના બંધનોને, ભઠ્ઠીમાં લઈ કાપજો,
પરમાત્મા એ આત્માને, પરમશાંતિ આપજો. (૨)

સુખ સંપત્તિ સુવિધાને, સત્કર્મોનો લઈ આશરો,
જન્મો જન્મસતસંગથી, કિરતાર પાર ઉતારજો,
આલોક કે પરલોકમાં, તમપ્રેમરગ રગ વ્યાપજો,
પરમાત્મા એ આત્માને, પરમશાંતિ આપજો. (૨)

માનવપણું આ છોડીને, તે આપ દ્વારે આવીઓ,
કર્મના ઢગ હો ભલે, પણ પુણ્યથી ઉગારજો,
અપરાધ માફ કરી સહુ, અમવિનંતી સ્વીકારજો,
પરમાત્મા એ આત્માને, પરમશાંતિ આપજો. (૨)

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org



જન્મતારીખ : ૩૧-૭-૧૯૬૭ અરિહંત શરણ : ૬-૪-૨૦૦૫

ધન્યભાગી છે એવા લોકો જે છુટા હાથથી
પ્રેમ વહેંચી શકે છે.
અને માંગ્યા વિના પણ -
કોઈની આંખોમાંથી બે-ચાર અશ્રુબિંદુ મેળવી શકે છે.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org

એમણે પરિચિતોનું વર્તુળ દોર્યું, અમે બહાર રહી ગયા.
અમે પ્રેમનું વર્તુળ દોર્યું, તેમાં સૌ સમાઈ ગયા.



જબ ઈસ દુનિયા મે,
મેં આયા તો જગ હસા ઔર મેં રોયા,
જબ ઈસ દુનિયા સે,
મેં ગયા તો જગ રોયા ઔર મેં હસા.

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org